# ઈશોપનિષદ્

શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દ

# ઈશોપનિષદ

શ્રી અરવિન્દ આશ્રમ
પોંડિચેરી

અનુવાદક
પૂજાલાલ

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ

પ્રથમ આવૃત્તિ : ૧૫૦૦
એપ્રિલ ૧૯૮૬

પ્રકાશક: કાશીબેન મ. પટેલ, ઓરોફુડ પ્રા. લિ, પોંડિચેરી – ૬૦૫ ૦૦૨
મુદ્રક : શ્રી અરવિન્દ આશ્રમ પ્રેસ, પોંડિચેરી – ૬૦૫ ૦૦૨

# અનુક્રમ


પૃષ્ઠ

મૂળ પાઠ અને અનુવાદ ૧

પૃથક્કરણ

પ્રાસ્તાવિક

ઉપનિષદની વસ્તુ યોજના ૧૦

પ્રથમ આન્દોલન

આવાસી પ્રભુ ૧૩

બીજું આન્દોલન

૧. બ્રહ્મ ૧૯

૨. આત્મસાક્ષાત્કાર ૩૦

ત્રીજું આન્દોલન

૧. ઈશ ૩૯

૨. વિદ્યા અને અવિદ્યા ૫૦

૩. સંભૂતિ અને અસંભૂતિ ૬૦

ચોથું આન્દોલન

૧. લોકો-સૂર્ય ૬૫

૨. ક્રિયા અને દિવ્ય સંકલ્પશકિત ૭૬

ઉપસંહાર અને સાર ૮૩-૯૧

# ઈશોપનિષદ

## મૂલ પાઠ અને અનુવાદ

**ईशावास्यमिदं सर्वं यत् किञ्च जगत्यां जगत्।**
**तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्य स्विद्धनम् ॥१॥**

સંસારની વિશ્વમયી ગતિમાં જે કંઈ જગત્સ્વરૂપે ચાલી રહેલું છે તે સર્વ ઈશના આવાસ માટે છે.[1] એની પ્રતિ ત્યાગવૃત્તિ રાખીને એનો ઉપભોગ કર; અન્ય કોઈની સંપત્તિ માટે લોભલાલસા રાખ નહીં.

---

[1] **वास्यम्** : આ શબ્દના ત્રણ અર્થો સંભવે છે : 'વસ્ત્રધારી બનવું તે,' 'વસ્ત્રરૂપે પહેરાવું તે,' 'નિવાસ રૂપ બનવું તે.' આમાંનો પહેલો અર્થ સામાન્ય રીતે સ્વીકારાયેલો છે. શંકર આ અર્થમાં એને સમજાવે છે કે આપણે શુદ્ધ બ્રહ્મના એકમાત્ર જ્ઞાનમાં આ પદાર્થભૂત મિથ્યા જગતનું ભાન લુપ્ત કરી દેવું જોઈએ. આમ સમજાવવા જતાં શ્લોકનું પહેલું ચરણ ઉપનિષદના આખાયે વિચારનું વિરોધી બની જાય છે, કેમ કે ઈશ્વર અને જગત, ત્યાગ અને ભોગ, કર્મ અને આંતરિક મુક્તિ, એક અને અનેક, આત્મા અને એનાં ભૂતાત્મક સ્વરૂપો, નિષ્ક્રિય દિવ્ય અપૌરુષેયતા અને સક્રિય દિવ્ય પુરુષભાવ, જ્ઞાન અને અજ્ઞાન, સંભવ અને અસંભવ, પૃથ્વી ઉપરનું જીવન અને તેની પારની વસ્તુ તથા પરમ અમૃતત્વ,—એવાં પરસ્પર મેળ ન ખાતાં ને વિરોધમાં આવેલાં જણાતાં તત્ત્વોનું એક મૂળમાં આવેલી એકતાના અવબોધમાં સમાધાન સાધવાનું ઉપદેશ વાક્ય આ ઉપનિષદ તો આપે છે. અંતર્વર્તી અને અંતર્યામી આત્મા માટે આ જગતને વસ્ત્રપરિધાન કે નિવાસસ્થાન ગણવું એવું કલ્પેલું છે. આ બીજો અર્થ ઉપનિષદના વિચારની સાથે વધારે બંધબેસતો લાગે છે.

**कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः ।**
**एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे ॥२॥**

આ જગતમાં કામ કરતા રહીને જ [1] માણસે સો વરસ જીવવાની ઇચ્છા રાખવી જોઈએ. તારે માટે આ પ્રકારનું જ વિધાન છે, એના વિનાનું બીજું કશું નહીં; માણસ કર્મથી લેપાતો નથી.[2]

**असूर्या नाम ते लोका अन्धेन तमसावृताः ।**
**तांस्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनो जनाः ॥३॥**

જેઓ પોતાના આત્મસ્વરૂપને હણનારા હોય છે, તેઓ આ લોકમાંથી પરલોકમાં જાય છે ત્યારે અંધ કરી નાખતા અંધકારથી છવાયેલા સૂર્ય વગરના [3] લોકોમાં જાય છે.

---

[1] **कुर्वन्नेव.** '**एव**' શબ્દ ઉપર મુકાયેલા ભારમાં બળ રહેલું છે,' ખરું જોતાં કર્મ કરતા રહીને જ, કર્મ કરવાનું છોડી દઈને નહીં જ.'

[2] '**एवं त्वयि**', શંકર આ પ્રમાણે પાઠાર્થ કરે છે, ' તારી બાબતમાં આવું છે, અન્ય કોઈ પ્રકારનું નહીં, કર્મ માણસને વળગતું નથી.' પ્રથમ ચરણમાં આવતા **कर्माणि** શબ્દનો અર્થ એમણે (શંકરે) વૈદિક યજ્ઞકર્મો એવો કર્યો છે. પાપકર્મોથી ને તેમનાં પરિણામોમાંથી બચવા માટે અને સ્વર્ગલોકની પ્રાપ્તિ માટે એમણે એ કર્મો કરવાની છૂટ રાખી છે, પરંતુ બીજી વાર આવતા '**कर्म**' શબ્દનો અર્થ ' પાપકર્મ ' એવો તદ્દન ઊલટો જ કરવામાં આવ્યો છે. એ કહે છે કે આ શ્લોકમાં જે કહેવામાં આવ્યું છે તે અજ્ઞાનીઓને અપાયેલી છૂટછાટના રૂપમાં છે; જ્ઞાન પ્રકાશ પામેલો જીવ કર્મોનો ત્યાગ કરીને વનમાં વિદાય લે છે. આ વિવરણમાં જે વ્યક્ત કરવામાં આવ્યું છે ને જે રૂપે વ્યક્ત કરવામાં આવ્યું છે તે બધું મારી મચડીને કર્યું હોય તેવું ને અસ્વાભાવિક લાગે છે. મેં જે અર્થ આપ્યો છે તે ઉપનિષદનો સાદો ને સીધો ભાવાર્થ છે એવું મને લાગે છે.

[3] આપણને બે પાઠ મળે છે, **असूर्या** અને **असुर्या**, આસુરિક કે અદિવ્ય. આ ઉપનિષદના વિચાર વિન્યાસમાં છેલ્લા ચાર શ્લોકોમાં જે વિચાર પ્રવર્તાવવામાં આવ્યો છે તેના પ્રસ્થાનબિન્દુને સ્થાને આ ત્રીજો શ્લોક છે. એનાં સૂચનો ત્યાં ઉપાડી લેવામાં ને સિદ્ધ કરવામાં આવ્યાં છે. એ ચાર શ્લોકોમાં સૂર્યને કરેલી પ્રાર્થના વિચારના સંદર્ભમાં પહેલાં વર્ણવેલા સૂર્યરહિત લોકોના અને એમના અંધ તમસના અનુસંધાનમાં છે, ને નવમા તથા બારમા શ્લોકમાં એમને ફરીથી યાદ કરવામાં

## ઈશોપનિષદ્

**अनेजदेकं मनसो जवीयो**
**नैनद्देवा आप्नुवन् पूर्वमर्षत्।**
**तद् धावतोऽन्यानत्येति तिष्ठत्।**
**तस्मिन्नपो मातरिश्वा दधाति ॥४॥**

**एक** એવું એ ચાલતું નથી છતાંય મનથી વધારે ઝડપવાળું છે, એ કે જે આગળનું આગળ ગતિ કરી રહેલું છે તેને દેવો પહોંચી શકતા નથી; ઊભું રહેલું હોવા છતાંય એ દોડી રહેલા બીજાઓને વટાવી પાર જાય છે; એની અંદર પ્રાણનો પ્રભુ [1] પાણીડાંની [2] પ્રતિષ્ઠા કરે છે.

---

આવ્યાં છે. બીજી ઉપનિષદોમાં પણ સૂર્ય અને એનાં રશ્મિઓ પ્રકાશના લોકો સાથે ગાઢ સંબંધ રાખતાં આલેખાયેલાં છે અને સ્વાભાવિક રીતે જ જે એમનાથી વિપરીત છે તે લોકો અંધકારભર્યા અ નેસૂર્યરહિત ક્હેવાય, નહિ કે આસુરિક લોકો.

[1] **मातरिश्वा** એટલે કે જે માતૃતત્ત્વમાં અથવા તો જે સર્વનું આધારપાત્ર છે તેમાં પોતાનું પ્રસારણ કરે છે તે: **मातरिश्वा** નો આવો અર્થ થતો હોય એવું લાગે છે; એ પછી પોતાની અંદર સર્વને ધારણ કરનાર આકાશતત્ત્વ હોય કે વેદમાં જે પૃથ્વી નામથી ઓળખાય છે ને જેને મા સ્વરૂપે સંબોધાય છે તે ભૌતિક શકિત હોય. વેદમાં એ વાયુદેવનું એક નામ છે અને પ્રાણશકિતમાં જે દિવ્ય તત્ત્વ છે તેના પર્યાયરૂપે પ્રયે ાજાય છે; આ ભૌતિક જગતમાં વ્યાપ્ત થઈ એનાં રૂપોને જીવંત બનાવે છે. અહીં એ વૈશ્વિક ગતિમાં દિવ્ય પ્રાણશકિત બની એનાં સર્વ રૂપોની ઉપર અધિષ્ઠાતા-પદે વિરાજે છે.

[2] **अपः**—શુકલ યજુર્વેદમાં એની ઉપર સ્વરભાર મુકાયેલો છે તેથી 'પાણીડાં' એવો એનો એકમાત્ર અર્થ જ થાય. જો આ સ્વરભારને લક્ષ્યમાં ન લેવામાં આવે તો આપણે એને એકવચનમાં **अपस्**=કર્મના અર્થમાં લઈ શકીએ. તો પણ શંકરે એને બહુવચનમાં લઈ 'કર્મો 'એવો અર્થ કર્યો છે. માત્ર જે મુશ્કેલી ઊભી થાય છે તે એ કે શબ્દનો વૈદિક અર્થ ભુલાઈ જઈ એ પંચ મૂલ તત્ત્વોની જે પાંચ અવસ્થાઓ છે તેમાંની ચોથી અવસ્થામાં જે 'જલ' તત્ત્વ છે તે અર્થમાં લેવાતો થઈ ગયો છે. પાઠના સંદર્ભમાં આ નિર્દેશ તદ્દન અપ્રસ્તુત બની જાય. પણ **आपः**, પાણીડાં અન્યથા સપ્ત સ્રોત અથવા તો સપ્ત પુષ્ટિદાત્રી ગાયો—એ વૈદિક પ્રતીકો છે ને તે વિશ્વનાં સપ્ત મૂળ તત્ત્વો અને તેમની પ્રવૃત્તિઓનાં સૂચક છે: આ સાતમાંનાં ત્રણ અધોભુવનનાં પાર્થિવ, પ્રાણમય અને મનોમય છે ને ચાર છે ઊર્ધ્વ ભુવનનાં—દિવ્ય સત્ય, દિવ્ય આનંદ, દિવ્ય સંકલ્પશકિત અને ચિત્ તથા

**तदेजति तन्नैजति तद्दूरे तद्वन्तिके।**
**तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः ॥५॥**

તે ચાલે છે, તે નથી ચાલતું, તે દૂરે છે, તે નજીક પણ છે; તે સર્વની અંદર રહેલું છે ને તે સર્વની બહાર પણ રહેલું છે.

**यस्तु सर्वाणि भूतानि आत्मन्येवानुपश्यति।**
**सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥६॥**

પણ ભૂતમાત્રમાં જે સર્વત્ર આત્માને જુએ છે ને આત્મામાં જે ભૂતમાત્રને જુએ છે, તે ત્યાર પછી કશાથી જુગુપ્સા પામતો નથી.

**यस्मिन् सर्वाणि भूतानि आत्मैवाभूद् विजानतः।**
**तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥७॥**

એક આત્મા પોતે જ સર્વ ભૂતોને[1] સ્વરૂપે પ્રકટ થયેલો છે, એવું જ્ઞાન જેના અંતરમાં રહેલું છે તેવા સર્વત્ર આત્માની એકતાને જ જોનારાને મોહ શો ને શોક શો?

**स पर्यगाच्छुक्रमकायमव्रण-**
**मस्नाविरं शुद्धमपापविद्धम्।**
**कविर्मनीषी परिभूः स्वयंभू-**
**र्याथातथ्यतोऽर्थान् व्यदधात्।**
**शाश्वतीभ्यः समाभ्यः ॥८॥**

---

દિવ્ય સત્. વળી આ ભાવના ઉપર પુરાણ સમયમાં સપ્ત લોકની કલ્પનાનો પાયો નંખાયો છે, ને એ પ્રત્યેક લોકમાં એ સાતે મૂળ તત્ત્વો પૃથક્ પૃથક્ પ્રવૃત્ત બની પોતાની વિવિધ સંવાદિતાઓ રચે છે. દેખીતી રીતે જ ઉપનનિષદમાં એ શબ્દનો આ જ સાચો અર્થ છે.

[1] **सर्वाणि भूतानि**, એનો અક્ષરશઃ અર્થ છે 'અસ્તિત્વમાં આવેલી બધી વસ્તુઓ' અને એ સ્વયંભૂ ને અવિનાશી અક્ષર આત્માથી વિરુદ્ધ અર્થમાં વપરાય છે. આ શબ્દસમૂહનો સામાન્ય અર્થ 'સર્વ જીવો' એવો થાય છે; પરંતુ '**भूतानि अभूत्**' ભૂતસ્વરૂપ બન્યો' એ અક્ષરશઃ અર્થ માટે સ્પષ્ટ આગ્રહ રાખવામાં આવેલો છે. કલ્પના એવી છે કે માણસ પરમોચ્ચ ચૈતન્યની અવસ્થા પ્રાપ્ત કરે, જેમાં એની અંદર છે તે એક એવો આત્મા ભૂતમાત્રને પોતાના આલિંગનમાં લઈ લે એટલો વિસ્તૃત બને જે સનાતન ક્રિયા દ્વારા એકસ્વરૂપ એ વિશ્વવ્યાપી સંસારમાં જે અનંત બહુરૂપતા છે તેમાં પોતે જ આવિર્ભાવ પામેલો છે એવો અનુભવ કરે.

એ આત્મા જ્યાં સર્વત્ર બધી બાજુ ફરી વળેલો છે, તે છે શુભ્ર, અશરીરી, અપૂર્ણતાના વ્રણ વિનાનું, સ્નાયુ-રહિત્, ને પાપથી વીંધાયા વગરનું. એ આત્મા છે દ્રષ્ટા કવિ, મનીષી,[1] સર્વત્ર અસ્તિ-સ્વરૂપ, સ્વયંભૂ; તેણે જ સર્વ વસ્તુઓને તેમના પોતપોતાના સ્વભાવના સત્ય અનુસાર સનાતન કાળથી વ્યવસ્થિત રૂપ આપ્યું છે.

**अन्धं तमः प्रविशन्ति येऽविद्यामुपासते ।**
**ततो भूय इव ते तमो य उ विद्यायां रताः ॥९॥**

જેઓ અવિદ્યાનો માર્ગ અનુસરે છે, તેઓ અંધ અંધકારમાં પ્રવેશે છે, ને જેઓ એકલી વિદ્યાની ઉપાસના કરે છે તેઓ તો જાણે એથીયે વધારે અંધકારમાં પ્રવેશે છે.

**अन्यदेवाहुर्विद्ययाऽन्यदाहुरविद्यया ।**
**इति शुश्रुम धीराणां ये नस्तद् विचचक्षिरे ॥१०॥**

વિદ્યા દ્વારા જે પ્રાપ્ત થાય છે તે ખરેખર અલગ પ્રકારનું છે[2] ને તેવી જ રીતે અવિદ્યા દ્વારા જે પ્રાપ્ત થાય છે તે પણ એક અલગ પ્રકારનું છે. જેમણે અમારી બુદ્ધિ આગળ **तत्** (બ્રહ્મ)નું વિવરણ કર્યું છે તે ધીર જ્ઞાનીઓ પાસેથી અમને આ જ્ઞાન મળ્યું છે.

---

[1] **कविर्मनीषी**—વેદના વિચાર અનુસાર દ્રષ્ટા કવિ અને વિચારક **मनीषी**ની વચ્ચે સ્પષ્ટ ભેદ છે. પ્રથમનો અર્થ થાય છે બુદ્ધિ પારનું દિવ્ય **ज्ञान**, જે અપરોક્ષ દર્શન અને પ્રકાશન વડે સત્ય વસ્તુને જુએ છે, વસ્તુઓમાં રહેલાં તત્ત્વોનાં, એમનાં રૂપોનાં અને એમની વચ્ચે રહેલા સાચા સંબંધોનાં દર્શન કરે છે; દ્વિતીય છે પરિશ્રમ સેવતું માનસ કે જે ભેદભાવી ચેતનામાં રહી, વસ્તુઓ વાસ્તવિક રૂપે નીચે પ્રકટ થાય ને ઊર્ધ્વમાં સ્વયંભૂ બ્રહ્મમાં પોતાના મૂળના સત્ય સ્વરૂપને પ્રાપ્ત થાય, તે માટેની સઘળી સંભવિતતાઓમાં રહીને કાર્ય કરે છે.

[2] **अन्यदेव**—અહીં **एव** '**अन्यद्**' ની ઉપર ભાર મૂકે છે. 'આની પહેલાંના શ્લોકમાં જે પરિણામનું વર્ણન કરવામાં આવ્યું છે તેનાથી તદ્દન જુદા પરિણામે જ્ઞાન લઈ જાય છે અને અજ્ઞાન પણ એ જ રીતે તદ્દન જુદા પરિણામે પહોંચાડે છે.' આની પછીના શ્લોકમાં આપણને '**अन्यद्**'ની સમજૂતી મળે છે. 'જ્ઞાનનું એક પરિણામ છે ને અજ્ઞાનનું બીજું પરિણામ છે,' એવો અર્થ સાધારણ પ્રકારનો છે ને વધારે પડતા આડંબર સાથે ઉચ્ચારાયેલો છે; એનાથી ઉપનિષદના વિચારમાં કશું ઉમેરાતું નથી, અને વિચારોની જે અન્વય પરંપરા ચાલી રહી છે તેમાં એનું એકે સ્થાન નથી.

**विद्याञ्चाविद्याञ्च यस्तद्वेदोभयं सह ।**
**अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ॥११॥**

વિદ્યા તથા અવિદ્યા રૂપે એકીસાથે **તત્** (બ્રહ્મ) પોતે જ છે, એવું જે જાણે છે તે અવિદ્યા દ્વારા મૃત્યુને પાર કરી જાય છે ને વિદ્યા દ્વારા અમૃતનો આનંદ ભોગવે છે.

**अन्धं तमः प्रविशन्ति येऽसम्भूतिमुपासते ।**
**ततो भूय इव ते तमो य उ सम्भूत्यां रताः ॥१२॥**

જેઓ અસંભૂતિની એટલે કે જન્મરહિત અવસ્થાની ઉપાસના કરે છે તેઓ અંધ બનાવી દેતા અંધકારમાં પ્રવેશે છે અને જેઓ એકલી સંભૂતિની એટલે કે જન્મમાં પરિણામ પામતી ઉત્પત્તિની અંદર જ રસ લેતા હોય છે તેઓ તો જાણે એથીયે વધારે અંધકારમાં પ્રવેશ કરે છે.

**अन्यदेवाहुः सम्भवादन्यदाहुरसम्भवात् ।**
**इति शुश्रुम धीराणां ये नस्तद् विचचक्षिरे ॥१३॥**

સંભવ એટલે કે જન્મરૂપ ઉત્પત્તિ દ્વારા જે પરિણામ આવે છે તે ખરેખર જુદા જ પ્રકારનું છે, ને અસંભૂતિ દ્વારા જે પરિણામ આવે છે તે પણ જુદા જ પ્રકારનું છે. જેમણે અમારી આગળ **તત્** (બ્રહ્મ) ની વ્યાખ્યા કરી છે તે ધીર જ્ઞાનીઓ પાસેથી અમે આવું સાંભળ્યું છે:

**सम्भूतिञ्च विनाशञ्च यस्तद्वेदोभयं सह ।**
**विनाशेन मृत्युं तीर्त्वा सम्भूत्यामृतमश्नुते ॥१४॥**

જન્મમાં આવવું અને જન્મ પામેલાનું લયલીન થઈ જવું, એમ એ બન્નેને જે એક **તત્** સ્વરૂપ જ જાણે છે, તે વિનાશ દ્વારા મૃત્યુને પાર કરી જાય છે અને જન્મોત્પત્તિ દ્વારા અમૃતનો આનંદ ભોગવે છે.

**हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।**
**तत् त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥१५॥**

ઝગમગ કરતા સોનેરી ઢાંકણ વડે સત્યનું મુખ ઢંકાયેલું છે; હે પુષ્ટિદાતા પૂષન્ ![1] તું તેને આઘું ખસેડી દે, જેથી સત્યના ધર્મનું અમને દર્શન થાય. સત્ય જોનારી દૃષ્ટિ અમને પ્રાપ્ત થાય.

---

[1] **પૂષન્**... વેદના આન્તરિક અર્થમાં સૂર્ય એટલે કે સવિતૃદેવ કવિની દિવ્ય દીપ્તિનું પ્રતીક બનેલો છે. આ દીપ્તિ મનની મર્યાદાને પાર કરી જાય છે અને વસ્તુ-

**पूषन्नेकर्षे यम सूर्य प्राजापत्य व्यूह रश्मीन् समूह।**
**तेजो यत्ते रूपं कल्याणतमं तत् ते पश्यामि ॥**
**योऽसावसौ पुरुषः सोऽहमस्मि ॥ १६॥**

હે પુષ્ટિદાતા દેવ! હે વિશ્વનિયંતા! હે પ્રકાશક સૂર્ય! હે પ્રજાઓના સમર્થ પિતા! તારાં કિરણોની વ્યૂહરચના કર, એમને એકત્ર કરીને સંયોજ; તારું જે સર્વોત્તમ કલ્યાણતમ સ્વરૂપ છે તે તેજનાં મને દર્શન થાય છે. ત્યાં જે પુરુષ, પરમ પુરુષ છે તે હું છું — **सोऽहम्.**

**वायुरनिलममृतमथेदं भस्मान्तं शरीरम्।**
**ॐ क्रतो स्मर कृतं स्मर क्रतो स्मर कृतं स्मर ॥१७॥**

---

એના વિશુદ્ધ સ્વયંજ્યોતિ સત્યને આકાર આપે છે. વેદમાં જેને 'દૃષ્ટિ' કહી છે તે આપોઆપ આવિર્ભાવ પામતું જ્ઞાન છે એની પ્રધાન શકિત. સત્ય, ધર્મ, બૃહત્ શબ્દો વડે એના રાજ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. મનુષ્યના તમોગ્રસ્ત અને સીમાબદ્ધ આત્માને એ વિશાળ બનાવે છે અને એને જ્યોતિર્મયી અનંત ચેતના પ્રતિ ખુલ્લો કરે છે. આથી એને **पूषन्** એટલે કે પોષણ આપનાર કહેવાય છે. એકમાત્ર દ્રષ્ટા એ છે, એ છે એકતાનો દ્રષ્ટા, એ છે આત્માનો જ્ઞાતા અને એ માનવને ઉચ્ચમાં ઉચ્ચ દૃષ્ટિ પ્રતિ દોરીને લઈ જાય છે. એ છે યમ, નિયંત્રક કે વિધાતા, કારણ કે સત્યના નિયમ દ્વારા, સત્યધર્મ દ્વારા એ માનવના કાર્યની ને પ્રકટતા પામેલા સ્વરૂપની ઉપર શાસન ચલાવે છે અને તેથી આપણા સ્વભાવના મૂળ તત્ત્વને લક્ષ્યમાં લઈ, **याथातथ्यतः**, સત્યના અપરોક્ષ ધર્મ અનુસાર એ એનો પ્રભાવ આપણામાં પ્રવર્તાવે છે; સમસ્ત સૃષ્ટિના પિતામાંથી એની પ્રભાપ્રભાવી શકિત પ્રકટ થાય છે અને ભૂતમાત્ર જેનો આવિર્ભાવ છે તે દિવ્ય પુરુષનો એ પોતાની અંદર પ્રાદુર્ભાવ કરે છે. સત્યમાંથી, બૃહત્માંથી દીપ્તિમંત સ્વરૂપે પ્રવૃત્ત થતા વિચારો એનાં રશ્મિઓ છે; પરંતુ મન રૂપી પ્રતિબિંબિત કરનાર ને ભેદભાવી બનાવનાર તત્ત્વમાં એ અવર દિશાએ વળી જાય છે, વિકૃતભાવ પામે છે, છિન્ન-ભિન્ન ને અવ્યવસ્થિત બની જાય છે. પરિણામે તે સત્યના મુખને ઢાંકી દેનારું સોનેરી ઢાંકણું બની જાય છે: દ્રષ્ટાની સૂર્ય પ્રતિ પ્રાર્થના છે કે એ રશ્મિઓ યથાયોગ્ય વ્યૂહમાં ઢળાય ને પરસ્પર સાચા સંબંધમાં સંયોજાઈ જાય ને એ રીતે એકત્ર થઈને સત્યની એકરૂપતાનો આવિર્ભાવ કરે, ને આ આખી આન્તરિક પ્રક્રિયાના પરિણામ રૂપે વિશ્વના દિવ્ય આત્મામાં સમસ્ત ભૂતોની એકતાનો અનુભવ કરાવે.

સર્વ વસ્તુઓમાં જે શ્વાસોચ્છ્વાસ રૂપે[1] રહેલો છે તે પ્રાણ અમર છે; પણ શરીરનો અંત તો ભસ્મમાં આવે છે. ૐ! હે ક્રતુ![2] દ્રષ્ટા સંકલ્પ! જે કર્યું હતું તેનું સ્મરણ કર! જે કર્યું હતું તેનું સ્મરણ કર!

**अग्ने नय सुपथा राये अस्मान् विश्वानि देव वयुनानि विद्वान्।**
**युयोध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठां ते नम उक्तिं विधेम ॥१८॥**

પ્રકટ થયેલી એકેએક વસ્તુના જાણનારા હે અગ્નિદેવ! શ્રેયસ્કર માર્ગ પર દોરતો રહી અમને તું પરમસુખે લઈ જા. કુટિલતાના માર્ગો પર ભરમાવીને અમને લઈ જતા પાપને[3] તું લડીને અમારામાંથી દૂર હાંકી કાઢ; અધીન ભાવે

---

[1] વાયુ કે અન્ય સ્થળે જેને માતરિશ્વા કહેવામાં આવ્યો છે તે વાયુ વિશ્વભરમાં વ્યાપ્ત પ્રાણ-શકિત છે. સૂર્યના પ્રકાશમાં અસ્તિત્વમાં આવેલા એક અમર તત્ત્વ રૂપે એ પોતાને પ્રકટ કરે છે અને જન્મ, મરણ તથા શરીરમાં જે છે તે જીવન કેવળ એની વિશેષ પ્રકારની બાહ્ય કાર્યવિધિઓ છે.

[2] **क्रतु**—વેદમાં વપરાતો 'ક્રતુ' શબ્દ કોઈ વાર કેવળ કર્મના અર્થમા તો કોઈ વાર મનોમય ચૈતન્યમાં જે ઈચ્છાશકિત હોય છે તે કર્મ પાછળ રહેલી ક્રિયાસાધક શકિતના અર્થમાં વપરાય છે. આ શકિત છે અગ્નિ. જડ પદાર્થમાં પ્રથમ ગરમી અને પ્રકાશ અને ભૌતિક ઓજસ રૂપે જે દિવ્ય શકિત પ્રકટ થાય છે અને પછીથી માનવ ચેતનાનાં બીજાં તત્ત્વોમાં ભિન્ન ભિન્ન રૂપો લઈ વૃદ્ધિ પામતા જતા આવિર્ભાવ દ્વારા મનુષ્યને જે સત્ય તથા પરમાનંદ પ્રત્યે ઊંચે લઈ જાય છે તે છે આ અગ્નિ.

[3] **एनः** પાપ: આ આખો શ્લોક વેદમાંથી ઉપાડીને અહીં મૂકવામાં આવ્યો છે. વેદમાં પાપનો અર્થ આવો થાય છે: જે આપણને ઉશ્કેરીને અને આપણી પાસે ઉતાવળ કરાવીને, આપણા સ્વભાવની શકિતઓને શુભ માર્ગથી ચલિત કરીને વિપરીત માર્ગે લઈ જાય છે તેનું નામ પાપ. એક સીધો (ઋજુ) માર્ગ છે; એ છે સ્વાભાવિક રીતે વધતા જતા પ્રકાશનો અને સત્યનો માર્ગ—**ऋजुः पन्थाः ऋतस्य पन्थाः** જે અનેકાનેક ભૂમિકાઓ ઉપર થઈને, અનેકાનેક વીથિ-વિસ્તારોની દિશામાં **वितानि पृष्ठानि** પ્રતિ આપણને લઈ જાય છે, જે વડે આપણે આપણા સ્વભાવના સહજ ધર્મ દ્વારા આત્માની પરિપૂર્ણતાએ પહોંચવાનું છે. આને બદલે જેને પાપ કહેવાય છે તે આપણને ઠોકરો ખવડાવતું ખવડાવતું વિષમ અને મર્યાદિત પ્રદેશોમાં કુટિલ ને વાંકા વિમાર્ગોએ ચડાવી દે છે (**दुरितानि वृजिनानि**) જે માર્ગો દુરિત ને વૃજિનને નામે ઓળખાય છે.

અને પૂરેપૂરા નમસ્કાર પૂર્વક અમે તને અમારી પ્રાર્થનાનું નિવેદન કરીએ છીએ.[1]

[1] **विधेम** આ શબ્દ યજ્ઞના વ્યવસ્થાપનના અર્થમાં, દેવને હવ્ય દ્રવ્ય પહોંચાડવાના અર્થમાં, અને સામાન્ય રીતે ખુદ યજ્ઞ અને યજનકાર્યના અર્થમાં વપરાય છે. વૈદિક શબ્દ **नमस्** અંતરના તેમ જ બહારના નમસ્કારનો ભાવ દર્શાવે છે, આપણી અંદર તેમ જ વિશ્વની અંદર જે દૈવી આત્મા છે તેની આગળ અધીનતા પ્રકટ કરવા માટેનું.એ પ્રતીક છે. અહીં દિવ્ય સંકલ્પશક્તિ સ્વરૂપ અગ્નિને નિમ્ન અહંભાવી માનવ સ્વભાવનું પૂરેપૂરી અધીનતા સાથે આત્મસમર્પણ કરવાનું કહેવામાં આવ્યું છે, જેથી કરીને અંતરમાં આવેલી વિરોધી વસ્તુઓમાંથી મુક્ત થયેલો માનવ આત્મા સત્યમાં થઈને માર્ગ કરતો કરતો આધ્યાત્મ સંપત્તિઓથી સમૃદ્ધ પરમ સુખની અવસ્થા પ્રતિ અગ્નિનો દોર્યો દોરાય—**राये**. પરમ નિઃશ્રેયસની—પરમાનંદની આ અવસ્થા વિશુદ્ધ પ્રેમના અને પ્રહર્ષના તત્ત્વમાં સાર રૂપે રહેલી છે એવું અભિપ્રેત થયેલું છે. વેદના દીક્ષાધારીઓ એને વિશ્વમાં વ્યાપેલી દૈવી સત્તાનું મૂલ અને માનવ જીવનનો આધાર માને છે. અધોવર્તી ભુવનોમાં આ સત્ય તત્ત્વ અહંભાવને કારણે વિરૂપ બની જાય છે અને એ કામના રૂપે તથા વસ્તુઓ ઉપરના મમત્વની લાલસા રૂપે પરિવર્તન પામેલું જોવામાં આવે છે.

# પૃથક્કરણ

## પ્રાસ્તાવિક

### ઉપનિષદની વસ્તુ યોજના

ઉપનિષદો અધ્યાત્મ પ્રકાશનાં વાહનો છે, ઉપદેશનાં નહીં. વેદના અને વેદાન્તના દ્રષ્ટાઓના વિચારોનો જેમને સાધારણ પરિચય હોય અને જે સત્યો ઉપર તેમનું મંડાણ થયેલું છે તેમનો જેમને થોડોક અંગત અનુભવ હોય તેવા સાધકો માટે એમની (ઉપનિષદોની) રચના કરવામાં આવેલી છે; આ કારણને લીધે એમની શૈલીમાં વ્યકતતા પામેલી વિચાર-સંક્રાન્તિઓને અને અભિપ્રેત કે ગૌણ ખ્યાલોના વિસ્તારને સ્થાન મળેલું નથી.

ઈશોપનિષદનો પ્રત્યેક શ્લોક પાઠમાં અંતર્ગત રહેલી અનેક ભાવનાઓ ઉપર આધારિત રહેલો છે, પરંતુ એ ભાવનાઓને ક્યાંય સ્પષ્ટ ભાષામાં પ્રકટ કરવામાં આવેલી નથી; એના નિર્ણયોનું સમર્થન કરતું તર્કકાર્ય પણ શબ્દો દ્વારા જ સૂચિત થાય છે, સ્પષ્ટ ભાષામાં બુદ્ધિની સમક્ષ રજૂ કરવામાં આવતું નથી. વાચક અને વાચક નહીં પણ શ્રોતા એક પ્રકાશથી બીજે પ્રકાશે આગળ જાય એવું ધારી લેવામાં આવે છે, અંતઃસ્ફુરણા દ્વારા પ્રાપ્ત થયેલા એના જ્ઞાનને એ સ્વાનુભવ દ્વારા સમર્થિત કરે છે, ને નિર્ણય માટે તાર્કિક બુદ્ધિ આગળ પોતાના વિચારોને રજૂ કરતો નથી.

આધુનિક માનસને આ પદ્ધતિ પ્રમાણરહિત અને અસંબદ્ધ લાગે છે; એના મત પ્રમાણે ઉપનિષદના વિચારો એમના સંપૂર્ણ સ્વરૂપમાં આગળ કરવા જોઈએ અને એમાંથી મળતાં સૂચનો અધોરેખાથી અંકિત કરવાં જોઈએ, આવશ્યક સંક્રાન્તિઓ ક્યાં ક્યાં છે તે જણાવવું જોઈએ અને હમેશાં અંતર્ગત હોવા છતાં દાબી રાખેલા તર્કને પ્રકાશમાં આણવો જોઈએ.

આ ઉપનિષદનો કેન્દ્રીભૂત વિચાર મૂળે જે પરસ્પર વિરોધી છે તે વસ્તુઓનું સમાધાન સાધવાનું ને એમને સંવાદિત બનાવવાનું કાર્ય કરે છે ને એક પછી એક આવતાં વિચારનાં ચાર આન્દોલનો દ્વારા બધી બાજુઓએ બંધબેસતો બને એવો એનો સુમેળ સાધવામાં આવ્યો છે.

# ઉપનિષદની વસ્તુ યોજના

## પ્રથમ આન્દોલન

પ્રથમ આન્દોલનમાં ગતિમાન વિશ્વમાં અને ગતિનાં સ્વરૂપોમાં નિવાસ કરતા અને સૌની ઉપર શાસન ચલાવતા એક સ્થાયી આત્માનો ખ્યાલ આપી પાયો નંખાયો છે. (શ્લોક ૧, ચરણ ૧.).

આ વિચાર ઉપર મનુષ્ય માટે દિવ્ય જીવનનું મંડાણ કરવામાં આવ્યું છે; એમાં કામનાના પરિત્યાગ અને સર્વના સંન્યાસ દ્વારા સર્વનો ઉપભોગ કરવાની ભાવના રજૂ થયેલી છે. (શ્લોક ૧, ચરણ ૨.).

ત્યાર પછી જગતની બહુગુણ ગતિમાં સઘળી પ્રવૃત્તિની મધ્યમાં રહી, ઈશ્વર સાથે એકતા પામેલા આત્માની અવિચ્છેદ્ય મુક્તિના પાયા ઉપર પાર્થિવ જીવન અને કર્મ ન્યાય્ય છે એવું ઉચ્ચારવામાં આવ્યું છે. (શ્લોક ૨).

છેવટે એક-સ્વરૂપ બ્રહ્મનો બહુરૂપતામાં જે આવિર્ભાવ થઈ રહેલો છે તેમાં અજ્ઞાનવશ અંતરાયરૂપ બનવાથી મૃત્યુ પછી જે અંધ અંધકારગ્રસ્ત અવસ્થાઓમાં ઊતરી પડવાનું થાય છે તેની ઘોષણા કરવામાં આવી છે. (શ્લોક ૩)

## દ્વિતીય આન્દોલન

ઉપનિષદના બીજા આન્દોલનમાં પ્રથમના વિચારો પાછા લેવામાં આવ્યા છે અને એમને વિસ્તારથી વર્ણવવામાં આવ્યા છે.

એક સ્થાયી ઈશ્વરને અને જગતના બહુગુણ વ્યાપારને એક બ્રહ્મમાં એકાકાર બનાવી દેવામાં આવ્યા છે તથા બતાવવામાં આવ્યું છે કે આ બ્રહ્મની એકતા અને સ્થાયિતા ઉચ્ચતર સત્ય છે અને બ્રહ્મમાં જ સર્વનું ધારણ થઈ રહેલું છે અને એ જ સર્વની અંદર આવાસ કરીને રહેલો છે. (શ્લોક ૪—૫)

જીવનના ધારાનો પાયો અને એની કૃતાર્થતા એકતાના અનુભવ ઉપર રચાયેલાં છે, ને આ એકતા દ્વારા માણસ વિશ્વાત્મા અને પરમાત્મા સાથે પોતાનું અદ્વૈત સાધે છે અને પોતાના આત્માની અંદર ભૂતમાત્ર સાથે એકાકારતામાં રહે છે પરંતુ તે શોક અને મોહમાંથી પૂરેપૂરો મુક્ત હોય છે. (શ્લોક ૬—૭.)

## ત્રીજું આન્દોલન

આ ત્રીજા આન્દોલનમાં બીજા શ્લોકનો વિષય બનેલાં જીવન અને કર્મોને પાછાં ફરીથી વાજબી ઠરાવવામાં આવ્યાં છે અને દિવ્યતામાં તેમની જે પરિપૂર્ણતા પામવાની છે તેની તરફ અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે.

આ આન્દોલનમાં ગતિમાન વિશ્વમાં ઈશ્વરના પોતાના આવિર્ભાવનાં ને એકસ્વરૂપ આત્મામાંથી જે ભૂતસૃષ્ટિ પ્રકટ થાય છે તે સર્વ જે જે પ્રમાણમાં થાય છે

તે બધું આગળ કરવામાં આવ્યું છે; વળી ઈશની ભાવના અને સંકલ્પ અનુસાર સઘળાં અસ્તિત્વોનો આંતરિક ધર્મ રચાય છે એવું કહેવામાં આવ્યું છે. (શ્લોક ૮)

વિદ્યા અને અવિદ્યાનું, સંભૂતિ અને અસંભૂતિનું સમાધાન સાધવા માટે મર્ત્યતાની દશામાંથી અમૃતત્વની દશા પ્રત્યે પ્રસ્થાન પામતું અને ક્રમશઃ વધતું જતું આત્મસાક્ષાત્કારનું જે કાર્ય છે તેમાં તેઓ એકબીજાને ઉપયોગી બનીને અન્યોન્ય સાથે સમાધાન સાધી લે છે. (શ્લોક ૯—૧૪)

**ચોથું આન્દોલન**

ચોથા આન્દોલનમાં ભુવનોના વિચાર પ્રત્યે પાછું ફરવાનું થાય છે અને સૂર્ય તથા અગ્નિનાં રૂપકો દ્વારા પરમ સત્ય અને અમૃતત્વ (શ્લોક ૧૫—૧૬), આ જીવનની પ્રવૃત્તિઓ (શ્લોક ૧૭) અને મૃત્યુ પછીની અવસ્થા (શ્લોક ૧૮) પ્રતીકાત્મક રૂપે દર્શાવવામાં આવ્યાં છે.

## ૧

# પ્રથમ આન્દોલન

### આવાસી પ્રભુ :
### જીવન અને કર્મ

શ્લોક ૧—૩ *

**વિશ્વના અસ્તિત્વનો પાયો**

ઈશ્વર અને જગત, પુરુષ અને રૂપ આપતી પ્રકૃતિ પરસ્પર વિરોધમાં રહેલાં છે અને તેમના સંબંધો નિશ્ચિત કરાયેલા છે.

**વિશ્વ**

આખું જગત એટલે બ્રહ્મનું બ્રહ્મની પોતાની અંદર ચાલી રહેલું આન્દોલન અને એ એની બધી રૂપરચનાઓમાં અને એના સઘળા આભાસોમાં નાશવંત અને ક્ષણભંગુર છે; અને એની અંદર કોઈ શાશ્વતતા હોય તો તે છે માત્ર પુનરાવૃત્તિની, એનામાં કશી સ્થાયિતા હોય તો તે છે દેખાવ પૂરતી, અમુક સંબંધો અને સંયોગોને કારણે ઊભી થતી સ્થિરરૂપતા દ્વારા ઉત્પન્ન થતા રૂપાભાસની.

વિશ્વમાંની પ્રત્યેક પૃથક્ વસ્તુ સત્યત: પોતે આખુંયે વિશ્વ છે અને એ પોતાના ક્રિયાન્દોલનનો અમુક મુખભાગ કે બાહ્યાભાસ આપણી આગળ રજૂ કરે છે. પિંડબ્રહ્માંડ અને વિશ્વબ્રહ્માંડ સ્વરૂપે એક જ છે.

---

* ૧. સંસારની વિશ્વમયી ગતિમાં જે કંઈ જગત્સ્વરૂપે ચાલી રહેલું છે તે સર્વ ઈશના આવાસ માટે છે. એની પ્રતિ ત્યાગવૃત્તિ રાખીને એનો ઉપભોગ કર; અન્ય કોઈની સંપત્તિ માટે લોભલાલસા રાખ નહીં.

૨. આ જગતમાં કામ કરતા રહીને જ માણસે સો વરસ જીવવાની ઇચ્છા રાખવી જોઈએ. તારે માટે આ પ્રકારનું જ વિધાન છે, એના વિનાનું બીજું કશું નહીં; માણસ કર્મથી લેપાતો નથી.

૩. જેઓ પોતાના આત્મસ્વરૂપને હણનારા હોય છે, તેઓ આ લોકમાંથી પરલોકમાં જાય છે ત્યારે અંધ કરી નાખતા અંધકારથી છવાયેલા સૂર્ય વગરના લોકોમાં જાય છે.

તેમ છતાં આન્દોલનના સિદ્ધાંન્તના તથા પરિણામના તેમના સંબંધની બાબતમાં એ બેમાંનું એક છે ધારણ કરનાર પાત્ર ને અન્ય છે ધારણ કરાયેલી વસ્તુ, જગતમાં રહેલું જગત ને આન્દોલનમાં ચાલતું આન્દોલન. તે કારણને લીધે વ્યકિતસ્વરૂપ વિશ્વપ્રકૃતિના સ્વભાવમાં ભાગીદાર બને છે, પોતાની પ્રવૃત્તિના પ્રભવ માટે વિશ્વપ્રકૃતિ ઉપર દૃષ્ટિને પાછી વાળે છે ને આપણે કહીએ છીએ તેમ એના નિયમોને આધીન રહે છે ને પોતે એનો એક ભાગ બની જાય છે.

**બ્રહ્મ**

એકસ્વરૂપ, અવિનાશી, મુકત, નિત્યસ્થાયી, તથા સનાતન બ્રહ્માત્મા પોતે જે જગત ઊભું કર્યું છે તેનો ઈશ છે. રૂપ પામેલા પોતાના સઘળા પદાર્થો સાથેનું ગતિમાન જગત બ્રહ્માત્માનું નિવાસસ્થાન બનવા માટે સર્જાયેલું છે, અને બ્રહ્માત્મા **एक** હોવા છતાં પોતાનાં નિવાસસ્થાનોની બહુલતામાં બહુ-રૂપે નિવાસ કરે છે.

સકલના સમુદાયમાં તેમ જ તેના પ્રત્યેક અંશમાં, સમગ્રરૂપ બ્રહ્માંડમાં તેમ જ ભૂતમાત્રમાં, વિશ્વમાં કાર્ય કરતા પ્રત્યેક બલમાં કે વસ્તુમાં જે નિવાસ કરી રહેલો છે તે એ જ ઈશ્વર છે.

એ ઈશ્વર એક છે, અવિભાજ્ય છે તેથી સર્વમાં રહેલો આત્મા એક જ છે ને વસ્તુઓની બહુરૂપતા એની વૈશ્વિક ચેતનાની એક લીલા છે.

આ કારણને લીધે પ્રત્યેક માનવ જીવ મૂળ સ્વરૂપે બીજા બધા સાથે એકસ્વરૂપ છે ને છે મુકત, સનાતન, અવિનાશી ને પ્રકૃતિનો પ્રભુ.

**સંક્રાન્તિ કરતો વિચાર**

**અવિદ્યા**

જગતમાં ઈશના નિવાસનો ઉદ્દેશ છે ઉપભોગ અને સ્વામિત્વ; તેટલા માટે વિશ્વમાં બ્રહ્માત્માના નિવાસનો ઉદ્દેશ છે વિશ્વ પર સ્વામિત્વ અને વિશ્વનો ઉપભોગ. પરંતુ માણસ પોતાના મૂળ તત્ત્વમાં એક, દિવ્ય અને મુકત હોવા છતાંય એ સીમિત બનેલો, બીજાઓથી ભિન્ન બની ગયેલો, પ્રકૃતિને વશ બની ગયેલો જ નહીં પણ એનું જ સર્જન હોય ને એની જ લીલા હોય એવો, મૃત્યુનો, અજ્ઞાનનો અને દુ:ખશોકનો ગુલામ બની ગયો હોય એવો દેખાય છે. આવિર્ભાવમાં એનો હેતુ પોતાના જગત ઉપર સ્વામિત્વ અને એનો ઉપભોગ છે છતાં તે પોતે સીમાબદ્ધ અવસ્થાને કારણે આનંદભોગ લેવાને અશકિતમાન હોય છે. આ ઊલટું પરિણામ આવે છે તે અવિદ્યાને લીધે, એકતાના અજ્ઞાનને લીધે; અને અજ્ઞાનની ગાંઠ છે અહંતા.

**અહંતા**

અહંતાનું કારણ આ છે કે પોતાની વિદ્યાની તેમ જ અવિદ્યાની દ્વિવિધ શકિતના પ્રભાવથી બ્રહ્માત્મા એકી સાથે બહુરૂપતાની ને સાપેક્ષતાની તેમ જ એકતાની ને

અદ્વૈતની ચેતનામાં અવસ્થિત હોય છે અને તે કારણને લીધે તે અજ્ઞાનથી બંધાતો નથી, છતાંય મનમાં એ જગતની વસ્તુ સાથે તલ્લીન ભાવે એકાકાર બની શકે છે અને માનસિકતાની પાછળ આવૃત રૂપે રહેલા જ્ઞાનથી દેખીતી રીતે બાતલ થઈ ગયેલો હોય છે. પ્રકૃતિમાં રહેલા મનનો વ્યાપાર આ પ્રકારે વસ્તુને સત્યભાવી કલ્પી લેતો બને છે અને એની અંદર નિવાસ કરતા આત્માને પરિમિત રૂપે જુએ છે અને વસ્તુના બાહ્યાભાસ અનુસાર એના સંબંધી નિશ્ચય કરે છે. વસ્તુ એટલે વિશ્વના અનેકાનેક મુખભાગોમાંનો એક ભાગ એવી મનની સમજ હોતી નથી, પરંતુ એ તો એને વિશ્વથી નિરાળા એક અસ્તિત્વ રૂપે જુએ છે અને જગતમાં જે સર્વ છે તેનાથી જુદી જ સત્તારૂપે એને કલ્પી લે છે. એવું જ એ એના અંતર્નિવાસીની બાબતમાં પણ સમજે છે. આ છે સઘળી સત્યતાઓને અસત્ય બનાવી દેતો અજ્ઞાનને લીધે ઉત્પન્ન થતો ભ્રમ. આ ભ્રમને **अहंकार** કહેવાય છે, ભેદભાવ ઉત્પન્ન કરતી અહંતા, જેને લીધે પ્રત્યેક ભૂત પોતાને એક સ્વતંત્ર વ્યક્તિ કલ્પી લે છે.

ભેદભાવને પરિણામે વિશ્વની સાથે સંવાદી સુમેળમાં અને એકતામાં રહેવાની શકિત રહેતી નથી અને એ કારણે વિશ્વ ઉપર સ્વામિત્વની અને એનો ઉપભોગ કરવાની બાબતમાં પણ અશકિત આવી જાય છે. પરંતુ વિશ્વના સ્વામી બનવાની અને એનો આનંદોપભોગ કરવાની સર્વોપરી વૃત્તિ અહંભાવમાં રહેલી છે, અંધકારના પ્રભાવને વશ અવસ્થામાં હોવા છતાં પોતે પ્રભુ છે, એવું એને અસ્પષ્ટ ભાન હોય છે અને પોતે સાપેક્ષતાની સીમાબદ્ધ સ્થિતિમાં છે તેથી પોતાના સત્ય અસ્તિત્વને જાણી શકતો નથી એવું એને લાગે છે. આને પરિણામે બીજાઓની સાથે તેમ જ પોતાની જાતની સાથે પણ એનામાં વિસંવાદ ઊભો થાય છે, માનસિક તેમ જ શારીરિક દુ:ખ જન્મે છે, દુર્બળતાની ને અસમર્થતાની ને તમોગ્રસ્તતાની લાગણી જાગે છે, આત્માની પરિપૂર્ણતાની પ્રાપ્તિ પ્રત્યે પ્રાણમાં આવેગ અને ઈચ્છા તણાઈ તણાઈને બલપૂર્વક કામ કરવા માંડે છે, પ્રત્યાવર્તન પામેલી ઓજ:શકિત થાકી જાય છે, નિરાશ બની જાય છે અને મૃત્યુ અને છિન્નભિન્નતા પ્રત્યે વળી જાય છે.

વિસંવાદિતાને તથા વેદનાને સાથમાં લઈને આવનારી ઈચ્છા પરાધીનતાનું ચિહ્ન છે. જે મુકત છે, એકતામાં છે અને પ્રભુતાપૂર્ણ છે તે ઈચ્છા કરતું નથી, પણ અટળપણે બધું ધારણ કરે છે, સ્વામી બનીને રહેલું છે તથા આનંદોપભોગ કરતું હોય છે.

**દિવ્ય જીવનનો નિયમ**

વિશ્વનો અને વિશ્વ જેને ધારણ કરી રહ્યું છે તે સર્વનો ઉપભોગ, એ આ જગતના જીવનનું પ્રયોજન છે, પરંતુ તેને માટે ઈચ્છાના રૂપમાં તે સર્વનો પરિત્યાગ

સર્વના મુક્તભાવી ઉપભોગ માટેની શરત છે. જે સંન્યાસને માટે માગણી કરવામાં આવી છે તે નૈતિક આપભોગરૂપ નિયંત્રણ કે સ્થૂલ પરિત્યાગ નથી, પરંતુ વસ્તુઓનાં રૂપો પ્રત્યેની સર્વ પ્રકારની લોલુપતામાંથી આત્માની પૂરેપૂરી મુક્તિ માગવામાં આવી છે.

આ મોક્ષ માટેની શરતો છે તે અહંતામાંથી છુટકારો અને એને પરિણામે પ્રાપ્ત થતી અંગત ઈચ્છામાંથી મુક્તિ. વ્યાવહારિક દૃષ્ટિથી જોતાં આ સંન્યાસનો અર્થ એવો કરવાનો છે કે આ વિશ્વમાં જે છે તેમાંની કોઈ પણ વસ્તુને આપણે આપણી પોતાની બનાવી દેવાની જરૂર છે એવું માનવાનું નથી, તે બીજાની બની ગયેલી છે ને આપણી પોતાની બનેલી નથી એવું સમજવાનું નથી, આપણામાં કે ઈન્દ્રિયો માટે એને લાલસાનો વિષય બનાવવાનો છે એવું પણ ગણવાનું નથી.

આ વળણનો આધાર એકાત્મકતાની ભાવના ઉપર રચાયેલો છે. કેમ કે આ પહેલાં કહેવાઈ ગયું છે કે સઘળા જીવો ઈશ્વર સ્વરૂપ એક એવા સર્વના સ્વામી આત્મા સાથે એકસ્વરૂપ છે, અને ઈશ્વર પ્રત્યેક પદાર્થમાં જાણે કે પૃથક્ છે એવી રીતે રહેલો હોવા છતાં સર્વે પદાર્થો એ આત્મામાં જ અસ્તિત્વ ધરાવે છે, એમનું અસ્તિત્વ બહાર ક્યાંય નથી.

તેટલા માટે અહંભાવની પાર પહોંચી જવાથી ને એકસ્વરૂપ આત્માનો અનુભવ કરવાથી આપણે એક એવી વૈશ્વિક ચેતનામાં આખા વિશ્વને આપણું બનાવી દઈએ છીએ અને સ્થૂલ પ્રકારે એને આપણું બનાવી દેવાની આપણને જરૂર રહેતી નથી.

ઈશ્વર સાથે એકાત્મરૂપતા પ્રાપ્ત થયેલી હોવાથી આપણે માટે સઘળી વસ્તુઓમાં અનંત અને મુક્ત આનંદ શક્ય બને છે, તેથી કશાનીય કામના કરવાની આપણને જરૂર રહેતી નથી.

ભૂતમાત્ર સાથે અદ્વૈત સધાવાને કારણે એમનો ઉપભોગ, આપણો ઉપભોગ, અને વિશ્વાત્માનો ઉપભોગ વિશ્વમાં સ્વયં અભિવ્યક્ત થતા આનંદ રૂપે આપણો બની જાય છે. આ એકી સાથે પરાત્પર તેમ જ વૈશ્વિક આનંદને લીધે જ માણસ પોતાના આત્મામાં બની શકે છે અને તેમ છતાંય ઈશના આન્દોલનમય વિશ્વમાં પ્રભુનું પૂરેપૂરું સક્રિય જીવન જગતમાં જીવી શકે છે.

**કર્મનું સમર્થન**

આ મુક્તિ અકર્મ ઉપર આધાર રાખતી નથી, તથા જે આત્મા જગતની પ્રવૃત્તિમાં ભાગ લીધા વિના કેવળ સાક્ષી બનેલો રહે છે તે નિષ્ક્રિય આત્માના ઉપભોગની પ્રાપ્તિ પૂરતી જ સીમિત બનેલી નથી.

એથી ઊલટું આ પાર્થિવ જગતમાં કર્મ કરવાં અને દૈહિમ જીવનકાળનો પૂરેપૂરો સ્વીકાર કરવો તે એની પરિપૂર્ણતાનો એક ભાગ છે.

કેમ કે સક્રિય બ્રહ્મ કર્મ દ્વારા જગતમાં પોતાની પરિપૂર્ણતા સાધે છે, અને માણસ પણ કર્મ દ્વારા પોતાની પરિપૂર્ણતા સાધવા માટે શરીરમાં રહેલો છે. આનાથી અન્યથા એ બીજું કંઈ કરી શકતો નથી કેમ કે એનું તમસ્ પણ કાર્ય કરે છે ને વિશ્વના આન્દોલનમાં પરિણામો આણે છે. આ શરીરમાં કે બીજા કોઈ પ્રકારના શરીરમાં હોતાં કર્મમાંથી નિવૃત્ત થવાનો કે શરીરના જીવનમાંથી છટકી જંવાનો ખ્યાલ નિરર્થક છે. બ્રહ્મમાં જીવ એક પૃથક્ વ્યકિત છે એવું ધારી લેનારા અજ્ઞાનના ભાગ રૂપે રહેલો ખ્યાલ અકર્મણ્યતા પોતે મુકિતના સાધન રૂપ બની શકે એવું ગણે છે.

કર્મ મુકિત સાથે મેળ ખાતું નથી એવા વિચારથી એનો ત્યાગ કરવામાં આવે છે. એવું ધારી લેવામાં આવે છે કે માણસ જ્યારે કર્મ કરે છે ત્યારે તે કર્મ પાછળ રહેલી કામનામાં અવશ્ય અટવાઈ જાય છે, કર્મને પ્રેરનાર વિધિને અનુરૂપ શકિતને ને કર્મનાં પરિણામોને પરાધીન બની જાય છે. આ બાબતો સત્યત: નહીં પણ દેખાવ પૂરતી સાચી છે.

કામના લાગણીપ્રધાન મનનો એક કાર્યપ્રકાર છે, ને અજ્ઞાનવશ રહી એ વસ્તુરૂપે પોતાનો આવિર્ભાવ કરનાર બ્રહ્મમાં નહીં પણ કામનાના વિષયમાં પોતાને માટે આનંદની શોધ કરે છે. એ અજ્ઞાનને નાશ પમાડીને કામનામાં લબદાયા વિના માણસ કર્મ કરી શકે છે.

જે શકિત પ્રેરકકાર્ય કરે છે તે પોતે પ્રભુને અધીન છે ને પ્રભુ પોતે પૂર્ણપણે મુકત રહી એમાં પોતાનો પ્રાદુર્ભાવ કરે છે. પ્રકૃતિની પાછળ રહેલા પ્રકૃતિના પ્રભુનો સમાગમ સાધી, વૈશ્વિક સંકલ્પમાં વ્યકિતના સંકલ્પને વિલીન કરી દઈ માણસ દિવ્ય મુકિતના અનુભવમાં રહી કાર્ય કરી શકે છે. આપણાં કાર્યો પ્રભુને સમર્પિત થઈ ગયેલાં હોય છે અને પ્રભુની મુકિતમાં આપણી વ્યકિતગત જવાબદારી સમાપ્ત થઈ ગઈ હોય છે.

કર્મની સાંકળ કેવળ પ્રકૃતિની ક્રિયાને જ બદ્ધ બનાવે છે, આત્માને નહીં, કેમ કે એને પોતે કોણ છે તેનું જ્ઞાન હોય છે, અને કર્મોના ફલથી પોતે બંધાયેલો છે એવા આભાસમાંથી પણ એ મુકત રહે છે.

તેટલા માટે કર્મ ન કરવાં એ મુકિતનો માર્ગ નથી, પરંતુ જગતના આન્દોલનની સાથે એકાકારતા સાધતા બંધ પડવું અને એને બદલે વસ્તુઓનો જે વિભુ છે તે બ્રહ્માત્મસ્વરૂપ સાથે આપણું સાચું અદ્વૈત સાધવું એ જ મુકિતનો માર્ગ છે.

**પરલોકો**

સ્થૂલ જીવનમાંથી વિદાય લઈને માણસ જગતની ગતિમાંથી અલોપ થઈ જતો નથી, પરંતુ પાર્થિવ જગતની નહીં એવી ચેતનાની બીજી કોઈ સર્વસામાન્ય અવસ્થામાં પ્રવેશ કરે છે.

આ અવસ્થાઓ કાં તો અપ્રકાશ, કાં તો સપ્રકાશ હોય છે, કેટલીક તમોમય કે સૂર્યરહિત હોય છે.

દુરાગ્રહપૂર્વક અજ્ઞાનનાં જડ સ્વરૂપોમાં મંડયા રહેવાથી, જીવને બલાત્કાર કરી એની સહજ સિદ્ધિના માર્ગથી વિકૃત માર્ગે વાળીને લઈ જવાથી કે જગતના આન્દોલનમાંથી ખોટી રીતે એનો વિલય કરવાથી માણસ અંધતમસની અવસ્થાઓમાં પ્રવેશે છે, પ્રકાશના લોકોમાં ને મુકત મહાસુખભરી આત્માવસ્થાઓમાં એ પ્રવેશ પામતો નથી.

## ૨
# બીજું આન્દોલન

### [૧]

### બ્રહ્મ :
### ઈશ્વર અને વિશ્વની એકસ્વરૂપતા

શ્લોક ૪—૫*

**બ્રહ્મ અને એકાત્મકતા**

ઈશ્વર અને જગત એકબીજાથી અલગ હોય એવું દેખાવા છતાં, ખરું જોતાં તે એકબીજાથી અલગ નથી; એ બન્ને એકસ્વરૂપ બ્રહ્મ જ છે.

**'નહિ ચાલતું एक'**

પ્રભુ જ એક એવી સ્થાયી અને સનાતન સત્યતા છે. એ **एक एव** છે, કારણ કે તેના સિવાય બીજું કશું જ નથી, સર્વ **सत्** અને **असत्** એ પોતે જ છે. એ સ્થાયી એટલે કે ગતિરહિત છે, કેમ કે ગતિ એટલે સ્થલ અને કાલમાં થતું પરિવર્તન અને એ સ્થલ અને કાલથી પર હોવાને લીધે અવિનાશી અને અવિકારી છે. જે કંઈ અસ્તિત્વમાં છે, હતું અને હશે તે સઘળાને એ પોતાની અંદર શાશ્વત સમાથી સ્વામિત્વ પૂર્વક ધારી રહ્યો છે, ને તેથી તે પોતે નથી વધતો કે નથી ઘટતો. કાર્ય-કારણતાથી તેમ જ સાપેક્ષતાથી પોતે પર છે તેથી એના પોતાના સ્વરૂપમાં સંબંધોનો ફેરફાર હોતો નથી.

---

* ૪ પોતે ચાલતો ન હોવા છતાં મનથીય વધારે ઝડપી છે; દેવો જેને પકડી પાડી શકતા નથી, કેમ કે તે હંમેશાં આગળ ને આગળ ચાલતો હોય છે; ઊભો રહેલો હોવા છતાં તે બીજાં દોડનારાંને પાછળ મૂકી દે છે; તેની અંદર પ્રાણનો પ્રભુ જીવનનાં જલોની સ્થાપના કરે છે.

૫ તે ચાલે છે ને તે નથીય ચાલતો; તે દૂર છે તેમ જ નજીક પણ તે જ છે; આ સર્વની અંદર તે રહેલો છે ને આ સર્વની બહાર પણ તે જ છે.

**'મનના કરતાં વધારે ઝડપી'**

સ્થળ-કાળમાં ચાલી રહેલી બ્રહ્મ ચૈતન્યની ચક્રાવર્તિત સંસારની ગતિ, તે છે જગત. એનો ધર્મ અને એક અર્થમાં કહીએ તો ઉદ્દેશ છે પ્રગતિશીલતા; ગતિમાન આન્દોલનને કારણે એનું અસ્તિત્વ છે ને આન્દોલન બંધ પડતાં એ પ્રલીન થઈ જવાનું. પરંતુ આ સંસારના આન્દોલનનો આધાર ભૌતિક નથી; સક્રિય ચૈતન્ય-શક્તિ ગતિમાન થઈ દેખાવે ભિન્ન છતાં મૂળે એની એ જ એવી જુદા જુદા તત્ત્વોમાં બહુગુણતા દ્વારા એકતાનો ને બહુરૂપતાનો વિરોધ ઊભો કરે છે, સ્થળ અને કાળના ભેદ સર્જે છે, પરિસ્થિતિઓ ને ગણબદ્ધતાઓના સંબંધો ઉત્પન્ન કરે છે, કાર્ય-કારણતાને અસ્તિત્વમાં આણે છે. આ બધી વસ્તુઓ ચેતનામાં સાચી તો હોય છે, પણ તે આત્માનાં કેવળ પ્રતીકાત્મક રૂપ જ છે, સર્જક મનની કલ્પનાઓ મનનાં પોતાનાં પ્રતિરૂપો હોય છે તેમ, અને તેમ છતાં મનની પોતાની સાથે સરખાવતાં તે તદ્દન સાચાં નથી હોતાં, અથવા તો સાચાં હોય છે તો એક જુદા પ્રકારની સત્યતા સાથે જ સાચાં હોય છે તેમ.

પણ જે શકિત વિશ્વનું સર્જન કરે છે તે શકિત મનોમય ચેતના નથી. એ તો છે મન કરતાં અનંતગણી વધારે સમર્થ, વધારે વેગીલી અને શૃંખલાબંધનમાંથી મુકત. એ છે કેવળ પરબ્રહ્મનું વિશુદ્ધ સર્વશકિતમાન નિજાત્મસંજ્ઞાન અને એ સાપેક્ષતાના કોઈ પણ નિયમથી બંધાયેલું નથી, દેવો સાપેક્ષતાના જે નિયમોનું સમર્થન કરે છે તે તો તેનાં તત્કાલોચિત સર્જનો છે. જે જગતની ઉપર તેમનો અમલ ચાલે છે તેની આપણાથી માપી નથી શકાતી એવી કાલાવધિ કેવળ એમની દેખીતી સનાતનતા છે. તેઓ ગતિને અને પરિવર્તનને નિયમિત બનાવનારા કાયદાઓ છે, સંસારના સ્વામીને માટે બંધનરૂપ બનતા કાયદાઓ નથી. તેટલા માટે દેવોને તેમની પોતાની સરણિએ સતત દોડયા કરતા વર્ણવવામાં આવ્યા છે. પરંતુ ઈશ્વર પોતાના સંસારની ગતિથી મુકત રહે છે અને એની ઉપર એની પોતાનાં એ ગતિની કશી અસર થતી નથી.

**'તે ચાલે છે ને નથી ચાલતું'**

એક સદાકાલની નિશ્ચલ સ્થાયિતાના રાજ્ય નીચે જગતનું આન્દોલન કાર્ય કરી રહ્યું છે. એક શાશ્વતિક અક્ષરાત્મક સ્થિતિમાં અખંડિત અવસ્થાન્તરરૂપ ફેરફારો પામતા દેખીતા સંબંધો પ્રતિરૂપતા ધારણ કરે છે. મનના કરતાં વધારે ઝડપવાળું ગતિરહિત જે એક છે તેના રૂપક દ્વારા આ સત્યો પ્રકટ કરવામાં આવ્યાં છે: "તે ચાલે છે, તે નથી ચાલતું." એવું એ સ્થાણુ સ્વરૂપ છે અને એ બીજાં દોડી રહેલાંઓને પોતાની કાર્યસાધક ચેતનાની ઝડપથી પાછાં પાડી દે છે.

# આવાસી પ્રભુ

## સંક્રામી વિચાર :

**બહુ સ્વરૂપ***

જો જે એકસ્વરૂપ છે તે જ સર્વાધિક સત્ય હોય તો પણ જે 'બીજાં', બહુસ્વરૂપ છે તે અસત્ય નથી. જગત એ કંઈ મનની કપોલકલ્પના નથી.

એકતા એ વસ્તુમાત્રનું સનાતન સત્ય છે અને નાનાવિધતા છે એકતાની લીલા. એકતાના ભાવને આ કારણને લીધે જ્ઞાનનું, વિદ્યાનું નામ અપાયું છે અને નાનાવિધતાને અજ્ઞાનનું, અવિદ્યાનું. પરંતુ પોતાની સાચી અને સનાતન એકતાના ભાવથી વિયુકત ન થઈ ગઈ હોય ત્યાં સુધી નાનાવિધતા કોઈ અસત્ય વસ્તુ નથી.

બ્રહ્મ એક છે, સંખ્યાની દૃષ્ટિથી નહીં, પણ મૂળ તત્ત્વસ્વરૂપે. એને સંખ્યાવાચક એક રૂપે સ્વીકારીએ તો એની એ એકતામાંથી બહુરૂપતાને કાં તો બાતલ કરવી પડે, કાં તો એને બહુરૂપતાયુકત માની, બહુરૂપ જેના ભાગો છે એવી વિભાજનીય એકતાવાળું એનું સ્વરૂપ છે એવું સ્વીકારવું પડે. બ્રહ્મની એકતા આવા પ્રકારની નથી; એને નથી ઘટાડી શકાતી, નથી વધારી શકાતી કે નથી એના ભાગલા પાડી શકાતા.

વિશ્વમાં જે બહુરૂપ છે તેમને કોઈ કોઈ વાર વિશ્વાત્મક બ્રહ્મના ભાગો કહેવામાં આવે છે; પણ તે તરંગો સમુદ્રના ભાગો હોય છે તેવા. પરંતુ સત્ય દૃષ્ટિથી જોતાં આ તરંગોમાંનો એકેએક એ સાગર જ છે, ને એમની અનેકવિધતા સાગરની હિલચાલને લીધે ઉત્પન્ન થયેલા સંમુખ ઉપસ્થિત થતા કે સપાટી પરના આભાસો જ છે. જેવી રીતે વિશ્વમાં છે તે પ્રત્યેક પદાર્થ ખરી રીતે જોતાં પૃથક્ મુખભાગ રાખતો

---

*આ મથાળા નીચે આવતી વિચાર પરંપરા આ ઉપનિષદના અધ્યાત્મતત્ત્વના બનેલા પાયા માટે અનિવાર્ય હોય એવું મને લાગે છે. ઈશ ઉપનિષદ અન્ય સર્વને બાતલ કરતા શુદ્ધ અદ્વૈતવાદનો ઉપદેશ આપતી નથી; બહુસ્વરૂપનો ઈનકાર કર્યા વગર એ એકસ્વરૂપનો ઉદ્‌ઘોષ કરે છે અને જે એકસ્વરૂપ છે તેને બહુસ્વરૂપમાં જોવાની પદ્ધતિનો આશ્રય લે છે. વિદ્યાની અને અવિદ્યાની સત્યતાને એ એકી સાથે નિશ્ચયપૂર્વક આગળ કરે છે અને આ જગતમાં જીવન અને જન્મની સાથે સંગત અમૃતત્વને કર્મ અને જ્ઞાનના પ્રયોજન રૂપે સમર્થિત કરે છે. એ પ્રત્યેક પદાર્થ પોતે વિશ્વ રૂપ છે તથા પ્રત્યેક જીવ પોતે દિવ્ય પુરુષ રૂપ છે, એવું ગણે છે. આ ભાવનાઓને સમગ્ર દૃષ્ટિએ જોઈએ તો તે સમન્વયયુકત કે સર્વગ્રાહી અદ્વૈતવાદની સાથે સુસંગત છે, માયાવાદી કે બીજા બધાને બાતલ કરનાર અદ્વૈત સિદ્ધાન્તનો વિરોધ કરે છે.

હોવા છતાં આખું વિશ્વ જ છે, તેવી રીતે પ્રત્યેક જીવાત્મા પણ અખિલ બ્રહ્મ જ છે ને વૈશ્વ ચૈતન્યના કોઈ એક કેન્દ્રમાં સ્થિત થઈ તે પોતાના સ્વરૂપને અને જગતને જોતો હોય છે.

કેમ કે **તત્** અલાયદું એક નહિ, પણ **તદેવ** જ છે. કાળમાં અને સ્થળમાં સદા અને સર્વત્ર તે **તદેવ** તે જ તે છે, તેમ જ કાળ અને સ્થળની પાર પણ તે સદૈવ **તદેવ** જ છે. એની મૂલગત તાત્ત્વિક એકતામાં સંખ્યાવાચક એકતા તથા બહુ-સ્વરૂપતા એકસમાન સાચા સપ્રમાણ શબ્દો છે.

આપણે જોઈએ છીએ તેમ આ બે શબ્દો (એકતા અને અનેકરૂપતા) બીજી વસ્તુઓની માફક ચિત્‌માં ઉદ્‌ભવતાં પ્રતિરૂપો છે; મુક્ત અને સર્વસર્જક કેવળ સ્વાનુભાવના પોતાની જાતને વિવિધરૂપે અનંત પ્રકારે અસંખ્ય રૂપે જુએ છે ને એનાં દર્શનોને આકાર આપે છે. ચિત્ એકમાત્ર જ્ઞાનની જ નહીં પણ અભિવ્યક્તિ આપનાર સંકલ્પનીય શક્તિ છે; ગ્રહણકર્તા દર્શનની જ નહીં પણ પ્રતિરૂપતામાં ઢાળનારી શક્તિ પણ છે; એ બન્ને ખરેખાત તો એક જ શક્તિ છે. કેમ કે ચિત્ બ્રહ્માત્માનું જ એક કાર્ય છે, શૂન્યનું નહીં. એ જેને જુએ છે તે અસ્તિરૂપતા પામે છે. એ પોતાને દિક્-કાલ પાર જુએ છે; તે દિક્-કાલની અવસ્થાઓમાં ભૂતાત્મકતા પામે છે.

સર્જન એટલે કશું જ ન હોય તેમાંથી કંઈક બનાવવું એવું નથી અથવા તો એક વસ્તુમાંથી બીજી વસ્તુને બનાવી કાઢવી એવું પણ નથી, પરંતુ સ્થળ અને કાળની પરિસ્થિતિમાં બ્રહ્મ પોતાના સ્વરૂપને પ્રક્ષિપ્ત કરે છે તે. સૃષ્ટિ એટલે કોઈ બનાવટ નથી, પરંતુ ચિન્મય સત્‌-તાની સંજ્ઞાઓમાં અને રૂપોમાં બ્રહ્મ જે ભૂતરૂપતા ધરે છે તે.

ભૂતસ્વરૂપતામાં પ્રત્યેક જણ બ્રહ્મ છે, પરંતુ દિવ્ય ચૈતન્યની લીલામાં ભિન્ન ભિન્ન પ્રકારે પ્રતિરૂપતા પામેલું અને પોતાની જ સાથે ભિન્ન ભિન્ન સંબંધો ધરાવતું બ્રહ્મ; પોતાના સત્‌-સ્વરૂપમાં પ્રત્યેક જણ સમસ્ત બ્રહ્મ છે.

કેવલ સ્વરૂપ કે વિશ્વસ્વરૂપ બ્રહ્મમાં સાપેક્ષતાના સંસારમાં પોતાના સ્વરૂપથી જુદા પડી અવસ્થિત થવાની શક્તિ છે. ચૈતન્યના એક ગૌણ આન્દોલન દ્વારા બ્રહ્મ વ્યક્તિને વૈશ્વિકસ્વરૂપથી અલગ અને જે સાપેક્ષ છે તેને કેવલસ્વરૂપથી ભિન્ન કલ્પે છે. આ ભિન્નતાના ભાવને ઉત્પન્ન કરનારા આન્દોલન વિના વ્યક્તિ સમષ્ટિમાં વિલીન થઈ જવાની ને જે સાપેક્ષ છે તે નિરપેક્ષમાં અલોપ થઈ જવાની વૃત્તિ ધરાવે છે. આમ પરાત્પર અને વિશ્વસ્વરૂપ બ્રહ્મથી પોતાની જાતને પૃથક્ માનતી વ્યક્તિમાં તદનુરૂપ જે પ્રતિકાર્ય થાય છે ને બ્રહ્મ ટેકો આપે છે ને બહુ-સ્વરૂપમાં જે બીજી વ્યક્તિઓ છે તેમનાથી પોતે એક જુદી વ્યક્તિ છે એવા ભાવનું

સમર્થન કરે છે. આત્મા અદ્વૈતભાવને પોતાના પૃષ્ઠભાગમાં રાખે છે અને બ્રહ્મની લીલામાં ભેદભાવી અહંભાવને બલપૂર્વક આગળ આણે છે .

વ્યકિતસ્વરૂપતા પામેલો જીવ એકસ્વરૂપથી હમેશને માટે પોતાને જુદો માને કે હમેશને માટે એની સાથે પોતાને એકરૂપ માનતો હોવા છતાંય પૃથક્ માને કે પાછો ફરીને શુદ્ધ અદ્વૈતમાં* નિજ ચૈતન્યમાં પૂરેપૂરો પ્રવેશ કરે. પરંતુ કોઈ એક પ્રકારની એકતાથી પોતાને સ્વતંત્ર તો કદાપિ માની શકે નહીં, કેમ કે વિશ્વમાંના કે વિશ્વ પારના કલ્પી શકાય એવા કોઈ સત્ય સાથે આ દૃષ્ટિનો મેળ ખાતો નથી.

આ ત્રણ મનોવૃત્તિઓ બ્રહ્મનાં ત્રણ સત્યો સાથે બંધબેસતી છે; ત્રણે એકી સાથે સત્ય અને સપ્રમાણ હોવા છતાં બાકીના બીજા પૂરક ભાગો ન હોય તો પૂરેપૂરી સાચી નથી. એમનું સહ-અસ્તિત્વ તર્કબુદ્ધિ માટે કલ્પવું મુશ્કેલ છે છતાં ચૈતન્યમાં બ્રહ્મ સાથેના અદ્વૈત દ્વારા એમનો અનુભવ કરી શકાય છે.

એકતાને સાગ્રહ આગળ રાખવા જતાંયે આપણે યાદ રાખવું જોઈએ કે બ્રહ્મ આપણા મનની ભેદભાવી વિચાર વિચારણાની પારની વસ્તુ છે, આપણા વિચારનાં વિવેચનોની નહીં; એ છે કેવળસ્વરૂપ અનંત પરમાત્મા ને એ વિવેચનાની પકડમાંથી છટકી જાય છે. આપણી ચેતના પ્રતિરૂપાત્મક અને પ્રતીકરૂપ છે; એ કેવલ સ્વરૂપની એના પોતાના વાસ્તવિક સ્વરૂપમાં પરિકલ્પના કરી શકતી નથી, તેથી કેવળ બ્રહ્મનો એનો વિચાર 'નેતિ નેતિ' નું રૂપ લે છે, વિશ્વમાં જે સર્વને એ ધારણ કરી રહેલું દેખાય છે તે સર્વને લઈ લઈને જ ખાલીખમ રહે છે તે એ છે એવું વિચારાય છે. પરંતુ કેવલ બ્રહ્મ નથી કોઈ રિકતતા કે 'નેતિ નેતિ' ભાવ. અહીં કાલમાં અને કાલની પાર જે સર્વ છે તે સર્વ એ પોતે છે

એકતા સુધ્ધાં એક પ્રતિરૂપ છે અને બહુરૂપતા સાથેના સંબંધમાં જ એનું અસ્તિત્વ છે. વિદ્યા અને અવિદ્યા સમાન પ્રકારે પરમ ચિત્‌ની સનાતન શકિતઓ છે. એકલી વિદ્યા કે એકલી અવિદ્યા પોતે પરમોચ્ચ જ્ઞાન નથી.

(જુઓ શ્લોક ૯-૧૧.)

તેમ છતાંય સઘળા સંબંધોનો છૂપો આધાર બહુરૂપતા નહીં પણ એકરૂપતા જ છે. એકતામાં જ બહુરૂપતાનું બંધારણ છે ને એકતા જ એને ટકાવી રાખે છે; એકતા બહુરૂપતાની બનેલી નથી ને બહુરૂપતા કંઈ એને ટકાવી રાખતી નથી.

તેટલા માટે એકતા આપણું સ્વરૂપ છે અને આત્માનો મૂળભૂત સ્વભાવ છે એવું આપણે કલ્પવાનું છે, અને બહુરૂપતા આત્માની પ્રતિરૂપતા અને ભૂતાત્મક

---

* આ ત્રણ પ્રતિજ્ઞાઓ ઊલટા ક્રમમાં, વેદાન્તનાં ત્રણ મુખ્ય દર્શનોની, અદ્વૈતની, વિશિષ્ટાદ્વૈતની અને દ્વૈતની છે.

સ્વરૂપ છે એવું સમજવાનું છે. બ્રહ્મને આપણે સર્વના એક આત્મા રૂપે અવધારવાનું છે અને એ ભાવમાં રહી એ એક આત્માનાં ભૂતાત્મક સ્વરૂપો રૂપે બહુરૂપ પ્રત્યે દૃષ્ટિ વાળવાની છે ( **भूतानि. . . आत्मा**). પણ આત્મા તેમ જ એનાં ભૂતાત્મક સ્વરૂપો, ઉભય બ્રહ્મ જ છે; એકને આપણે બ્રહ્મ અને અન્યને બ્રહ્મ નહીં પણ અસત્ય રૂપ માનવાનાં નથી, બન્ને સાચાં છે, એકમાં ઘટક-અવયવોનું અને જ્ઞાનગ્રાહિતાનું સત્ય છે, બીજામાં વ્યુત્પત્તિવિષયક કે આશ્રયાધીનતાયુક્ત સત્યતા છે.

**દેવોનું દોડવાનું**

વિશ્વમાં સ્થાણુ રૂપે પ્રતિરૂપતા પામેલું બ્રહ્મ પોતાના અવિનાશી સત્ સ્વરૂપે પુરુષ, ઈશ્વર અને આત્મા છે; પ્રવર્તમાન ગતિમય સ્વરૂપે પ્રતિરૂપતા પામી ક્રિયાશીલ ચિત્‌ની એની શકિત વડે એ પ્રકૃતિ છે, ઓજસ્ છે, કે ભુવન-બીજ (પ્રકૃતિ, શકિત, માયા [1]) છે આ બન્ને તત્ત્વોની લીલા છે વિશ્વનું જીવન.

દેવો છે એકમાત્ર ઈશ્વરને અભિવ્યકત કરતાં વૈશ્વિક વ્યકિતસ્વરૂપોમાં પ્રતિરૂપતા પામેલું બ્રહ્મ. આ દેવો એમના અવૈયકિતક કાર્યમાં પ્રકૃતિનાં તત્ત્વોની વિધવિધ લીલા રૂપે પ્રકટ થતા દેખાય છે.

'બીજાં' છે પાછળથી આવતા શ્લોકમાંનાં સર્વ ભૂતો **सर्वभूतानि**, બહુરૂપમાં પૃથક્તા પામેલી ચેતના રૂપે પ્રતિરૂપતા પામેલું બ્રહ્મ.

વિશ્વમાંનું સર્વ કાંઈ અને દેવો સુધ્ધાં સંસારની સર્વસામાન્ય ચાલી રહેલી ગતિમાં એની પોતાની બહારના કોઈ એક લક્ષ્ય તરફ, યા તો પોતે પોતા વિષે જે તાત્કાલિક ભાવના રાખે છે તેનાથી કોઈ એક જુદી વસ્તુ તરફ ગતિ કરી રહ્યું હોય

---

[1] પુરુષની સામેના પક્ષે કાર્યસાધક પ્રકૃતિ રહેલી છે. પુરુષ છે જીવાત્મા, જે શાસન ચલાવે છે, પ્રકૃતિનાં કાર્યોનું આલોચન ને એમનો ઉપભોગ કરે છે. શકિત છે ઈશ્વરની (દેવ કે પુરુષની) સ્વયંભૂ સત્તા, સ્વયંજ્ઞાનરૂપિણી, ને સિદ્ધિની સ્વયંસાધિકા; પ્રકૃતિનાં કાર્યો દ્વારા એ પોતાને અભિવ્યકત કરે છે. વેદના મૂળ અર્થમાં માયા એટલે સર્વગ્રાહી સર્જનાત્મક જ્ઞાન—પરાપૂર્વથી ઊતરી આવેલું પ્રજ્ઞાન; ત્યાર પછી એના બીજા અને વ્યુત્પત્તિવાચક અર્થમાં એ કપટ, ચાતુરી, જાદૂ તથા ભ્રાન્તિના અર્થમાં પણ વપરાય છે: એના બીજા અર્થમાં એ અપરા—નિમ્ન પ્રકૃતિનાં કાર્યો માટે જ સાચી રીતે વાપરવા યોગ્ય છે, કેમ કે નિમ્ન પ્રકૃતિ દિવ્ય જ્ઞાનને ઓથા પાછળ રાખે છે, ને પોતે ભેદજનક 'અહં'ના અનુભવોમાં તલ્લીન થઈ રહે છે. ઉપનિષદોમાં માયા શબ્દ વિરલ દેખા દે છે ને ત્યારેય તે પોતાના વધારે પુરાણા અર્થમાં વપરાયેલો જોવામાં આવે છે.

એવું એને પોતાને જણાય છે. લક્ષ્ય છે બ્રહ્મ; કેમ કે એ પોતે જ છે આદિ તેમ જ અંત, સર્વે ગતિનું કારણ અને પરિણામ.

પરંતુ પ્રકૃતિની ગતિમાં અંતિમ લક્ષ્યનો ખ્યાલ પોતેય ભ્રમાત્મક છે. કેમ કે બ્રહ્મ છે કેવલસ્વરૂપ અને અનંત. બ્રહ્મને પહોંચવાનો પરિશ્રમ કરતા દેવોને પ્રાપ્ત થયેલા પ્રત્યેક લક્ષ્યે જણાય છે કે એમણે પોતે જેનો સાક્ષાત્કાર કર્યો છે તેનાથી દૂર આવેલી સાક્ષાત્કાર કરવા માટેની વસ્તુ પ્રતિ બ્રહ્મ એમની આગળ ગતિ કરી રહેલું છે. વિશ્વના આભાસોમાંનું કશું પણ સાપેક્ષ ચેતનાને માટે પૂરેપૂરું **तत्**-સ્વરૂપ હોઈ શકતું નથી; બધું જ અજ્ઞેયનું પ્રતીકાત્મક પ્રતિરૂપ છે.

બ્રહ્મમાં તો સર્વ વસ્તુઓ પહેલેથી જ સિદ્ધ થયેલી હોય છે. પ્રકૃતિના ક્રમમાં બીજાઓનું દોડવું તે બ્રહ્મની પોતાની પાસે જે પહેલેથી જ છે તેનું કાળમાં અને સ્થળમાં કાર્ય-કારણ દ્વારા સિદ્ધ થવું તે.

પોતાના વિશ્વાત્મક સ્વરૂપે પણ બ્રહ્મ જગતના આન્દોલનથી પર છે. કાળથી પર એ એકી સાથે ભૂત વર્તમાન અને ભવિષ્યને પોતાની અંદર ધારણ કરી રહેલું છે, અને વિચારગ્રાહ્ય કાળના અન્ત સુધી એને દોડવું પડતું નથી. અવકાશથી અતીત હોઈ એ સર્જાયેલાં પોતાનાં સઘળાં રૂપોને પોતાની અંદર એકી વખતે ધારણ કરેલાં રાખે છે અને વિચારગ્રાહ્ય અવકાશના અન્ત સુધી એને દોડવું પડતું નથી. કાર્યકારણતાથી પર હોઈ એ મુકત ભાવે સર્વ ઘટનાઓને તેમ જ સંભવનીયતાઓને પોતાની અંદર ધારણ કરે છે અને તેમ છતાં જે કાર્યકારણતાથી વિશ્વમાં એ સંકળાયેલાં છે તેની સાંકળથી બંધાતું નથી. સંસારમાં ભિન્નતા પામેલાં વ્યકિત-સ્વરૂપો દ્વારા સધાય તે પહેલાં ઈશ્વર સ્વરૂપે એણે બધું સિદ્ધ કરી દીધેલું હોય છે.

**પ્રાણનું તત્ત્વ**

માતરિશ્વન્ વાયુ અને આપ : જલ

સંસારમાં **तत्**—બ્રહ્મનો ઉદ્દેશ શો છે?

સંસાર એક છંદોલય છે, સંવાદિતા છે, ને વિશ્વવ્યાપી પ્રાણ રૂપે **तत्** બ્રહ્મ સચેત આત્માની સંજ્ઞામાં પોતાનાં સ્વરૂપોને ઢાળીને એને સાધિત કરે છે. અજ્ઞેયને પ્રતીક રૂપે અભિવ્યકત કરતું એ વિધિસૂત્ર છે અને એ એવી રીતનું રચાયું છે કે પ્રત્યેક ચેતન-ભૂમિકા પોતાનાથી જે કંઈક પારનું છે તેનું સાચું પ્રતિનિધિ સ્વરૂપ બને છે, ઊંડાણનું ઊંડાણ, ધારણભોમની ધારણભોમ બને છે. પોતાના જ આનંદ માટે પ્રવર્તતી દિવ્ય ચેતનાની એ લીલા[1] છે અને સ્વયં નિત્યપૂર્ણ **तत्** બ્રહ્મમાં

---

[1] લીલા: આ વૈષ્ણવ લીલાનું સ્વરૂપ છે ને જગતમાં વ્યકિતસ્વરૂપ પ્રભુને એ લાગુ પડે છે, તેમ છતાં વ્યકિતત્વ વગરના બ્રહ્મને પણ એ એટલું જ લાગુ પડે છે.

એ કશોય ઉમેરો કરતી નથી. એ છે સચેત સત્-તાનું એક તથ્ય; એનું પોતાનું અસ્તિત્વ જ એને માટે એના વાજબીપણાનું પ્રમાણ છે, પોતાના સિવાયનો બહારનો કોઈ પણ હેતુ એને માટે નથી. હેતુનો ખ્યાલ, લક્ષ્યનો ખ્યાલ, જગતે સર્જેલાં રૂપોમાં રહેનાર વ્યકિત બનેલા જીવો સમક્ષ જગત પોતાના સાચા સ્વભાવને ક્રમશ: વધારે ને વધારે ખુલ્લો કરતું જાય છે, તેમાંથી જન્મ પામે છે; કેમ કે આત્મા પોતાનાં ભૂત-સ્વરૂપોમાં ધીરે ધીરે સ્વયં પ્રકટતા પામતો જાય છે, બહુરૂપતામાંથી એકતા ઉદય પામતી જાય છે અને આપણી ચેતના આગળ બહુરૂપતાનાં મૂલ્યોનું એ પૂરેપૂરું પરિવર્તન કરે છે.

આ આત્મોન્મીલન વિશ્વમાં કાર્ય કરી રહેલી ચેતનાની સંકુલતાએ ઊભી કરેલી પરિસ્થિતિઓના શાસન અનુસાર થાય છે.

કેમ કે ચેતના કોઈ સીધી સાદી ચીજ નથી, એ એક જ પ્રકારનાં તત્ત્વોની બનેલી નથી, એ સાત તત્ત્વોની રચના, અર્થાત્, એ વિશુદ્ધ **સત્**થી પાર્થિવ સત્-તા સુધી ઊતરી આવે છે ને ચેતનાના સાત સ્વરૂપો કે શ્રેણીઓ એના બંધારણમાં રહેલી હોય છે. એમનું એકમેક પર થતું કાર્ય ભુવનોને સર્જે છે, બધી પ્રવૃત્તિઓનો નિર્ણય કરે છે, સઘળાં ભૂતોનું ઘટનાકાર્ય કરે છે.

બ્રહ્મ આ લીલાને યા તો પ્રકૃતિના કાર્યને પોતાની અંદર ધારણ કરી રાખે છે. દિક્-કાળમાં બ્રહ્મ પોતાના સ્વરૂપનું પ્રસરણ કરે છે ત્યારે તે વિશ્વ બને છે.

બ્રહ્મના આ પ્રસરણમાં વસ્તુઓની વિશ્વરૂપિણી માતા એટલે કે રૂપો રચનારી પ્રકૃતિ સ્વરૂપે એ પ્રતિરૂપતા પામે છે ને સર્વ પ્રથમ તે **પૃથિવી**, પૃથ્વીતત્ત્વ કહેવાતા પદાર્થ રૂપે આપણને દેખાય છે.

પૃથ્વીતત્ત્વમાં રહેલું બ્રહ્મ એટલે કે પાર્થિવ સત્ વિશ્વવ્યાપી પ્રાણ-શકિત રૂપે—માતરિશ્વા રૂપે પ્રતિરૂપતા પામે છે ને આ સ્વરૂપે એ પ્રાણમયી ક્રિયાશકિત બની ગતિમાન થાય છે અને બધી વ્યવસ્થિત રચનાઓ ને રૂપોત્પત્તિઓ ઉપર અસરકારક પરિણામો ઉપજાવતો અધિષ્ઠાતા બને છે.

પાર્થિવ તત્ત્વમાં અંતર્લીન વૈશ્વિક પ્રાણ ચેતનાની સમ શ્રેણીઓની સંસ્થાપના કરે છે; અને ક્રિયાશીલ ઓજ:શકિત બનેલા પ્રાણનું જે કાર્ય પદાર્થોના ગર્ભ ઉપર થાય છે તેમાંથી તેનાં વિવિધ રૂપોની ઉત્પત્તિ થાય છે અને તે તેમની બધી ઉત્ક્રાન્તિ-ઓની આધારભોમ પૂરી પાડે છે.

**સંક્રામક વિચાર**

જીવન જલો

તો પછી વિશ્વમાં કાર્ય કરતી ને **ચિત્**માં એના અંગ રૂપે સમાવેશ પામેલી સાત વસ્તુઓ છે. મન, પ્રાણ અને દેહ, એમ ત્રણ તત્ત્વોનું આપણને આપણા

આત્મામાં સ્વાભાવિક પણે ભાન હોય છે. આપણે માટે એ ભેદાત્મક અને નાશવંત અસ્તિત્વ રચી આપે છે; ને આ અસ્તિત્વ જન્મ અને મૃત્યુના બે ધ્રુવોની વચગાળમાં અસ્થિર સંવાદિતાની દશામાં રહે છે તથા ભાવાત્મક અને અભાવાત્મક બળોના સંઘર્ષ દ્વારા કામ ચલાવે છે. કેમ કે શ્લોક ૧૨—૧૪ માં જે સંભવ, સંભૂતિની વાત આવે છે તદનુસાર સારુંયે જીવન સતત જન્મ યાને સંભૂતિનું બનેલું છે. સર્વ પ્રકારનો જન્મ જે જન્મ્યું હોય છે તેનું સતત મૃત્યુ કે વિનાશ સાથેનો જ હોય છે, જેથી કરીને એ નવા ભૂત-સ્વરૂપમાં પલટો પામે. તેટલા માટે અસ્તિત્વની આ અવસ્થાને 'મૃત્યુ' કહેવાય છે, ને જેમાં થઈને પસાર થવાનું છે ને જેને પાર કરવાની છે એવી એક ભૂમિકા રૂપે એનું વર્ણન કરવામાં આવેલું છે. (શ્લોક ૧૧—૧૪).

કેમકે આ જે છે તે જ આપણી આખી આત્મસત્-તા નથી ને તે કારણને લીધે તે આપણું વિશુદ્ધ આત્મસ્વરૂપ નથી. છે તેની પાછળ એક પર-ચેતન અસ્તિત્વ છે ને એ પણ ત્રણ વસ્તુઓનું બનેલું છે, **सत् चित् तपस** અને **आनन्द**

**सत्** આપણા સ્વરૂપનો સાર છે; એ છે અનંત અને અવિભક્ત; જે પાર્થિવ પદાર્થ ચાલુ ને ચાલુ બદલાયા કરે છે તેની ઉપર રચાયેલા વિભાજ્ય સ્વરૂપથી વિરુદ્ધમાં રહેલું હોય એવું. **सत्** પાર્થિવ પદાર્થની દિવ્ય પ્રતિમૂર્ત્તિ છે.

**चित्-तपस्** છે ચૈતન્યની શુદ્ધ શક્તિ; એ પોતાની આરામની સ્થિતિમાં તેમ જ એ કાર્ય કરતી હોય ત્યારેય મુક્ત હોય છે; એનો સંકલ્પ સર્વોપરી છે: એથી વિપરીત રીતે પ્રાણની બાધિત ક્રિયાશીલ શક્તિઓ પાર્થિવ પદાર્થોના ભોજ્યો પર જીવે છે અને એમના અન્નાહાર[1] ઉપર આધારિત તથા તેથી મર્યાદિત પણ બનેલી હોય છે. નિમ્ન ભૂમિકાની નાડીયંત્રમાંથી નીપજતી કે પ્રાણના ઓજસની બનેલી જે શક્તિ છે તેની દિવ્ય પ્રતિમૂર્ત્તિ છે **तपस्**.

**आनन्द** છે નિઃશ્રેયસ, પરમ સુખની કેવલાવસ્થા, **सत्** ને **चित्** સ્વરૂપ વિશુદ્ધ ચૈતન્યનું મહાસુખ; ને એનાથી વિપરીત છે ઈન્દ્રિયોનાં સંવેદનોનું ને લાગણીઓનું બનેલું જીવન, જે સંવેદનો અને લાગણીઓના પ્રાણના ને જડ પદાર્થના સંસ્પર્શોને ને એમના ભાવાત્મક તેમ જ અભાવાત્મક પ્રતિકાર્યોને એટલે કે હર્ષ અને શોકને, સુખ અને દુઃખને વશ વર્તે છે. આનંદ છે નિમ્ન ભૂમિકાના લાગણીઓના ને સંવેદનોના બનેલા જીવનની દિવ્ય પ્રતિમૂર્ત્તિ.

દિવ્ય સચ્ચિદાનંદને ઉચિત આ ઉચ્ચતર અસ્તિત્વ એકીભૂત અને સ્વયંભૂ

---

[1] આ કારણને લીધે ઉપનિષદોમાં પદાર્થને 'અન્ન' ખાદ્ય નામ મળેલું છે તો પણ પોતાના મૂળ અર્થમાં આ શબ્દ કેવળ સત્ત્વ કે દ્રવ્ય અર્થવાળો છે એવું સમજવાનું છે.

# ૩

# બીજું આંદોલન

## [૨]

### શ્લોક ૬—૭*

**આત્મસાક્ષાત્કાર**

સ્વરૂપલક્ષી દૃષ્ટિથી જોતાં બ્રહ્મ વિશ્વમાં જે કંઈ છે તે સર્વનો આત્મા છે, સર્વનું અક્ષર ને અવિનાશી અસ્તિત્વ છે. આપણામાં જે વિકારી ને પરિવર્તનશીલ છે તે છે આપણાં મન, પ્રાણ, શરીર, લક્ષણ, સ્વભાવ અને ક્રિયા. આમાંનું કશુંય આપણું સાચું ને અવિકારી સ્વરૂપ નથી; એ છે માત્ર **જગતી**માં આત્માનાં ભૂત-સ્વરૂપો.

એટલા માટે ચેતન કે અચેતન જે સર્વ વસ્તુઓ પ્રકૃતિમાં અસ્તિત્વ ધરાવે છે તે સર્વે સર્વનો જે એક આત્મા છે તેનાં ભૂત સ્વરૂપો છે. આ સઘળા વિધ વિધ પ્રકારના જીવો એક અવિભાજ્ય **સત્** છે. પ્રત્યેક જીવે જેનો સાક્ષાત્કાર કરવાનો છે તે સત્ય છે આ.

પોતાના અસ્તિત્વના પ્રત્યેક ભાગમાં વ્યકિત જ્યારે આ એકતા સિદ્ધ કરે છે ત્યારે તે પૂર્ણ બને છે, પવિત્ર બને છે, અહંતા અને દ્વન્દ્વોમાંથી મુકત બને છે, પરિપૂર્ણ પરમાનંદનો સ્વામી બને છે.

**આત્મા**

આપણું સત્ય સ્વરૂપ આત્મા બ્રહ્મ છે; એ છે વિશુદ્ધ, અવિભાજ્ય **સત્**, એ છે સ્વયંપ્રકાશ, ચૈતન્યમાં સ્વયંનિલીન, શકિતમાં સ્વયંનિલીન, નિજાનંદમય,

---

* ૬ પણ જે સર્વ અસ્તિત્વોમાં આત્માને ને આત્મામાં સર્વ અસ્તિત્વોને જુએ છે તે ત્યાર પછી કશાની પ્રતિ જુગુપ્સા રાખતો નથી.

૭ જેની અંદર એનો પોતાનો આત્મા જ સર્વભૂત સ્વરૂપ બનેલો છે એવું પૂર્ણ જ્ઞાન જાગેલું છે તેને મોહ શો અને શોક શો? કેમ કે એ તો સર્વત્ર એકતા જ અનુભવે છે.

જ્યોતિ અને પરમ સુખ એનું અસ્તિ-સ્વરૂપ છે. એને નથી કાળ કે નથી દિશાવકાશ, એ છે નિર્મુક્ત.

### ત્રિવિધ પુરુષ[1]

પુરુષ અને પ્રકૃતિના સંબંધો ઉપર આધારિત ત્રણ અવસ્થાઓમાં આત્મા જીવની ચેતના આગળ પ્રતિરૂપતા પામે છે. આ ત્રણ અવસ્થાઓમાં એક છે અક્ષર, અચલ અને અવિનાશી; ક્ષર, ચલ કે વિનાશી; અને **पर** કે **उत्तम**, પરાત્પર કે પરમોચ્ચ.

ક્ષર પુરુષ તે આત્મા છે જે પ્રકૃતિમાં થતાં પરિવર્તનોને ને પ્રવૃત્તિઓને પ્રતિબિંબિત કરે છે, એમનામાં ભાગ લે છે, જગતની ચેતનામાં ગરક થઈ જાય છે ને એમાં જન્મતો અને મરતો, વૃદ્ધિ અને ક્ષય પામતો, પ્રગતિ અને પરિવર્તન પામતો દેખાય છે. ક્ષર સ્વરૂપે આત્મા વિકાર ભેદભાવ અને દ્વન્દ્વનો ઉપભોગ કરે છે; ગુપ્ત ભાવે પોતાના વિકારોને વશ વર્તાવતો હોવા છતાં દેખીતી રીતે એ એમને વશ વર્તતો હોય એવો આભાસ ઉત્પન્ન કરે છે; સુખ અને દુ:ખના, શુભ અને અશુભના વિરોધોનો પોતે ઉપભોગ કરે છે પરંતુ પોતે એમનો ભોગ બની ગયો હોય એવું બતાવે છે; જેનાથી પોતે ઉત્પન્ન થયેલો દેખાય છે તે પ્રકૃતિના કાર્યનો જે સ્વામી છે ને એ કાર્યને ટકાવી રાખતો હોય છે. કેમ કે આત્મા હરહંમેશ ને અનિવાર્યપણે ઈશ્વર, પ્રભુ.

પ્રકૃતિનાં પરિવર્તનો ને પ્રવૃત્તિઓથી અળગો પડી પાછળ ઊભો રહેલો આત્મા અક્ષર પુરુષ છે. એ છે શાન્ત, શુદ્ધ, નિષ્પક્ષ, ઉદાસીન; અંદર ભાગ લીધા વિના એ પ્રકૃતિનાં કાર્યોનું નિરીક્ષણ કરે છે, જાણે કોઈ શિખર ઉપર ઊભો હોય તેમ તે અવસ્થિત રહે છે અને એ જીવનનાં જલોમાં ગરક થઈ જતો નથી. આ શાન્ત આત્મા સદૈવ નિશ્ચલ અને નિર્વિકાર આકાશ છે અને એ કદીયે સ્થિર ન રહેનારાં જલોનું ઉપરથી અવલોકન કરતો હોય છે. ક્ષર પુરુષની ગુપ્ત મુક્તિ હોય તો તે છે આ અક્ષર પુરુષ.

પરં પુરુષ અર્થાત્ પુરુષોત્તમ તે આત્મા છે કે જે નિ:સ્પંદતાને તેમ જ પ્રવૃત્તિને એમ ઉભયને પોતાની અંદર ધારણ કરી રાખે છે ને ભોગવે છે, પણ તેમ છતાં એ બેમાંથી એકે વડે બાધિત ને પરિસીમિત થતો નથી. એ છે ઈશ્વર, બ્રહ્મ, સર્વમય, અનિર્વાચ્ય અને અવિજ્ઞેય.

અવિચલમાં તેમ જ ચલાયમાન ને નાશવંતમાં, ઉભયમાં આ પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો છે.

---

[1] ગીતા ૧૫, ૧૬, ૧૭. વળી જુઓ અધ્યાય ૧૮.

**પ્રકૃતિસ્થ પુરુષ**[1]

જીવાત્મામાં ચેતનાના આગળ પડતા તત્ત્વ અનુસાર પ્રકૃતિનાં સપ્તવિધ આન્દોલનમાં આત્મા જુદી જુદી રીતે પોતે પ્રતિરૂપતા પામે છે.

પાર્થિવ ચેતનામાં આત્મા અન્નમય પુરુષ બને છે. પ્રાણમાં અથવા શિરાગત ચેતનામાં આત્મા ક્રિયાશીલ પ્રાણમય પુરુષ બને છે.

માનસિક ચેતનામાં આત્મા મનોમય પુરુષ બને છે.

વેદમાં જેને **सत्यं, ऋतं, बृहत्** કહે છે ને જેની ઉપર વિજ્ઞાનમય સત્યની સત્તા ચાલે છે તે બુદ્ધિ પારની ચેતનામાં આત્મા વિજ્ઞાનમય પુરુષ એટલે કે **महत् आत्मा**[2] બને છે.

વિશ્વવ્યાપી નિ:શ્રેયસને ઉચિત ચેતનામાં આત્મા સર્વસુખમય સત્ યા તો વિશ્વોપભોગી, વિશ્વસર્જક આનંદમય પુરુષ બને છે.

અનંત દિવ્ય સ્વયંસંજ્ઞાનને ઉચિત ચેતનામાં, જે સાથે સાથે અનંત સર્વસાધક સંકલ્પશકિત (**चित्-तपस्**) છે, ત્યાં આત્મા વિશ્વના પ્રભવરૂપ ને વિશ્વનો નાથ એવો સર્વસંજ્ઞાનમય **चैतन्य पुरुष** છે.

વિશુદ્ધ દિવ્ય **सत्**ની અવસ્થાને ઉચિત ચેતનામાં આત્મા **सत-पुरुष** વિશુદ્ધ દિવ્ય પુરુષ છે .

પોતાના સત્ય સ્વરૂપે માણસ સર્વ રૂપોમાં રહેલા ઈશ્વર સાથે એક હોવાથી આ અવસ્થાઓમાંની આત્માની કોઈ પણ અવસ્થામાં જગતની અંદર રહી શકે છે. અન્નમય પુરુષની અવસ્થાથી માંડી અખિલાનંદમય પુરુષની અવસ્થામાં ઈચ્છાનુસાર જે થવું હોય તે થઈ શકે છે. આનંદમય દ્વારા એ ચૈતન્યમયમાં અને **सत् पुरुष**માં પ્રવેશી શકે છે.

**સચ્ચિદાનંદ**

સચ્ચિદાનંદ ઉચ્ચતર પુરુષનો આવિર્ભાવ છે; અનંત સત્નો, ચિત્નો શકિતનો ને આનંદનો એનો જે સ્વભાવ તે પરા પ્રકૃતિ. મન, પ્રાણ અને શરીર છે નિમ્ન સ્વભાવ, અપરા પ્રકૃતિ.

સચ્ચિદાનંદની અવસ્થા વિશ્વના અસ્તિત્વનો ઉપરનો અર્ધ, પરાર્ધ ભાગ છે ને એનો સ્વભાવ છે અમૃત. જડ પદાર્થમાં મર્ત્ય અસ્તિત્વની અવસ્થા **अपरार्ध**

---

[1] તૈતરીય ઉપનિષદ ૨. ૧-૬.

[2] **महत् आत्मन्** વા બૃહત્ આત્માનો ઉલ્લેખ ઉપનિષદોમાં વારંવાર આવે છે. એને **भूमा** વિશાળ પણ કહેવામાં આવે છે.

નીચેનો અર્ધો ભાગ છે ને **મૃત્યુ** એનો સ્વભાવ છે.

દેહમાંનાં મન અને પ્રાણ, અજ્ઞાનને કારણે સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર કરવામાં નિષ્ફળ નીવડે છે, તેથી તેઓ મૃત્યુની અવસ્થા ભોગવે છે. સચ્ચિદાનંદનો પૂર્ણપણે અનુભવ કરીને તેઓ પોતાનું ધર્માન્તર સાધી શકે છે ને એવું થતાં મન સત્ય જેનો સ્વભાવ છે એવા વિજ્ઞાનમાં, પ્રાણ ચૈતન્યના સ્વભાવમાં ને શરીર **સત્**ના સ્વભાવમાં એટલે કે શુદ્ધ મૂળતત્ત્વમાં પરિવર્તન પામે છે.

શરીરમાં જ્યારે આ પૂર્ણપણે સાધી શકાતું નથી ત્યારે જીવ અસ્તિત્વનાં અન્ય રૂપોમાં એટલે કે ભુવનોમાં પોતાની સાચી અવસ્થા સિદ્ધ કરે છે. એ ભુવનો છે સૂર્યથી પ્રકાશિત ભુવનો ને અવસ્થાઓ છે આનંદની. ત્યાં રહ્યા પછી જીવ શરીર-ધારી બની આત્મવિકાસની પરિપૂર્ણતા સાધવા પાર્થિવ લોકમાં પાછો આવે છે.

શરીરમાં રહી ક્રમશઃ વધારે ને વધારે પૂર્ણતાએ પહોંચતા સાક્ષાત્કારો સિદ્ધ કરવા એ માનવ ઉત્ક્રાન્તિનું લક્ષ્ય છે.

વળી જીવ સચ્ચિદાનંદની શુદ્ધ અવસ્થામાં અનિશ્ચેય સમય સુધી પોતાની જાતને પાછી વાળીને લઈ જાય, એ પણ એને માટે શક્ય છે.

આત્માનો સચ્ચિદાનંદ સ્વરૂપે સાક્ષાત્કાર કરવો એ માનવ જીવનનું લક્ષ્ય છે.

### આત્માનુભવની દશા [1]

સચ્ચિદાનંદ આત્માની નિત્યની શુદ્ધ અવસ્થા છે; પોતે જાણે વિશ્વથી અલગ હોય તેમ એ કાં તો સ્વરૂપમાં સમાવેશ કરીને રહે છે, કાં તો વિશ્વનું અવલોકન કરતો, આશ્લેષતો ને એનો સ્વામી બનીને ઈશ્વર સ્વરૂપે રહે છે.

વસ્તુતઃ એ આ બન્નેય કાર્ય સમકાલ એકસાથે જ કરે છે. (૮ મો શ્લોક).

ઈશ્વર વિરાટ પુરુષ રૂપે, વિશ્વાત્મા સ્વરૂપે (૮ મા શ્લોકમાં જેને **પરિભૂઃ** કહ્યો છે તે **એક** સર્વત્ર સંભવનાર સ્વરૂપે) વિશ્વમાં વ્યાપ્ત બનેલો હોય છે; જગતની પ્રત્યેક વસ્તુમાં એ પ્રવેશ કરે છે, જ્ઞાનને એ વ્યકિતગત ચેતના ને વ્યકિતગત રૂપને આધાર આપનારો દેખાય છે ને અજ્ઞાનને વ્યકિતત્વ પામેલા ને પરિસીમિત થયેલા સત્ત્વ રૂપ દેખાય છે. જીવમાં એ જીવાત્મા યાને વ્યકિતત્વયુકત સત્ત્વ રૂપે પ્રકટ થાય છે.

---

[1] ઈશોપનિષદના પાઠમાં વ્યકત રૂપે જેમનો ઉલ્લેખ થયો નથી કે જેમને વિષે સ્ફુટ કહેવાયું નથી, છતાંય મેં આત્મા સંબંધી આ અને આ પહેલાંનાં મથાળાં નીચે ઉપનિષદના મુખ્ય વિચારો ભેગા કર્યા છે; કેમ કે શ્રુતિઓનું તત્ત્વજ્ઞાન પૂરેપૂરું સમજવા માટે ઈશોપનિષદમાં વિકસાવેલા વિચારની સાથે એમનો જે સંબંધ છે તેને સમજવા માટે એ અનિવાર્ય છે.

મૃત્યુ અને સીમાના રાજ્યમાં આપણી નિમ્નવર્તી દશાના દૃષ્ટિબિન્દુથી આત્મા અતિમનસ સચ્ચિદાનંદ છે, પણ તે મનમાં પ્રતિબિંબિત થયેલો હોય છે. મન જો વિશુદ્ધ હોય, પ્રકાશમાન હોય ને નિઃસ્પંદ હોય તો સાચું પ્રતિબિંબ પડે છે; જો તે અશુદ્ધ, ક્ષુબ્ધ અને તમોગ્રસ્ત હોય તો પ્રતિબિંબ વિકૃત બની જાય છે અને અજ્ઞાનના કુટિલ કાર્યને વશ બનેલું હોય છે.

પ્રતિબિંબ પાડતા મનની અવસ્થા અનુસાર આપણને આત્મજ્ઞાનની નિર્મળતા અથવા તો તત્ત્વબોધ અને ભ્રમણાનાં દ્વન્દ્વોમાં જ્ઞાનની તમોગ્રસ્તતા ને વિરૂપતા પ્રાપ્ત થાય છે; અહંકારરહિત સંકલ્પશક્તિની વિશુદ્ધ ક્રિયા કે સાધુ-અસાધુ કાર્ય, પાપ-પુણ્યનાં દ્વન્દ્વોમાં સંકલ્પશક્તિની તમોગ્રસ્તતા ને વિભ્રંશ આપણામાં આવે છે; પવિત્ર અવસ્થા અને પરમાનંદની મિશ્ર લીલા અથવા તો સાધુ-અસાધુ ભોગનાં, સુખ અને દુઃખનાં, હર્ષ અને શોકનાં દ્વન્દ્વોમાં પરમાનંદની તમોગ્રસ્તતા તથા વિપરીતતા પ્રાપ્ત થાય છે.

આત્મામાં ભેદભાવ તથા મર્યાદિતતા દ્વારા જે વિકૃતિ ઉત્પન્ન થાય છે તેના કારણમાં હોય છે માનસિક અહંભાવ. સમસ્ત અસ્તિત્વની અને સકલ ભૂતોની સાથે પોતે એક છે એ ભાવને બાતલ કરી પૃથક્ શરીર ધારી ક્ષર પુરુષ પ્રકૃતિનાં પરિવર્તન પામતાં રૂપો સાથે, વ્યક્તિત્વયુક્ત જીવન અને અહંભાવી મન સાથે જે તદાકારતા સાધે છે તેને કારણે પરિમિતતા પ્રકટ થાય છે.

એકતાને આમ જે બકાત રાખવાની પાકી થઈ ગયેલી બુદ્ધિની ટેવ છે તે જગતના જીવનમાં થયેલી આપણી પૂર્વકાળની ઉત્ક્રાન્તિને આભારી છે, માનવ ચેતનાનો નાબૂદ ન કરી શકાય એવો નિયમ નથી. એ ટેવ ઓછી થતી થતી અંતે અલોપ થઈ જાય છે ત્યારે આત્મસાક્ષાત્કાર માટેની શરત પૂરી થાય છે. એકસ્વરૂપ પરમાત્માનું દર્શન થતાં પ્રાજ્ઞતાનો, પૂર્ણતાનો અને પરમસુખમય નિઃશ્રેયસનો આરંભ થાય છે.

**આત્મસાક્ષાત્કારની ભૂમિકાઓ :**

સર્વમયનું દર્શન

આત્મસાક્ષાત્કાર પ્રથમ પ્રવૃત્ત થાય છે ત્યારે વિશ્વભરનાં અન્ય સઘળાં સત્ત્વો સાથે એકતાના ભાવનો ઉદય થાય છે. એના પ્રાથમિક કે કાચા સ્વરૂપમાં માણસ બીજાંઓને સમજવાનો કે એમની પ્રતિ દિલસોજી બતાવવાનો પ્રયત્ન કરે છે, વિશાળતાને પામતો જતો પ્રેમ કે દયાભાવ બતાવવાની વૃત્તિ એનામાં જાગે છે, બીજાઓ પ્રત્યે માણસાઈની લાગણી થાય છે, બીજાઓને માટે કામ કરવાની પ્રેરણા અનુભવાય છે.

આ પ્રકારે સધાયેલી એકતા બહુમયતાના ભાવ સાથેની એકતા હોય છે, અસલ એકતાને બદલે સમાન એકમોને એમાં એકત્ર કરવામાં આવેલાં હોય છે અને એને પરિણામે સમાન હિત ને લક્ષ્યવાળો સમુદાય ઊભો થાય છે. બહુરૂપ બનેલાં એ આપણી ચેતના માટે સાચાં અસ્તિત્વો હોય છે ને એકસ્વરૂપ એ સર્વનું પરિણામ માત્ર.

એક જડદ્રવ્ય, એક પ્રાણ, એક મન, એક જીવાત્મા અનેક રૂપોમાં વિલસી રહ્યો છે, એવું મૂલભૂત એકતાનું જ્યારે દર્શન થાય છે ત્યારે સાથોસાથ સાચું જ્ઞાન આરંભાય છે.

સઘળી વસ્તુઓનો આ આત્મા સચ્ચિદાનંદ છે એવું જ્યારે દેખાય છે ત્યારે જ્ઞાન પૂર્ણતાએ પહોંચે છે. કેમ કે પછી જે પાર્થિવ દ્રવ્ય છે તે કેવળ પ્રાણની લીલા રૂપે દેખાય છે, પોતાને પદાર્થમાં તેજ:શકિત ભર્યું બનાવતા મનની લીલા રૂપે પ્રાણ દેખાય છે, શક્ય એવાં સર્વ માનસિક રૂપોમાં વિધવિધ પ્રકારે સત્ત્વના તથ્યની પ્રતિરૂપતા પામતા સત્ય કે વિજ્ઞાનની લીલા રૂપે મન દેખાય છે, સત્ય સચ્ચિદાનંદની લીલા રૂપે ને સચ્ચિદાનંદ પરમ અજ્ઞેયના, પરબ્રહ્મના કે પર-પુરુષના આવિર્ભાવ રૂપ દેખાય છે.

સઘળા દેહોમાં રહેલો જીવ, વ્યકિતભાવ પામેલી ચેતનામાં પોતાને બહુગુણ બનાવતો એકસ્વરૂપ આત્મા કે સચ્ચિદાનંદ છે એવું આપણે જોઈએ છીએ. વળી આપણે બધાં મનોને, બધાં જીવનોને, ને બધાં શરીરોને આત્માના વિસ્તારિત સ્વરૂપમાં એના એ જ અસ્તિત્વનાં ક્રિયાશીલ સ્વરૂપો છે એવું પણ જોઈએ છીએ.

આત્મામાં સર્વભૂતોનું ને સર્વ ભૂતોમાં આત્માનું દર્શન તે આ; એ છે પૂર્ણ આંતર મુકિતનો, પૂર્ણ આનંદનો ને પૂર્ણ શાન્તિનો પાયો.

કેમ કે જેમ જેમ આ દર્શન જેટલા પ્રમાણમાં એની સાન્દ્રતામાં અને પૂર્ણતામાં વધે છે તેમ તેમ વ્યકિતના માનસમાંથી બધી જુગુપ્સા, અર્થાત્ ઘૃણા, સંકોચન, અણગમો, ભય, દ્વેષ અને લાગણીની અન્ય વિકૃતિઓ અદૃશ્ય થાય છે, કારણ કે એ સર્વના મૂળમાં ભેદભાવ, અન્ય જીવો પ્રત્યેનો અંગત વિરોધ કે આપણી આસપાસની વસ્તુસ્થિતિઓ સામેનો પ્રતિરોધ રહેલા હોય છે. જીવમાં પૂર્ણ સમતા[1] સ્થાપિત થયેલી હોય છે.

---

[1] સમતા—ગીતામાં જેને **સમતા** કહી છે તે. **જુગુપ્સા** એટલે પોતાના પરિમિત સ્વરૂપની ને બાહ્ય સંસ્પર્શોની વચ્ચેની સંવાદિતાના અભાવને કારણે થતી પ્રતિઘાતની લાગણી. એને લીધે શોક, ભય, દ્વેષ, અસુખ અને દુ:ખના ભાવમાં માણસ પરાવર્તન પામે છે. કામના અને આસકિતના મૂળમાં જે રાગ રહેલો છે તેનાથી તે વિપરીત છે. આપણામાંથી રાગદ્વેષ દૂર થાય છે ત્યારે સમતા આવે છે.

**આત્માનું એનાં ભૂત-સ્વરૂપોમાં દર્શન**

માત્ર દર્શન પૂરતું નથી; માણસ અંતર્મુખતા દ્વારા જે જુએ છે તેની સાથે એણે તદ્રૂપ બનવું જોઈએ. જે બુદ્ધિથી સમજાયું હોય છે ને અંતર્દૃષ્ટિથી જોવાયું હોય છે તે પોતાના સત્ત્વના બધા ભાગોમાં પૂરેપૂરી રીતે પ્રતિરૂપતા પામે એ પ્રકારે આખું આંતર જીવન બદલાઈ જવું જોઈએ.

વ્યકિતસ્વરૂપ જીવે એકતાના દર્શન દ્વારા સર્વમયમાં વિસ્તાર પામવાનો છે (**एकत्वमनुपश्यतः**) સર્વત્ર એકતા જોવાની છે; પોતાના વિચારોને, ભાવોને અને સંવેદનોને સત્યના સાક્ષાત્કાર દ્વારા (**विजानतः**) આવતા વસ્તુઓના સાચા સંબંધોના પૂર્ણ જ્ઞાન અનુસાર સુવ્યવસ્થિત કરવાનાં છે; જેના વડે સનાતન સમાથી સ્વયંભૂ એક સ્વરૂપ આત્મા અનેકરૂપતામાં પોતાનો આવિર્ભાવ કરે છે તે દિવ્ય ચેતનાના કાર્યનું પુનરાવર્તન કરવું જોઈએ; (**सर्वाणि भूतानि आत्मैवाभूत्**) આત્મા જ સર્વ ભૂતોને સ્વરૂપે પ્રકટ થયો છે તે જાણવું જોઈએ.

અર્થાત્ કહેવાનું કે માનુષી દૃષ્ટિએ જગત અસંખ્ય અને પ્રત્યેક પૃથક્ એવા જીવોનું બનેલું છે, બીજાઓથી જુદો એવો પ્રત્યેક જીવ પૃથક્ અસ્તિત્વ ધરાવે છે, બીજાઓનો ને દુનિયાનો લેવાય તેટલો વધારેમાં વધારે લાભ લેવાનો પ્રયત્ન કરતો હોય છે. પરંતુ ઈશ્વર પોતાની દિવ્ય દૃષ્ટિથી જ જગતને જુએ છે, પોતે જ એકમાત્ર આત્મા છે, પોતે જ જે બનેલો છે એવાં અસંખ્યાત અસ્તિત્વોમાં પોતે જ નિવાસ કરી રહેલો છે, પોતે જ સૌને આધાર આપે છે, નિષ્પક્ષ ભાવથી સૌને સહાય કરે છે, સઘળાંની દિવ્ય પરિપૂર્ણતા માટે પ્રવૃત્ત રહે છે અને આરંભથી જ નક્કી કરી રાખેલા નિયમ અનુસાર શાશ્વત સમાથી સચ્ચિદાનંદમાં યા તો અમૃતત્વમાં પૂર્ણાહુતિ પામતી ને ક્રમે ક્રમે વિકાસ પામતી જતી સંવાદિતા જીવોના જગતમાં સર્જે છે. આખા જગતના આન્દોલનમાં નિવાસ કરી રહેલો આત્મા ઈશ્વર સ્વરૂપે આ દૃષ્ટિ બિન્દુથી બધુ જુએ છે. વ્યકિતભાવ પામેલા જીવે અહંભાવી માનવી દૃષ્ટિબિન્દુ બદલવાનું છે ને એને સ્થાને દિવ્ય ને પરમની વિશ્વમયી દૃષ્ટિથી જોવાનું છે અને આ અનુભવને જીવનમાં જીવતો બનાવવાનો છે.

એટલા માટે પરાત્પર પરમ પુરુષનું જ્ઞાન જરૂરી છે. એ પુરુષોત્તમ જ એકમાત્ર એકતા છે. **सोऽहम्** હું તે પરમાત્મા છું, એ સમીકરણમાં જે જ્ઞાન છે તેમાં રહી પોતાના સચેતન સ્વરૂપનો વિસ્તાર કરી સમગ્ર વિશ્વમાં વ્યાપેલી બહુમયતાને પોતાના આલિંગનમાં લેવાની છે.

આ છે દ્વિગુણ અથવા તો સમન્વય કરતો ઈશોપનિષદનો આદર્શ; એમાં વિદ્યાને ને અવિદ્યાને, એકસ્વરૂપને ને બહુમયને એક સાથે સ્વીકારાય છે; જગતમાં રહ્યા છતાં મૃત્યુના સંકેતને અમૃતત્વમાં બદલી નાખવાનો છે; અસંભૂતિ (જન્મરહિતતા)

ની મુક્તિ અને શાન્તિની સાથોસાથ સંભૂતિ (જન્મ)ની પ્રવૃત્તિ આપણી બનાવી દેવાની છે. (શ્લોક ૯-૧૪)

નિમ્ન સ્વભાવના સઘળા ભાગોએ આ સાક્ષાત્કારને સંમતિ આપવી જોઈએ; બુદ્ધિની દૃષ્ટિથી જોવું પૂરતું નથી. હૃદયે વિશ્વવ્યાપી પ્રેમ અને આનંદની અનુભૂતિને અનુમોદન આપવું જોઈએ, ઈન્દ્રિયગત મને સર્વત્ર રહેલા પ્રભુના ને આત્માના સંવેદનને સંમત બનવું જોઈએ, પ્રાણે જગતમાં સઘળાં લક્ષ્યોની ને શકિતઓની અવધારણા પોતાના સ્વભાવના ભાગ રૂપે કબૂલવી જોઈએ.

**ક્રિયાશીલ મહાસુખ**

આ સાક્ષાત્કાર પરિપૂર્ણ અને સમગ્ર મહાસુખ હોય છે ને તે કર્મનો અંગીકાર કરે છે તે છતાં શોક અને મોહમાંથી મુકત હોય છે.

ત્યાં મોહની શકયતા જ હોતી નથી; કેમ કે સમસ્ત અસ્તિત્વની પાછળ અક્ષેય રહેલો છે એવી જ્ઞાનદૃષ્ટિ જીવને પ્રાપ્ત થયેલી હોય છે, સંભૂત જગતની ઉપરની એની આસકિત સાવ ટળી ગઈ હોય છે, વિશ્વમાંની કોઈ ખાસ વસ્તુને એ નિરપેક્ષ મૂલ્ય આપતો નથી, ને એ જાણે સ્વયં કંઈક છે ને એને પોતાને ખાતર ઈચ્છવાજોગ છે એવું માનતો નથી. બધું જ આનંદભોગ્ય છે ને એ આત્માનો આવિર્ભાવ છે ને એની અંદર આવિર્ભાવ પામેલા આત્માને ખાતર નહીં કે એને પોતાને ખાતર એ મૂલ્યવાન બને છે.[1] કામના અને મોહ દૂર થઈ ગયેલાં હોય છે; મોહને સ્થાને જ્ઞાન હોય છે, કામનાને સ્થાને વિશ્વનાં સ્વામિત્વમાંથી જન્મતો ક્રિયાશીલ પરમાનંદ હોય છે.

શોકની શકયતા જ હોતી નથી, કેમ કે બધું સચ્ચિદાનંદમય દેખાય છે અને તેથી અનંત ચિન્મય સત્, અનંત ચિત્-શકિત, અનંત સુખ બની ગયેલું હોય છે. દુ:ખ અને શોક પણ આનંદનું વિકૃત સ્વરૂપ છે એવું જણાય છે, અને જે આનંદને તેઓ આવરણ બની છુપાવી રહ્યાં છે અને જેને માટે તેઓ નિમ્ન સ્વભાવને તૈયાર કરી રહ્યાં છે તે આનંદ આ રીતે મુકત થયેલા ને પૂર્ણતા પામેલા જીવનો બની ગયેલો જ હોય છે. ઉત્ક્રાંન્તિની ક્રિયામાં જે દુ:ખ આવે છે તે સર્વ બલ અને બ્રહ્મસુખ માટેની તૈયારી રૂપ હોય છે. દુ:ખ અને શોક જે સનાતન સત્સ્વરૂપના આભાસો છે તે સત્સ્વરૂપ જીવને પ્રાપ્ત થઈ ગયેલું હોય છે.

આવી રીતે બ્રહ્મના પૂર્ણ જ્ઞાનની અવસ્થામાં ઈશ એ જગતની જે એકતા અનુભવાય છે તે વડે કામના અને મોહનો પરિત્યાગ શકય બને છે, કેમ કે જીવ આરોહણ કરીને વિશુદ્ધ આત્માની અને અસંભૂતિની અવસ્થાએ પહોંચેલો હોય છે ને સર્વ ભુવનોમાં સચ્ચિદાનંદ સાથેના મુકત અને પ્રકાશમાન અદ્વૈત દ્વારા સર્વ

---

[1] બૃહદારણ્યક ઉપનિષદ

વસ્તુઓ ઈશના આવિર્ભાવ રૂપ છે એવું જાણીને વિશ્વમાં પ્રભુનો આનંદ અનુભવવાને સમર્થ બને છે.

**ઉપસંહાર :**

તો આપણને બીજા આન્દોલનમાં ઉપનિષદના પહેલા શ્લોકની સમજૂતી અપાઈ છે. પહેલા ચરણમાં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે બધા જીવો વિશ્વની પ્રત્યેક વસ્તુમાં નિવાસ કરનાર જે એક ઈશ છે તે જ છે, પ્રત્યેક વસ્તુ વિશ્વમાં રહેલું વિશ્વ છે, સર્વસામાન્ય સંસારની ગતિમાં જે કંઈ ગતિમાન છે તે બ્રહ્મ, પરાત્પર પુરુષ, વિશ્વરૂપ અને વ્યકિતસ્વરૂપ સુધ્ધાંની સંપૂર્ણ એકતાના સંકેત દ્વારા સમજાવવામાં આવેલું છે; બહુમયમાં એક અને એકમાં બહુમય, નિશ્ચલ અને ચલાયમાન, સર્વાતીત અને સર્વ વિરોધો—એમનું સમાધાન સાધવામાં આવેલું છે. બીજા ચરણમાં દિવ્ય જીવનના નિયમ તરીકે ઇચ્છાના પરિત્યાગને આત્માવસ્થામાં રહી વિશ્વનો ઉપભોગ કરવા માટેની શરત રૂપે રજૂ કરવામાં આવેલો છે; મુકત પરમાત્મા આપણું પોતાનું સત્ય સ્વરૂપ છે, એ સ્વરૂપ સચ્ચિદાનંદમય છે અને વિશ્વ સચ્ચિદાનંદનું આવિર્ભાવ પામેલું સ્વરૂપ છે અને સત્ય જ્ઞાન થતાં એ આપણું બની ગયેલું હોય છે, પણ અજ્ઞાનની અવસ્થામાં એવું હોતું નથી, અજ્ઞાનની દશા જ રાગદ્વેષનું ને મોહ અને શોકનું કારણ છે એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

## ૪

# ત્રીજું આન્દોલન

## ૧

'તે'

પોતાના ત્રીજા આન્દોલનમાં ઈશોપનિષદ, બીજા શ્લોકમાં જેનું સાધારણ પ્રકારે વર્ણન કરવામાં આવ્યું છે તેનું સમર્થન ઉપાડી લે છે અને બ્રહ્મ કે ઈશ સ્વરૂપે આત્મા (ઈશ, ઈશ્વર, પર પુરુષ; सः તે) ની ભાવના ઉપર વધારે નિશ્ચિત પ્રકારે એની સ્થાપના કરે છે. એ વ્યક્તિસ્વરૂપનું કારણ છે અને એ પોતાના કર્મોના નિયમ અનુસાર જગતની લયમય ગતિનું સંચાલન કરે છે; શાશ્વત કાળના ગાળામાં જે ભુવનોને એ પોતાના સદાત્મામાં કલ્પે છે ને સિદ્ધ કરે છે તે ભુવનોની પ્રક્રિયા ઉપર એનું શાસન ચાલતું હોય છે.

એક અવ્યક્ત અને નિષ્ક્રિય બ્રહ્મનું જ, એક વ્યક્તિભાવરહિત શક્તિ કે ગુણો વિનાના ઈશ્વરનું જ સાચું અસ્તિત્વ છે, એવું ઉપનિષદો શિખવાડે છે, એ માન્યતા ભૂલ ભરેલી છે. એને બદલે એમ કહી શકાય કે એક અજ્ઞેય વ્યકત તેમ જ અવ્યકત એવાં બે સ્વરૂપોમાં પોતાને પ્રકટ કરે છે એવું તેઓ ઉચ્ચારે છે. ઉપનિષદો જ્યારે આ અજ્ઞેયને સર્વસમાવેશક સામાન્ય પ્રકારે વર્ણવે છે ત્યારે તેઓ તેને નપુંસકલિંગનું '**तत्**' નામ આપે છે, પરંતુ આ નપુંસક **तत्** વિશ્વરૂપ ને પરાત્પર પુરુષ સ્વરૂપના કાર્યને ને જગત ઉપર ચાલતા એના શાસનને બહિષ્કૃત કરતો નથી. (**केनोपनिषद**-૩). તેમ છતાં જ્યારે તેઓ વ્યકતસ્વરૂપના ખ્યાલને આગળ પડતો બનાવવા માગે છે

---

* ૮ એ આત્મા જ્યાં સર્વત્ર બધી બાજુ ફરી વળેલો છે, તે છે શુભ્ર, અશરીરી, અપૂર્ણતાના વ્રણ વિનાનું, સ્નાયુરહિત, ને પાપથી વીંધાયા વગરનું. એ આત્મા છે દ્રષ્ટા કવિ, મનીષી, સર્વત્ર અસ્તિસ્વરૂપ, સ્વયંભૂ, તેણે જ સર્વ વસ્તુઓને તેમના પોતપોતાના સ્વભાવ અનુસાર સનાતન કાળથી વ્યવસ્થિત રૂપ આપ્યું છે:

ત્યારે મોટે ભાગે નરજાતિના 'સઃ' શબ્દને તેઓ પસંદગી આપે છે, અથવા તો દેવ, ઈશ, ભગવાન, પુરુષ કે ચિદાત્મા શબ્દ વાપરે છે અને ત્યારે પ્રકૃતિ કે માયા એની કાર્યવાહક શક્તિ છે એવું વર્ણવવામાં આવે છે.

ઈશોપનિષદ સ્પષ્ટતાથી ઉચ્ચારે છે કે બ્રહ્મ જ એકમાત્ર સત્ય વસ્તુ છે અને તે અનેક સ્વરૂપોમાં અને અનેક રૂપોમાં પોતાનો આવિર્ભાવ કરે છે; બ્રહ્મ ભાવાત્મક દૃષ્ટિએ આત્મા છે, એકસ્વરૂપ આત્મા છે અને એ પોતે જ સઘળાં ભૂતસ્વરૂપો રૂપે પ્રકટ થયેલો છે અને આ સ્વરૂપે આપણે એને આપણી પોતાની અંદર, બધી વસ્તુઓમાં અને બધી વસ્તુઓ પાર અનુભવવાનો છે; પછી તે આગળ ચાલતાં ભારપૂર્વક કહે છે કે વધારે વસ્તુભાવી દૃષ્ટિથી જોતાં એ ઈશ છે, વિશ્વનો પોતાની અંદર સમાવેશ કરે છે; ને પોતે જ વિશ્વની અંદર નિવાસ કરનારો પુરુષ છે.

એ પોતે જ વિશ્વમાં વિસ્તર્યો છે. જે ઈશના નામથી ઉપનિષદનો આરંભ થાય છે અને જે સર્વ રૂપોનો નિવાસી છે તે ઈશની સાથે આ બ્રહ્મ, આ આત્મા એકાકાર છે, અને આપણે જોઈશું તેમ ૧૬ મા શ્લોકના વિશ્વમય પુરુષની સાથે તદાકારતા ધારનારો છે,—એ જે પુરુષ છે તે 'હું છું.' એ જ સર્વ વસ્તુઓ અને સર્વ સત્ત્વો બનેલો છે. એ જ છે ચિન્મય આત્મા, એકમાત્ર સત્, અને એ છે સ્વયંભૂ. પોતે જે જે રૂપોમાં પ્રકટ થાય છે તે સર્વ રૂપોનો એ છે પ્રભુ, સ્વામી અને ભોક્તા. અને પ્રભુના આવિર્ભાવ રૂપ જેને આપણે જગત કહીએ છીએ તેનો સ્વભાવ, પ્રકાર અને સામાન્ય ધર્મ શો છે તે આ ઉપનિષદ ત્યાર પછી શબ્દમાં મૂકવા જાય છે. કેમ કે વેદમાં જે મૃત્યુ અને અમૃતત્વના બે ધ્રુવોની વાત આવે છે, અવિદ્યાના અજ્ઞાનના અસ્તિત્વનો જે હેતુ છે, અને જગતમાં કર્મનું જે સમર્થન છે, તેનો આધાર આ વિચાર પર રહેલો છે.

**સંક્રામક વિચાર**

દિવ્ય વ્યક્તિત્વ

**સઃ** (એ), દેવ કે ઈશ્વર, એવો વેદાન્તમાંના પ્રભુનો ખ્યાલ વ્યક્તિસ્વરૂપ પ્રભુની કલ્પનાની સાથે જોડાયેલા ખ્યાલોની સાથે ભ્રમથી ભેળવી દેવાનો નથી. પુરુષસ્વરૂપતા સામાન્ય રીતે કોઈ એક વ્યક્તિસ્વરૂપતા સાથે તદાત્મતા ધરાવતી કલ્પવામાં આવી છે, અને પુરુષ જેવો પ્રભુ છે એવા અણઘડ ખ્યાલ અનુસાર પ્રભુ સ્વભાવે એક અત્યંત મોટી બનાવી દીધેલી માનવ વ્યક્તિ છે, પણ તે છતાં તેને ભિન્ન પ્રકારની, વધારે મહાન, વધારે વિશાળ અને સર્વને પોતાના પ્રભાવથી પરાભવ પમાડનારી માનવામાં આવે છે. બ્રહ્મ માનવ રૂપે અને માનવ આગળ પ્રકટ થાય છે એવું વેદાન્ત સ્વીકારે છે, પરંતુ ઈશ્વરનો આ સાચો સ્વભાવ છે એવું તે કબૂલ કરતું નથી.

પ્રભુ સચ્ચિદાનંદ છે. અનંત અસ્તિત્વ રૂપે પ્રભુ પોતાને પ્રકટ કરે છે ને ચૈતન્ય છે એ અસ્તિત્વનું હાર્દ, અને વળી એ ચૈતન્યનું હાર્દ છે આનંદ, નિજાનંદ. આનંદ પોતાની જાતને વિવિધાભરી કલ્પે છે, પોતાની વિવિધાને પામવા માગે છે, ત્યારે તે વિશ્વ બને છે. પરંતુ આ બધી તત્ત્વવિચારની ભાષા છે અને વસ્તુતા વિનાના વિચારો નક્કર સત્યતાઓને સરજી શકતા નથી. તેઓ પુરુષભાવી નહીં એવી અવસ્થાઓ છે; આવી અવસ્થાઓ પોતાની મેળે પુરુષભાવી પ્રવૃત્તિઓને અસ્તિત્વ-માં આણી શકતી નથી.

સચ્ચિદાનંદના આવિર્ભાવનો વિચાર કરવા જતાં આ બાબત હજીય વધારે સ્પષ્ટ થાય છે. એ આવિર્ભાવમાં આનંદ પ્રેમનું રૂપ ધારે છે; ચિત્ (ચૈતન્ય) સંકલ્પક જ્ઞાન અને કાર્યસાધક શકિત, એમ બે રૂપે પરિણત થાય છે; **સત્** અસ્તિરૂપતા આત્મા, એટલે કે પુરુષ અને પદાર્થનું રૂપ લે છે. પરંતુ પ્રેમ પ્રેમી વિના ને પ્રેમના વિષય વિના અધૂરો છે; જ્ઞાન જ્ઞાતા અને જ્ઞાનના વિષય વિના અધૂરું છે; કાર્યકર્તા અને કાર્ય વગર શકિત અધૂરી છે; પદાર્થ એને કલ્પનાર અને તદ્રૂપ બનેલા પુરુષ વિના અધૂરો છે.

આ હોવાનું કારણ એ છે કે મૂળ વસ્તુઓ પણ ખરેખાત વ્યકિતબાહ્ય ભાવનાઓ નથી. બ્રહ્મના આનંદમાં એ આનંદનો ભોકતા રહેલો છે, બ્રહ્મના ચૈતન્યમાં ચૈતન્યવાન એક આવેલો છે, બ્રહ્મના અસ્તિત્વમાં એક અસ્તિસ્વરૂપ વિદ્યમાન છે; પરંતુ બ્રહ્મના આનંદનો ને ચૈતન્યનો વિષય અને એના અસ્તિત્વની અવધિ ને મૂલ પદાર્થ બ્રહ્મ પોતે જ છે. દિવ્ય સદાત્મામાં જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞાત ને તેથી અવશ્યપણે આનંદ, ભોકતા અને ભુકત પણ એક જ છે.

બ્રહ્મના સ્વાત્મસંજ્ઞાન અને નિજાનંદના એની ચિત્-શકિત ને એની પ્રકૃતિ કે માયા, એમ બે પ્રકાર છે, નિજ સ્વરૂપમાં ગાઢ નિલીનતા, ને નિજાત્માના વિસ્તરણમાં વ્યાપકતા. શુદ્ધ નીરવ બ્રહ્મમાં ગાઢ નિલીનતાનો સ્વભાવ છે, સક્રિય બ્રહ્મ પ્રસરણ-શીલ છે. સ્વયંભૂ પોતાના અસ્તિત્વની અવધિમાં ને મૂળ તત્ત્વમાં જ્યારે વિસ્તાર પામે છે ત્યારે આપણે એને જગત, ભૂતસૃષ્ટિ કે સદાનો સંસાર (ભુવન, જગત) કહીએ છીએ. બ્રહ્મ પોતે જ ભૂતાત્મક બનેલો હોય છે; એ જે બન્યો હોય છે તે પણ બ્રહ્મ જ છે. પ્રેમનો વિષય છે પ્રેમીનો આત્મા; કર્મ કર્મકર્તાનું પોતાનું જ સ્વરૂપ છે; વિશ્વ છે ઈશ્વરનું શરીર અને કાર્ય.

તેટલા માટે જ્યારે આપણે અનંત અસ્તિત્વના ભાવાત્મક અને પુરુષભાવરહિત સ્વરૂપ વિષે વિચાર કરીએ છીએ ત્યારે આપણે તેને માટે '**तत्**' (તે) શબ્દનો ઉપયોગ કરીએ છીએ; જ્યારે સત્સ્વરૂપના આત્માવબોધ ને આત્માનંદની વિચારણા કરીએ છીએ ત્યારે તેને માટે **सः** (નરજાતિનો તે) શબ્દ વાપરીએ છીએ. આ બન્ને-

માંથી એક વિચાર પૂરેપૂરો પૂર્ણ નથી. સર્વ પ્રકારની વ્યકિતસ્વરૂપતાની તેમ જ અવ્યકિતસ્વરૂપતાની પાર જે અજ્ઞેય છે તે બ્રહ્મ પોતે છે.

એને આપણે 'तत्' કહી બધી અવધિ અને વ્યાખ્યાની આપણી પ્રતિજ્ઞાને દેશનિકાલ કરી છે એવું દર્શાવીએ છીએ. બરાબર એ જ પ્રમાણે આપણે એને 'सः' (તે) (નરજાતિવાચક) પણ કહી શકીએ, જો આપણે तत् સ્વરૂપને આગ્રહપૂર્વક બાતલ રાખવા માગતા હોઈએ તો. तत् અને सः સદા એકના એક જ છે ને સર્વ વ્યાખ્યાઓથી પર છે.

વિશ્વમાં એકરૂપતા અને બહુરૂપતા વચ્ચે અખંડ સંબંધ રહેલો છે. આ સંબંધ વિશ્વરૂપ પુરુષ અને બહુરૂપ જીવોને રૂપે પ્રકટ થાય છે, એક અને બહુમય, બન્નેની વચ્ચે, અને બહુરૂપ જીવો વચ્ચે પરસ્પર સંબંધોની અંતહીન વિવિધતાની શક્યતા છે. દૈવી સત્-તા રૂપ ઈશ્વર પોતે પ્રકટ કરેલા નિવાસોમાં પ્રવેશ કરી જે લીલા કરે છે તે વડે આ સંબંધોના સ્વરૂપનો નિર્ણય થાય છે. આરંભમાં એ વ્યકત જીવોની વચ્ચેના સચેત સંબંધો રૂપે અસ્તિત્વ ધરાવે છે; ત્યાર પછી જીવો એ સંબંધો લઈને એકસ્વરૂપ સાથેના સચેત સંબંધમાં આવવાને માટે એમનો ઉપયોગ કરે છે. એક-સ્વરૂપ પ્રભુ સાથે વિધવિધ પ્રકારના સંબંધોમાં પ્રવેશ કરાવવો એ ધર્મનું લક્ષ્ય અને કાર્ય છે. આ મૂલભૂત આવશ્યકતાને કારણે બધા ધર્મો ન્યાયયુક્ત બને છે; બધા ધર્મો અક સત્યને જુદે જુદે પ્રકારે પ્રકટ કરે છે અને જુદે જુદે માર્ગે એક જ લક્ષ્ય પ્રતિ જાય છે.

દિવ્ય વ્યકિત સ્વરૂપે ભગવાન જીવ આગળ પોતાની જાતને વિધવિધ રૂપે અને વિધવિધ નામે પ્રકટ કરે છે. એક રીતે કહીએ તો આ રૂપો અને નામો માનવ ચેતનામાં ઉત્પન્ન થયેલાં હોય છે; બીજી રીતે કહીએ તો પ્રભુ દ્વારા આવિષ્કાર પામેલાં તે સનાતન પ્રતીકો છે, ને એમના દ્વારા બહુગુણ ચેતના આગળ પ્રભુ મનોમય રૂપમાં આ રીતે પોતાની જાતને સઘન સ્વરૂપે પ્રકટ કરે છે અને એને એકતા[1] પ્રતિ પાછા ફરવામાં સહાય કરે છે.

**સર્વતોગામી सः**

સાપેક્ષ ચેતનામાં એણે જ પોતાના સ્વરૂપને વિસ્તાર્યું છે. આ સાપેક્ષ ચેતનાની અંતવંત અને વિકારશીલ પરિસ્થિતિઓમાં જે સમષ્ટિપણું છે અને જે એક સમત્વ-યુકત, અક્ષર અને સનાતન અનંતતા ઉપર આધાર રાખે છે, તે આપણે જેને વિશ્વ

---

[1] એકતા—હિન્દુધર્મના તત્ત્વજ્ઞાને આ ભાવનાઓ એમના મૂળ તાત્ત્વિક રૂપમાં પાછળથી વિકસાવી છે એવું ધારી લેવું એક ભૂલ છે. એકસ્વરૂપ ઈશ્વરનાં બહુ રૂપો ને નામોનો વિચાર ઋગ્વેદ જેટલો પુરાણો છે.

કહીએ છીએ તે. **स पर्यगात्.** એટલા માટે આ વિસ્તરણમાં આપણને બે પાસાં મળે છે, જેમાંનું એક છે વિશુદ્ધ, સંબંધરહિત, અક્ષરતા ને બીજું છે કાર્યકારણતા દ્વારા દિક્-કાળમાં પોતાના સંબંધોને સિદ્ધ કરવા કાર્ય કરતી વસ્તુઓની સમષ્ટિ. બન્ને છે ભિન્ન અને એના એ અજ્ઞેય '**सः**' ની પરસ્પર પૂરક અભિવ્યકિતઓ છે.

અનંત અક્ષરતાને અભિવ્યકત કરવા માટે ઉપનિષદ નાન્યતર જાતિનાં વિશેષણોની પરંપરાનો ઉપયોગ કરે છે, 'શુભ્ર, અકાય, અવ્રણ, અસ્નાવિર, શુદ્ધ, અપાપવિદ્ધ.' (તેજસ્વી, દેહરહિત, ઘાવ વગરનું, સ્નાયુઓ વિનાનું, શુદ્ધ અને પાપથી નહિ વીંધાયેલું.) સર્વ વસ્તુઓની સમષ્ટિના ને સમષ્ટિની પ્રત્યેક વસ્તુના કારણ રૂપ, ધારક રૂપ, અને સમષ્ટિના ને સમષ્ટિની પ્રત્યેક વસ્તુના કારણ રૂપ, ધારકરૂપ, અને શાસક રૂપ સમષ્ટિના નિવાસીરૂપ બ્રહ્માત્માને પ્રકટ કરવા માટે ઉપનિષદ નરજાતિની ચાર સંજ્ઞાઓ વાપરે છે—' કવિ, મનીષી, જે સર્વત્ર સંભવ્યો છે તે પરિભૂ અને સ્વયંભૂ એટલે કે પોતે પોતાની મેળે ઉત્પન્ન થયો છે તે.'

અક્ષર બ્રહ્મ છે નિ:સ્પંદ, લીલાનો અને જગતનો ગુપ્ત આધાર; સર્વ વસ્તુઓમાં એ સમાન અને નિષ્પક્ષ ભાવે વિસ્તરેલો છે, **समं ब्रह्म** કહી ગીતા એને વર્ણવે છે; પસંદગી વગર અને સક્રિય ભાગ લીધા વગર સર્વને એ પોતાનો ટેકો આપે છે. પોતાના સનાતન અક્ષરભાવમાં સુરક્ષિત રહેનાર ઈશ્વર પોતાની જાતને લીલામાં અને જગતના આન્દોલનમાં પ્રક્ષિપ્ત કરે છે અને પોતાના સત્-સ્વરૂપમાં રહી પોતાની અંદરનો દ્રષ્ટા કવિ જે જુએ છે ને અંદરનો મનીષી જે સંકલ્પ કરે છે તે પોતે બને છે. **कविर्मनीषी परिभूः स्वयंभूः ।**

**શુદ્ધ અક્ષર સ્વરૂપ**

ઈશની શુદ્ધ અક્ષરસ્વરૂપતા શુભ્ર છે. શુદ્ધ ને એકાગ્ર આત્મસંજ્ઞાનની એ જ્યોતિર્મયતા છે, વક્રીકરણ દ્વારા કે રંગ અને આકાર દ્વારા એ ખંડિત થતી નથી. એમાં પુરુષનું સચેત આત્માનું સ્વયંજ્ઞાન હોય છે, એ સ્વશકિતયુક્ત હોય છે, એની અંદર એની કાર્યવાહક શકિત નિષ્ક્રિય રૂપે સમાયેલી જ હોય છે.

એ 'કાયારહિત' છે, રૂપરહિત છે, અવિભાજ્ય છે અને એનામાં ભેદનો આભાસ હોતો નથી. એ સર્વ વસ્તુઓમાં સમાન એવો પુરુષ છે, દિક્-કાળના ભેદોથી એ અવિભકત છે, એ છે શુદ્ધ ચિદાત્મક કેવલ બ્રહ્મ.

એનામાં વ્રણ નથી, અર્થાત કશી ખામી, તૂટ કે અપૂર્ણતા નથી. ક્ષર ભાવો એને અડી શકતા નથી, એમની એની ઉપર કશી અસર થતી નથી. ક્ષર વસ્તુઓમાં જે સંબંધોનો સંઘર્ષ છે, વધારે—ઓછાની, વૃદ્ધિ-ક્ષયની , પ્રસ્ફોટનની, પરસ્પર અંત:પ્રવેશની ચાલી રહેલી રમત છે, તે સર્વને એનો આધાર મળે છે. કેમ કે એ પોતે

તો ક્રિયારહિત છે, ગીતામાં કહેલો અચલ ને સનાતન છે.

એ સ્નાયુરહિત છે. એ વ્રણરહિત છે તેનું કારણ આ છે કે એ પોતાની શક્તિને બહાર પ્રકટ કરતો નથી, વિધવિધ અનેક માર્ગોએ બલને વહેવડાવતો નથી, એક જગાએ ગુમાવતો તો બીજી જગાએ વૃદ્ધિ પમાડતો નથી, એની ખોટની ભરપાઈ કરતો નથી કે પ્રેમ દ્વારા કે જોરજુલમથી એનું પૂરણ કે ખાદ્ય મેળવવા પ્રયત્ન કરતો નથી. ઓજ:શક્તિના માર્ગરૂપ એની પાસે નાડીયંત્ર નથી; પ્રાણના ચાલકકાર્યમાં, માતરિશ્વાનાં સંચાલનોમાં એ પોતાની જાતને બહાર રેલાવતો નથી.

એ છે શુદ્ધ, પાપથી એ વીંધાયો નથી. જેને આપણે પાપ કે દુરિત કહીએ છીએ તે છે કેવળ વધારે પડતું કે ખામી બનેલું કંઈક, જ્યાં ન મુકાવું જોઈએ ત્યાં મુકાયેલું કંઈક, સુમેળ વગરનું ને પ્રતિકાર્યરૂપ કંઈક. સર્વ કાર્યને આધાર આપતો હોવા છતાં ચિદાત્મા પોતાની સમતા અને અકર્મકતા દ્વારા પોતાની શાશ્વત મુક્તિને ને શાશ્વત શુદ્ધિને એવી ને એવી જ સાચવી રાખતો હોય છે. પ્રકૃતિ જે પરિવર્તનો નિપજાવે છે તેને સાક્ષી પુરુષ રૂપે અવલોકે છે, પરંતુ પોતે એમાં ભાગ લેતો નથી, પોતે એમાં પકડાઈ જકડાઈ જતો નથી, એમની છાપ પોતાની ઉપર પડવા દેતો નથી. **न लिप्यते.**

**અવિચ્છિન્નપણે વિમુક્ત આત્મા**

આ શુદ્ધ નિષ્ક્રિય અક્ષરસ્વરૂપ સાથે સક્રિય બ્રહ્મ અને માનવ જીવનો શો સંબંધ છે? તેઓ પણ **तत्**-સ્વરૂપ છે. કર્મ આત્માના સ્વભાવને બદલતું નથી, એ માત્ર ઉત્પન્ન થયેલાં ભાતભાતનાં રૂપોના સ્વભાવમાં પરિવર્તન આણે છે. નિષ્ક્રિય હો કે કર્મમાં ભાગ લેતો હો, આત્મા તો હમેશાં શુદ્ધ, આનંદમય, પૂર્ણ જ હોય છે.

આત્મા સર્વ વસ્તુમય છે, તેમ જ તેમનાથી પર છે. મન જેમાં તલ્લીન હોય છે, અમુક કાળમાં ને અમુક સ્થળમાં જેને તે પોતાના સ્વરૂપરૂપે સ્વીકારે છે તે સર્વથી અતીત છે. સીમાહીન અખિલ હમેશાં પૂર્ણ છે. વસ્તુઓની સમષ્ટિ વ્રણરહિત કે ક્ષતિરહિત એક સંવાદિતા છે. જેને અજ્ઞાનનું નામ અપાય તે અંશને અખિલ રૂપે લેતું દૃષ્ટિબિન્દુ ખંડિત થયેલું પ્રતિબિંબ છે અને એને લીધે સીમાબદ્ધતાનું, અધૂરપનું અને વિસંવાદનું ભાન ઉત્પન્ન થાય છે. આપણે જોઈશું કે આ અજ્ઞાનનોય બ્રહ્મની લીલામાં ઉપયોગ છે; પરંતુ એ પોતે તો સ્વયં આરંભમાં દુરિતનાં માબાપ બનેલું દેખાય છે. મન, દેહ અને પ્રાણને એમનો પ્રભવ અને સત્યતા એવા સચ્ચિદાનંદથી અળગાં રાખવાનું કામ કરતો જે પડદો છે તે અજ્ઞાન, આવી રીતે તમોગ્રસ્ત બનેલા મનને લાગે છે કે પોતે અજ્ઞાને ઉત્પન્ન કરેલા દુરિતથી—પાપથી વિદ્ધ થયેલું છે. પણ સક્રિય બ્રહ્મ સદૈવ સચ્ચિદાનંદ છે અને એ પોતાના આવિર્ભાવ માટે મનનાં, દેહનાં અને પ્રાણનાં રૂપોનો ઉપયોગ કરે છે. તે કારણે તેમની બધી અનુભૂતિઓને

એ સચ્ચિદાનંદના સંકેતો રૂપે જુએ છે. એ પાપવિદ્ધ થતું નથી. કારણ કે એ પણ છે એકસ્વરૂપ અને એ સર્વત્ર એકસ્વરૂપતા જ જુએ છે. જે અજ્ઞાનને એ ભાવનાની ગૌણ સંજ્ઞારૂપે ઉપયોગમાં લે છે તેનું પ્રભુત્વ એની ઉપર ચાલતું નથી.

માનવ જીવ ઈશ સાથ એકાકાર છે; પૂર્ણતા પ્રાપ્ત થતાં તે સચ્ચિદાનંદ છે, પરંતુ અજ્ઞાનને તે પોતાના આત્માની સ્વલ્પતર સંજ્ઞા રૂપે ઉપયોગમાં લે છે. પરંતુ આ અલ્પતર સંજ્ઞાઓમાં એણે પોતાની ભાવનાઓને પ્રક્ષિપ્ત કરી છે અને ત્યાં પરિમિત મનમાં પોતાની દૃષ્ટિનું કેન્દ્ર સ્થાપ્યું છે, પોતાનું દૃષ્ટિબિન્દુ રાખ્યું છે. અધૂરપને અને એના પરિણામ રૂપ આકાંક્ષા, વિસંવાદ, કામના, અને દુ:ખના ભાવને પોતાની ઉપર વહોરી લીધો છે. પાછળ રહેલો સાચો માનવ પુરુષ આ સર્વ સંભ્રમથી અસ્પૃષ્ટ રહે છે, પરંતુ જે દેખીતો બાહ્ય માનવ છે તેની ઉપર એની અસર થાય છે. પોતાની મુકિત પુન: પ્રાપ્ત કરવા માટે એણે પોતાની પૂર્ણતાને પાછી મેળવવી જોઈએ, અંતરમાં નિવાસ કરી રહેલા ભગવાન સાથે અદ્વૈત સાધવું જોઈએ, કેમ કે એ અંતર્યામી જ એનું સાચું ને સંપૂર્ણ સ્વરૂપ છે. ત્યાર પછી તે ઈશની માફક પ્રકૃતિના કાર્યનું સંચાલન કરી શકે છે, ને પોતાના કર્મનાં પરિણામોની સાથેની તદાકારતાના ખોટા સંસ્કારમાંથી છૂટી જાય છે. આ વિચાર પર ઈશોપનિષદ '**न कर्म लिप्यते नरे।**' નું જે વચન ભારપૂર્વક ઉચ્ચારે છે તેનો આધાર રહેલો છે.

આ ઉદ્દેશ પાર પાડવા માટે જીવે પોતાના અંતરમાં નીરવ બ્રહ્મની પ્રાપ્તિ કરવાની છે. ઈશ્વર હમેશાં આ બન્ને સંજ્ઞાઓનો સ્વામી હોય છે અને એની અંદર વિસ્તરેલા વિશ્વનું કાર્ય એમાં આસકત થયા વિના ને એનાથી સીમિત થયા વિના ચલાવે છે. માનવ જીવ મનમાં અટવાઈ ગયેલો હોય છે, પ્રકૃતિનાં કાર્યોના ધસમસતા પ્રવાહથી એની દૃષ્ટિ ધૂંધળી બની ગયેલી હોય છે અને પોતે એ પ્રવાહનો એક ભાગ હોય અને એના તાણમાં ને ભમરીઓમાં તણાઈ રહ્યો હોય એવી એ કલ્પના કરે છે. પ્રકૃતિના આન્દોલનમાં ભૂત-સ્વરૂપે ભાગ લેતો હોવા છતાં પોતાના આત્મીય અસ્તિત્વમાં એણે નીરવ પુરુષ પ્રત્યે પાછા ફરવાનું છે. એમ થતાં એ નીરવ પુરુષની પેઠે કેવળ સાક્ષી અને ભર્તા જ નહીં, પણ પ્રકૃતિનો ને પ્રકૃતિનાં કાર્યોનો પ્રભુ ને મુકત ભોકતા પણ બની જાય છે. અંતરમાં સંપૂર્ણ શાન્તિની સ્થિરતા અને નિષ્ક્રિયતા, શુદ્ધિ અને સમતા, અને બહાર સર્વોપરી અક્ષય પ્રવૃત્તિ—એવો વિશ્વમાં પ્રકટ થયેલા બ્રહ્મનો સ્વભાવ આપણા જોવામાં આવે છે.

તેટલા માટે કર્મોની વિરુદ્ધ હવે પછી કશો વાંધો રહેતો નથી. એથી ઊલટું, ઈશનું નિષ્ક્રિયતાનું ને સક્રિયતાનું બનેલું જે બેવડું સ્વરૂપ છે તેમાં ભાગીદારીની ને ઈશ સાથેની તદાકારતાની આત્માની અનુભૂતિને લીધે કર્મ વાજબી બની જાય છે.

જીવાત્મા માટે શાન્તાવસ્થા અને શક્તિ માટે પ્રવૃત્તિ—એમ માનવમાં દિવ્ય લયની સમતુલા બની જાય છે.

**વસ્તુઓનો ઋતધર્મ**

ઈશ પોતાના આત્મામાં પોતાનો જે વિસ્તાર કરે છે, તેમાં જે સંભૂતિ થાય છે તે સર્વની સમષ્ટિને 'અર્થો', ભૂતાર્થો કહેવાય છે. એમાં દ્વિગુણ તત્ત્વ રહેલું છે. એમાં એક છે ચૈતન્ય, બીજું છે આત્મા. તપઃશક્તિ ચૈતન્યમાં રહી સ્વાત્મા ઉપર કાર્ય કરે છે ને પોતાના વિજ્ઞાનને અને એ વિજ્ઞાનને અનુરૂપ રૂપ અને ક્રિયાને અનિવાર્ય-પણે ઉત્પન્ન કરે છે. આ છે સૃષ્ટિ સંબંધી, સ્વાત્મસર્જન સંબંધી કે રૂપના ઢાળામાં સ્વરૂપને ઢાળવા સંબંધી ભારતીય વિચારસરણીનું મૂળ. આત્મા પોતાનાં અનંત રૂપોને ઉત્ક્રાન્ત કરવા માટે નિજાત્મ સંજ્ઞાનનો ઉપયોગ કરે છે અને એ રૂપો એમની અંદર રહેલા સહજ વિજ્ઞાનના વિસ્તરણ અનુસાર અનુશાસિત થાય છે. ભારતનાં તત્ત્વ દર્શનોમાં ને તેમાંય ખાસ કરીને સાંખ્યદર્શનમાં 'પરિણામ', 'વિકાર', 'વિવર્ત'—એમ વિધવિધ પ્રકારે એનું આલોચન કરવામાં આવ્યું છે. એ છે એનું એ જ દર્શન પણ જુદી રીતે દર્શાવાયેલું.

કેટલાક ચિન્તકોના વિચાર અનુસાર જગત કેવળ વિવર્ત રૂપે આત્મવિષયક વિકાસક્રમ છે, ગોચરં વસ્તુતારૂપ સત્યતા નથી; બીજા કેટલાકના વિચાર અનુસાર એ એક ગોચર વસ્તુતા છે, સત્ય એવું પરિણામ છે, પરંતુ એ પરિણામ એવું છે કે એને લીધે આત્માના મૂળ તત્ત્વમાં કશો ભેદ ઉત્પન્ન થતો નથી. બન્ને ભાવનાઓ ઉપનિષદોમાંથી જ પોતાને માટે પ્રમાણ મેળવે છે, અને પુરાણા વેદાન્તમાં જેને એક રૂપે જોવામાં આવ્યું હતું તેને છૂટું પાડીને વર્ણવવામાં આવ્યું છે તેમાંથી વસ્તુતઃ એમનો વિરોધ ઊભો થયો છે તે આપણે આ ફકરામાં જોઈએ છીએ.

બ્રહ્મ પોતે જ પોતાનો વિષય છે ને પોતે જ પોતાની લક્ષ્ય વસ્તુ છે, પછી તે પોતાના સ્વયંભૂ શુદ્ધ સત્સ્વરૂપે હોય કે વિધવિધ સંભૂતિ સ્વરૂપે હોય. એ પોતે જ પોતાના નિજાત્મસંજ્ઞાનનો વિષય છે; પોતે જ પોતાના સ્વરૂપનો જ્ઞાતા છે. એનાં આ બન્ને સ્વરૂપોને છૂટાં પાડી શકાતાં નથી, જોકે એ બન્ને એકબીજામાં અદૃશ્ય થઈ જતાં ને પાછાં પ્રકટ થતાં દેખાય છે. શુદ્ધ નિજાત્મભાવના આભાસમાં એ જ નિજાત્મભાવમાં રહેલો વસ્તુરૂપતાનો ભાવ નિર્વિવાદ રહેલો જ છે; શુદ્ધ વસ્તુરૂપતાના આભાસમાં આ વસ્તુ એવી નિજાત્મતાનો ભાવ સમાયેલો છે.

સઘળું વિષયીભૂત અસ્તિત્વ છે સ્વયંભૂસ્વરૂપ, સ્વયંભૂત પોતે, પોતાની અંદર વિદ્યમાન વિજ્ઞાન શક્તિના પ્રભાવથી ભુવનરૂપ બનેલો, પોતાની અંદર રહેલું વિજ્ઞાન જે વાસ્તવિક ભુવન બને છે તે સ્વયમેવ છે. કેમ કે સ્વયંભૂ વાસ્તવિક ભુવનના

સારભાગ રૂપે પોતાને જ કવિ બનીને જુએ છે ને સમજે છે, મનીષી રૂપે પોતાની શક્યતાઓની ઉત્ક્રાન્તિમાં પોતે પોતાને જ વિચારી કાઢે છે, પરિભૂ સ્વરૂપે દિક્-કાળમાં ચાલતા જગતના આન્દોલનમાં પોતે જ રૂપ ધારણ કરે છે. સાપેક્ષ કાલગત અને દિગ્-ગત ચૈતન્યમાં ક્રમિક દેખાતી કાર્યરૂપતા આ ત્રણે ધારણ કરે છે.

આનો એવો અર્થ થાય કે પ્રત્યેક પદાર્થ શાશ્વત કાળથી (**शाश्वतीभ्यः समाभ्यः**) પોતાના સ્વભાવનો ધર્મ પોતાની અંદર ધારણ કરી રહેલો છે. પદાર્થોની સમષ્ટિમાં એમની અંદર નિવાસ કરનારો જે સ્વયંભૂ અને સ્વયંભૂત છે તે સઘળા સંબંધોનો નિયામક છે. પદાર્થમાત્રમાં જે સર્વવ્યાપક એક સ્વરૂપ ઈશ છે તેની નિજી દૃષ્ટિ અનુસાર એ ધર્મો ધારણ કરાયેલા છે ને એ ધર્મો છે એમનું સહજ આત્મલક્ષી સત્ય; ઈશ પોતાની સંભૂતિ વડે અસંખ્યાત શક્યતાઓની પૃષ્ઠભૂ ઉપર ભુવનાત્મક વસ્તુતામાં પદાર્થોને એમની અનિવાર્ય ઉત્ક્રાન્તિના ઋતધર્મ અનુસાર વ્યવસ્થિત રાખી સંચાલિત કરે છે.

તેટલા માટે જ ઈશ્વર બધી વસ્તુઓને **याथातथ्यतः** એમના સ્વભાવમાં એમણે જેવા હોવું જોઈએ તેવું પૂર્ણપણે ગોઠવે છે. પૃથક્ વ્યકિતભાવને પામવાની ક્રિયામાં જે આભાસી વિસંવાદિતાઓ છે તેમની ઉપર સર્વમયમાં રહેલી આદેશક સંવાદિતાનું શાસન ચાલે છે. જો વ્યકિતત્વધારી રૂપોમાં અને બલોમાં કેવલ સંકુલ સમૂહો જ હોત, અને જો પ્રત્યેક રૂપ તથા બલ પોતાના સત્ય સ્વરૂપે પોતાની અંદર રહેલા સ્વયંભૂ સર્વમય અને ઈશ સ્વરૂપ ન હોત તો એ વિસંવાદ સાચે સાચો હોત અને એને પરિણામે સદાકાળની અંધાધૂંધી જ અસ્તિત્વમાં હોત.

**પદાર્થોની પ્રક્રિયા**

પદાર્થોની પ્રક્રિયા વિષયક સાપેક્ષ ભાવના અનુસાર ઈશ પ્રથમ કવિ, પ્રજ્ઞાવાન, દ્રષ્ટા સ્વરૂપે દેખા દે છે. કવિ સત્યને એ જે છે તે સ્વરૂપે જુએ છે, એની સંભૂતિમાં, એની સારરૂપતામાં, એની શક્યતાઓમાં, એની વસ્તુસ્વરૂપતામાં જુએ છે. વિજ્ઞાનમાં જે સત્ય અને ઋત કહેવાય છે તે સર્વ એની અંદર સમાયેલું હોય છે. એ એને કકડે કકડે નહીં પણ એની સમગ્રતામાં કરી રહેલો છે; વસ્તુઓમાં જે સત્ય અને ઋત છે તે છે બૃહત્ સુવિશાલ. એને પોતાને જ જોઈએ તો વિજ્ઞાનનો પ્રદેશ પૂર્વનિર્ણયનો, એકાગ્રતાનો અને ફરજ પાડતી બીજાવસ્થાનો પ્રદેશ છે. કિન્તુ એ જે નિર્ણયાત્મકતા છે તે કોઈ પૂર્વ કાળમાં થતી નિર્ણયાત્મકતા નથી, એ શાશ્વતકાળમાં થતી હોય છે. જીવાત્માએ ફરજિયાત બનાવેલું દૈવ જીવાત્માને ફરજ પાડતું નથી, પણ એને બદલે આન્દોલનના વિસ્તરણમાં તેમ જ વિજ્ઞાનની એકાગ્રતામાં વિદ્યમાન કર્મ અને કર્મફલને એ ફરજિયાત બનાવે છે. તેથી જીવાત્માનું સત્ય અધીનતા અને

બંધન નહીં પણ મુકતભાવ અને પ્રભુત્વ છે. પુરુષ પ્રકૃતિને આજ્ઞા આપનારો છે, પ્રકૃતિ પુરુષને ફરજ પાડતી નથી. **न कर्म लिप्यते नरे.**

મનીષી શકયતાઓમાં પગ રાખી ઊભો હોય છે. એની પાછળ અનંતની સ્વતંત્રતા રહેલી હોય છે અને અંતવંતના નિર્ણય માટે એ એને પૃષ્ઠભૂમિકા રૂપે અંદર આણે છે. તેટલા માટે જગતમાંનું એકેએક કાર્ય વિધવિધ શકયતાઓના સમતોલન અને સંઘટ્ટનમાંથી ઉદ્ભવતું દેખાય છે. આમાંનું એક તેમ છતાંય નિર્ણયાત્મક બનવામાં અસરકારક થતું નથી; એ તો જે અસ્તિત્વમાં આવવાનું છે તેના ઋતધર્મ સાથે ગુપ્તપણે સુસંગત હોય છે ત્યારે જ ફલદાયી બને છે. મનીષીમાં કવિ રહેલો છે અને એ એને એના કાર્યમાં ટકાવી રાખે છે. પરંતુ એની પોતાની દૃષ્ટિથી જોતાં મનીષી આકારગ્રાહિતાની, સ્વતંત્ર ઈચ્છાશકિતની, બલોના પરસ્પર કાર્ય-પ્રતિકાર્યની અવસ્થા હોય એવું લાગશે, પણ વસ્તુઓમાં રહેલું ભાગ્યનિર્માણ જેને આવી મળે છે એવી વિચારમાંની સ્વતંત્ર ઈચ્છાશકિતની એ અવસ્થા હોય છે.

કેમ કે મનીષીનું કાર્ય પરિભૂમાં પરિણામ પામે એવો એનો ઉદ્દેશ છે. પરિભૂને વિરાટ પણ કહેવામાં આવ્યો છે અને એ ઘટનાઓના પ્રદેશમાં પોતાના સ્વરૂપનો વિસ્તાર કરે છે. સત્યમાં જે સમાયેલું છે, મનમાં પ્રતિબિંબિત થયેલી શકયતાઓને જેને સાધવાનું કાર્ય કરે છે, જે વાસ્તવિક તથ્ય રૂપે આપણી આગળ સિદ્ધ થયેલું દેખાય છે તેને એ પરિપૂર્ણતાએ પહોંચાડે છે. અલગ તરીકે લેવામાં આવે તો વિરાટનો પ્રદેશ એક ઋતનો અને પૂર્વનિર્ણયનો પ્રદેશ છે; એ ઋત અને પૂર્વનિર્ણય બધી વસ્તુઓને એ પ્રદેશમાં ઉત્ક્રાન્ત થવાની ફરજ પાડે છે; એ છે કર્મની લોખંડ સાંકળ, યાંત્રિક અવશ્યંભાવિતાનો નિયમ, સમજાવી ના શકાય એવા નિયમની સરમુખત્યારી.

પણ વિરાટનો સંભવ એ હમેશાં સ્વયંભૂ ઈશનો સંભવ છે,—**परिभूः स्वयंभूः**. તેટલા માટે સંભૂતિના સત્યનો સાક્ષાત્કાર કરવા માટે આપણે પાછા ફરવું પડે છે અને જે સર્વ પાછળ આવેલું છે તેનો ફરીથી અંગીકાર કરવો પડે છે; મુકત અને અનંત સચ્ચિદાનંદના સંપૂર્ણ સત્ય પ્રત્યે આપણને પાછા ફરવું પડે છે.

ઉપરની ભૂમિકામાંથી ને એકતામાંથી જે જોવામાં આવે છે તે વસ્તુઓનું સત્ય આ છે. એ દિવ્ય સ્વરૂપનું દૃષ્ટિબિન્દુ છે; પરંતુ નીચેથી આરંભાતું, અજ્ઞાનમાંથી આગળ જતું, ચેતનાની ભિન્ન અવસ્થાઓને, સમગ્રતા અનુસાર નહીં પણ ક્રમાનુસાર આ સિદ્ધાન્તોને જોતું, જે માનુષી દૃષ્ટિબિન્દુ છે તેને પણ હિસાબમાં લેવાનું છે. અનુભવ દ્વારા જે સચ્ચિદાનંદે પાછું ફરે છે તે મનુષ્યત્વ છે. એણે નીચેથી, અવિદ્યામાંથી આરંભ કરવો પડે છે, બંદિ બનેલા મનીષીએ ગોચર વાસ્તવિકતામાંથી ઉપર નીકળી આવવાનું છે. આ . બંદિ બનેલો મનીષી છે મનુષ્ય, '**मनु**'.

એણે મૃત્યુમાંથી ને ભેદાત્મકતામાંથી શરૂઆત કરવાની છે ને એકતાએ ને અમરતાએ પહોંચવાનું છે. વ્યક્તિમાં એણે વિશ્વસ્વરૂપનો ને સાપેક્ષમાં નિરપેક્ષ પરબ્રહ્મનો અનુભવ કરવાનો છે. પદાર્થાત્મક બહુમયતામાં સભાન બનનારો એ બ્રહ્માત્મા છે. વિશ્વમાં એ અહંભાવ છે, સર્વમય અને પરમાત્મા બનીને એ કૃતકૃત્ય થાય છે.

## ૫

# ત્રીજું આન્દોલન

## [૨]

## વિદ્યા અને અવિદ્યા

### શ્લોક ૯—૧૧*

**વિદ્યા અને અવિદ્યા**

બધા જ આવિર્ભાવ બે સંજ્ઞાઓની સહાયથી થાય છે, વિદ્યા અને અવિદ્યા, એકતાની ચેતના અને બહુમયતાની ચેતના.. સનાતનની જે રૂપવિધાયક કલ્પના છે તે માયાનાં એ બે સ્વરૂપો છે. એકતા છે સનાતન ને મૂળભૂત સત્ય વસ્તુ, ને એના વિના સઘળી બહુમયતા અસત્ અને અસંભવ ભ્રમ બની જાય છે તેટલા માટે એકતાની ચેતનાને વિદ્યા, જ્ઞાન કહેવામાં આવી છે.

બહુમયતા એકસ્વરૂપની લીલા છે, વિધ વિધ પ્રકારે થયેલો એનો આત્મવિસ્તાર છે; એની સંજ્ઞાઓ બદલાતી રહે છે; એની પોતાના પ્રત્યેની દૃષ્ટિ વિભાનીયતા-વાળી છે; એના પ્રભાવથી જે એકસ્વરૂપ છે તે ચેતનાનાં અનેક કેન્દ્રોમાં અવસ્થિત થાય છે,

---

*૯ જેઓ અવિદ્યાનો માર્ગ અનુસરે છે તેઓ અંધ અંધકારમાં પ્રવેશે છે, ને જેઓ એકલી વિદ્યાની ઉપાસના કરે છે તેઓ તો જાણે એથીયે વધારે અંધકારમાં પ્રવેશે છે.

૧૦ વિદ્યા દ્વારા જે પ્રાપ્ત થાય છે તે ખરેખર અલગ પ્રકારનું છે ને તેવી જ રીતે અવિદ્યા દ્વારા જે પ્રાપ્ત થાય છે તે પણ એક અલગ પ્રકારનું છે. જેમણે અમારી બુદ્ધિ આગળ **तत्** (બ્રહ્મ)નું વિવરણ કર્યું છે તે ધીરજ્ઞાનીઓ પાસેથી અમને આ જ્ઞાન મળ્યું છે.

૧૧ વિદ્યા તથા અવિદ્યા રૂપે એકી સાથે **तत्** (બ્રહ્મ) પોતે જ છે, એવું જે જાણે છે તે અવિદ્યા દ્વારા મૃત્યુને પાર કરી જાય છે ને વિદ્યા દ્વારા અમૃતનો આનંદ ભોગવે છે.

# વિદ્યા અને અવિદ્યા

વિશ્વના આન્દોલનમાં તેજઃશક્તિની અનેક રૂપરચનાઓમાં નિવાસ કરે છે. એકતામાં બહુમયતા અંતર્ગત અવ્યક્ત ભાવે કે વ્યક્ત ભાવે વિદ્યમાન છે. એ ન હોય તો એકતા અસત્‌ની કાં તો રિક્તતા બની જાય, કાં તો શક્તિહીન વંધ્ય મર્યાદા બની વિવેકરહિત આત્મલીનતાને નડે અથવા તો ખાલીખમ આરામની અવસ્થા બની જાય.

પરંતુ બહુમયતાની ચેતના બહુ રૂપોમાં રહેલી મૂળભૂત એકતાના સાચા જ્ઞાન વગરની બની ગયેલી હોય છે અને પૃથગ્‌-ભાવી અહં વિભક્ત થઈ ગયેલા રૂપ અને મર્યાદિત થઈ ગયેલી ક્રિયાની સાથે તદાકારતા રાખે છે ત્યારે ભૂલ અને ભ્રમની અવસ્થા જન્મે છે. બહુમયતાની ચેતનાએ માણસમાં આ રૂપ લીધેલું હોય છે, તે કારણે એને અવિદ્યાનું, અજ્ઞાનનું નામ અપાયેલું છે.

બ્રહ્મ ઈશ છે, એક અને અખિલાનંદમય, પણ એ પોતાની એકતાની મર્યાદામાંથી મુક્ત છે; સર્વશક્તિમાન એવો એ બહુગુણ રૂપોમાં ને બહુગુણ કેન્દ્રોમાં એ પોતાની કલ્પના કરવાને સમર્થ છે; અને આપણે જેને બળોનાં કાર્યો કે એમની લીલા રૂપે જોઈએ છીએ તે તેજઃશક્તિના બહુગુણ પ્રવાહો પેલાં કેન્દ્રો ને રૂપોમાંથી ને તેમની ઉપર પ્રવહમાન થાય છે. આમ એ જ્યારે બહુગુણ બનેલો હોય છે ત્યારે તે પોતાની બહુમયતાથી બંધાયેલો હોતો નથી અને બધી વિવિધરૂપતાઓ વચ્ચે એ સર્વદા પોતાની એકરૂપતામાં જ નિવાસ કરતો હોય છે. એ વિદ્યા અને અવિદ્યા— ઉભયનો ઈશ છે. એ એની માયાનાં બે પાસાં છે, એની ચિત્‌-શક્તિનાં જોડિયાં બલો છે.

બ્રહ્મ એની માયાથી અતીત હોય યા તો એની લીલામાં નિવાસ કરતો હોય-તે છતાં ઈશ છે, એનો પ્રભુ છે ને મુક્ત છે લીલામાં નિવાસ કરતો માણસ અનીશ છે, નથી એ એનો ઈશ કે નથી મુક્ત, એ અવિદ્યાને અધીન છે. પરંતુ આ અધીનતા પોતે પણ અજ્ઞાનની એક લીલા છે, પરમાર્થતઃ અસત્ય છે, વ્યવહારના સંબંધમાં જ સત્ય છે, ચિત્‌-શક્તિના સધાઈ રહેલાં કાર્યોમાં જ સત્ય છે. પોતાની મુક્ત સ્થિતિની મૂળભૂત સત્યતાએ પહોંચવા માટે માણસે એકતાનો ભાવ પાછો પ્રાપ્ત કરવો જોઈએ, બ્રહ્મની ચેતનામાં અવસ્થિત થવું જોઈએ, ઈશની ચેતના પોતાની બનાવવી જોઈએ, બ્રહ્મમાં અને ઈશ સાથે પોતાની એકતાનો અનુભવ કરવો જોઈએ. પોતાની મુક્તિ પુનઃ પ્રાપ્ત થતાં, સર્વ અસ્તિત્વો એકસ્વરૂપ આત્માનાં જ ભૂત-સ્વરૂપો છે એવો અનુભવ થતાં, **સોઽહમ્**, હું એકસ્વરૂપ આત્મા જ છું એવી જ્ઞાનાવસ્થામાં પોતે મુક્ત હોવાને કારણે, અજ્ઞાનની અધીનતામાંથી પૂર્ણપણે છૂટવાને કારણે માણસ જગતમાં રહી દિવ્ય કર્મો કરવાને સમર્થ બને છે.

એટલા માટે વિદ્યા અને અવિદ્યા વચ્ચે પરમ મેળયુક્ત સમાધાન સધાતાં વ્યક્તિમાં પરમાત્માનો પૂરેપૂરો આવિર્ભાવ થાય એ મનુષ્યની પૂર્ણતાની અવસ્થા

છે. બહુમયતાને પોતાની અંદર જે એકતા છે તેનું ભાન થવું જોઈએ અને એકતાએ બહુમયતાને પોતાના આલિંગનમાં લેવી જોઈએ.

**આત્યંતિક માર્ગો**

એકલી વિદ્યાના કે એકલી અવિદ્યાના અનુસરણથી જગતમાં ઈશનું જે પ્રયોજન છે તે પાર પાડી શકાતું નથી.

બહુમયતાના ને ભેદાત્મકતાના સિદ્ધાન્તને જેઓ નિષ્ઠાપૂર્વક સેવે છે તેઓ એકતાથી દૂર રહી આરંભ કરે છે ને પરિણામે અજ્ઞાનના અંધ તમસમાં પ્રવેશે છે. કારણ કે આ વૃત્તિ રાખવાથી માણસ વધતી જતી સંકુચિતતામાં, સીમાબદ્ધતામાં પડે છે, જ્ઞાનના લાભોને છિન્નવિચ્છિન્ન કરી નાખે છે અને પ્રકૃતિની યાન્ત્રિક આવશ્યકતાઓને વધારે ને વધારે આધીન બને છે અને અંતે એના ભેદાત્મક તથા આત્મવિનાશક બલોનો ભોગ બની જાય છે. એકતાની દિશામાં થતી પ્રગતિશીલતાથી વિમુખ થવું તે અસ્તિત્વ અને પ્રકાશથી વિમુખ થવા બરાબર છે.

જેઓ કેવળ એકતાના સિદ્ધાન્તને વિવેક વિના પૂરેપૂરો સેવે છે અને બ્રહ્મની સમગ્રતાને પોતાનાથી વેગળી રાખવા માગે છે તેઓ જ્ઞાનને ને સંપૂર્ણતાને પણ પોતાનાથી વેગળી રાખે છે અને જાણે કે ગાઢતર અંધકારમાં પ્રવેશે છે. તેઓ અમુક એક વિશિષ્ટ પ્રકારની અવસ્થામાં પ્રવેશ કરે છે, એને સંપૂર્ણ માની અપનાવી લે છે અને ચેતનામાં જે બહિષ્કાર કર્યો હોય છે તેને પરમ વસ્તુની પ્રાપ્તિરૂપ માની લેવાની ભૂલ કરે છે. તેઓ જ્ઞાનની પસંદગી દ્વારા ઉપેક્ષા કરે છે, બીજાઓ મોહવશ થઈ અજ્ઞાની રહે છે. વિદ્યાનો સાચો માર્ગ તો છે સર્વને જાણી સર્વથી પર થવું તે.

વિદ્યા જોકે અવિદ્યા કરતાં વધારે ઊંચી સ્થિતિ છે, છતાંય એ રાત્રિ ગાઢતર અંધકાર છે એવું કહ્યું છે, કારણ કે નીચેની જે અવિદ્યારૂપી રાત્રિ છે તે અંધાધૂંધી ભરી હોવા છતાં તેમાંથી નીકળી ફરીથી નવેસર ઘડતર કરવું હમેશાં શક્ય હોય છે, પરંતુ જે ઉચ્ચતર છે તે શૂન્યાકાર કે અસત્‌ની સંજ્ઞા છે, આત્માની અસત્ ઉપરની આસક્તિરૂપ છે અને આત્માની પરિપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે એમાંથી નીકળી પાછા ફરવું વધારે મુશ્કેલ છે.

**ઉભય માર્ગોમાં થતા લાભ**

પૂરેપૂરી નહીં પણ કંઈક ઓછી આસક્તિથી અનુસરાયેલો વિદ્યાનો ને અવિદ્યાનો માર્ગ માનવ જીવને પ્રત્યેક પોતાપોતાનો ઘટતો લાભ આપે છે, પરંતુ આવિર્ભૂત જગતમાં જીવે જે પૂરેપૂરી ને પૂર્ણ વસ્તુ પ્રાપ્ત કરવાનું કાર્ય ઉપાડ્યું છે તે તો બેમાંથી એકે દ્વારા પાર પડતું નથી.

વિદ્યા વડે માણસ નીરવ બ્રહ્મની કે અક્ષર પુરુષની અવસ્થાને પ્રાપ્ત કરે છે;

આ અક્ષર પુરુષ વિશ્વની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધા વિના દ્રષ્ટા બની બધું જોતો હોય છે, અથવા તો જેમાંથી વિશ્વનો ઉદય થાય છે ને જેની પ્રત્યે એ પાછું ફરે છે તે સત્‌ની અંદર ચિત્‌ની નિજાત્મલીન પોતાની અવસ્થા પ્રાપ્ત કરે છે. આ બન્ને અવસ્થાઓ આત્મસ્થતાની છે, સમૃદ્ધ ભાવની છે, જગતના વ્યામોહો અને વેદનાઓ-માંથી મુક્ત ભાવની છે.

પરંતુ માણસનું ઉચ્ચમાં ઉચ્ચ લક્ષ્ય નથી અલગ વ્યક્તિ તરીકે જગતમાં કૃતાર્થતા પ્રાપ્ત કરવી તે કે નથી જગતથી અળગા પડી જઈ અક્ષરની નીરવતામાં પ્રવેશ કરવો તે. લક્ષ્ય તો છે ઉત્તમ પુરુષ, ઈશ્વર, જે સર્વત્ર વ્યાપ્ત થયો છે, અને પોતાનાં જ સ્વરૂપ એવા ક્ષરને ને અક્ષરને પોતાની અંદર ધારણ કરી રહેલો છે. માનવરૂપ જીવાત્મા વ્યક્તિમાં અને વિશ્વને માટે સર્વેનું શ્રેષ્ઠ સ્વરૂપ જે પુરુષોત્તમ છે તેનો સાક્ષાત્કાર કરવા માટે આ લોકમાં આવેલો છે. અવિદ્યાએ ઉત્પન્ન કરેલો અહંકાર એ માટેની એક યાન્ત્રિક કળ છે; એના દ્વારા અવિદ્યા સમષ્ટિમાં વ્યષ્ટિભાવનું સમર્થન કરી એને પરમ સિદ્ધિએ પહોંચવા માટેનું પ્રસ્થાનબિન્દુ બનાવે છે.

અવિદ્યા દ્વારા મનુષ્ય અસુરોમાં, દેવોમાં, ઈન્દ્રમાં, પ્રજાપતિમાં હોય છે તેવી શક્તિની, આનંદની, વિશ્વજ્ઞાનની, સત્ત્વની વિશાળતાની પરિપૂર્ણતા પ્રાપ્ત કરે છે. પોતાની જાતની વિશાળતા પ્રાપ્ત કરાવવા માટે સેવાતા માર્ગે, બહુમયતાનો એની સઘળી શક્યતાઓ સાથે પુષ્કળ પ્રમાણમાં સ્વીકાર કરવા વડે, અને વ્યક્તિમાં વિશ્વ જેટલી સામગ્રી રેડી શકે તે સર્વ વડે સતત સમૃદ્ધિશાળી બનીને પૂર્વોક્ત વસ્તુઓનો લાભ મેળવી શકાય છે. કિન્તુ આ પણ મનુષ્યનું લક્ષ્ય નથી; કેમ કે સામાન્ય માનવી મર્યાદાઓની પાર તો એ લઈ જાય છે, છતાં વિશ્વના નાથમાં વિશ્વ પારની જે દિવ્ય પરાત્પરતા છે તે એના વડે પ્રાપ્ત થતી નથી. માણસ અજ્ઞાનના વ્યામોહથી પર થાય છે, પણ જ્ઞાનની મર્યાદાની પાર જતો નથી; દેહના મૃત્યુને પાર કરી જાય છે, પરંતુ સત્ત્વની સીમાઓ પાર કરતો નથી, શોકની અધનતાને પાર કરી જાય છે, પરંતુ હર્ષની અધીનતાને પાર કરતો નથી; નિમ્ન પ્રકૃતિથી પર થઈ જાય છે, પણ પરા પ્રકૃતિથી પર થતો નથી. સાચી મુક્તિ અને પૂર્ણ અમૃતત્વ મેળવવા માટે માણસે જે સર્વનો પરિત્યાગ કર્યો છે ત્યાં પાછા ઊતરવું પડે છે અને મૃત્યુનો, શોકનો, અને અજ્ઞાનનો સાચો ઉપયોગ કરવો પડે છે.

સત્ય જ્ઞાન તો તે જ કે જે બ્રહ્મને એની સમગ્રતામાં જુએ, નહિ કે એક ચેતનાને બદલે બીજી ચેતનાનું આતુરતાપૂર્વક અનુસરણ કરે અને અવિદ્યા છોડી વિદ્યા ઉપર કશીયે આસક્તિ રાખે. પુરાણા ધીર ઋષિઓનું જ્ઞાન આ પ્રકારનું હતું; તેમનો વિચાર સ્થિર ભાવે એ જ્ઞાન પર ઠરેલો હતો, એક યા બીજા પ્રકારથી જ્ઞાનની સમગ્રતામાંથી અન્યત્ર દોરાઈ ગયેલો નહોતો. આને પરિણામે બ્રહ્મનું એમનું દર્શન પૂરેપૂરું અને

સમગ્રભાવી હતું અને એ દર્શન ઉપર રચાયેલો એમનો ઉપદેશ પણ એટલો જ પૂરેપૂરો ને સમગ્રભાવી હતો. (**વિચચક્ષિરે**) ઈશોપનિષદમાં આ પુરાતન દ્રષ્ટાઓનું જ્ઞાન આગળ કરવામાં આવ્યું છે.

**પૂર્ણ માર્ગ**

બ્રહ્મ પોતાના આવિર્ભાવમાં વિદ્યા તથા અવિદ્યા ઉભયનો સમાવેશ કરે છે અને આવિર્ભૂત જગતમાં જો એ બન્ને હોય તો તેનું કારણ એ છે કે એના અસ્તિત્વને માટે ને એની પરિપૂર્ણતાને માટે એ બન્નેની જરૂર છે. વિદ્યા અવિદ્યાને પોષે છે ને આશ્લેષમાં રાખે છે તેથી તો એ ટકી રહેલી છે. જીવ પરમ એકતા માટે તૈયાર થાય અને એ દિશામાં આગળ વધે તે માટે વિદ્યા અવિદ્યાનો આધાર લે છે. બેમાંથી એકે એકબીજા વગર ટકી શકતી નથી; કેમ કે બેમાંથી એકનો લોપ થતાં એ બન્ને બેમાંથી એકે નથી એવા કોઈ તત્ત્વમાં પસાર થઈ જવાની અને એ બન્નેને સ્થાને સકલ આવિર્ભાવની પાર જે કંઈક અચિન્ત્ય અને અનિર્વચનીય છે બન્ને લય પામી જવાની.

ખરાબમાં ખરાબ અજ્ઞાનમાં પણ એ અજ્ઞાનની રૂપરચનામાં જ્ઞાનનો કોઈ અંશ ને એકતાનો કોઈ આધાર રહેલો હોય છે, જેને લીધે અજ્ઞાન એકદમ ઐકાન્તિક ભેદ, મર્યાદા, તમોગ્રસ્તતામાં પડી શૂન્યાત્મકતામાં પ્રલય પામી જતું અટકે છે. અસ્તિત્વ-માંથી અલોપ થઈ જવાનું અજ્ઞાનના ભાગ્યમાં લખાયેલું નથી, પરંતુ એ જે તત્ત્વોનું બનેલું છે તે તત્ત્વોએ પ્રકાશમાન બનવાનું છે, એકતાયુક્ત બનવાનું છે, અને મુક્તિ મેળવી, પૂર્ણતા સાધી, અને એ પૂર્ણતામાં રૂપાન્તર પામી નવે સ્વરૂપે પ્રકટ થવાનો પ્રયાસ કરવાનો છે.

જ્ઞાનને માટે પરાકાષ્ઠાએ પહોંચતી જે એકતાની શક્યતા છે, તેમાં બહુમયતાની સામગ્રી અંતવર્તી ને નિર્વિવાદ રહેલી છે, અને કોઈ પણ ક્ષણે એને છૂટી કરી ક્રિયા-પરાયણ બનાવી શકાય છે. જેનો કદી પણ આવિર્ભાવ કરવો જોઈતો નહોતો એવી એક વસ્તુ ગણી અવિદ્યાનો વિનાશ કરવો એ વિદ્યાનો અધિકૃત ધર્મ નથી, પરંતુ એને પોતાની તરફ સતત આકર્ષતા રહેવું, ને તે દરમ્યાન એને આધાર આપવો ને અજ્ઞાનના લક્ષણમાંથી પ્રગતિશીલ ક્રમે એ મુક્ત થાય, મૂળભૂત એકતાની એની વિસ્મૃતિમાંથી એનો ઉદ્ધાર થાય એવું કરવું એ એનો ધર્મ છે. આ એકતાની વિસ્મૃતિને લીધે જ એને અજ્ઞાનનું નામ મળેલું છે.

અવિદ્યા વિદ્યા તરફ વધારે ને વધારે વળીને જ્યારે કૃતાર્થતા પામે છે ત્યારે વ્યક્તિગત અને વિશ્વમય બનેલો આત્મા ઈશ્વર સ્વરૂપે જ છે તે રૂપ બને છે, એમનામાં પોતાના આવિર્ભાવનું ભાન જાગે છે, પોતાની અસંભૂતિનું જ્ઞાન પ્રકટ થાય છે અને સંભૂતિમાં તેમ જ અસંભૂતિમાં પોતે મુક્ત ભાવે વિરાજે છે.

# વિદ્યા અને અવિદ્યા

આ વિશ્વમાં છે તે બહુમયતા સચેતનતા પામી આ પ્રમાણે વર્તે અને પૂર્ણભાવને પામે એ માટેનું માર્ગબિન્દુ મનુષ્ય સ્વરૂપે પ્રતિરૂપતા પામેલું છે. મનુષ્યની પોતાની સ્વાભાવિક પરિપૂર્ણતા સમગ્રતાને માર્ગે જતાં પ્રાપ્ત થાય તે માટે અવિદ્યાએ વિદ્યાને આત્મસમર્પણ કરવાનું છે, બહુમયતાએ એકતાને, અહંભાવે સર્વમાં ને સર્વની પાર રહેલા એકસ્વરૂપને આત્મસમર્પણ કરવાનું છે, વિદ્યાએ અવિદ્યાને પોતાની અંદર સત્કારી લેવાની છે, એકતાએ બહુમયતાને એની પરિપૂર્ણતાએ પહોંચાડવાની છે, પોતાનો આવિર્ભાવ કરનાર એકસ્વરૂપ પરમાત્માએ વ્યક્તિમાં તેમ જ વિશ્વમાં પ્રકટરૂપતા પ્રાપ્ત કરવાની છે.

**મર્ત્યતા અને અમૃતત્વ**

મર્ત્યતા

અવિદ્યા પૂર્ણાર્થતાને પામે છે ત્યારે માણસ મૃત્યુને પાર કરી જાય છે, અને વિદ્યા અવિદ્યાને પોતાની અપનાવી લે છે ત્યારે એ અમૃતત્વનો ઉપભોગ કરે છે.

મૃત્યુ એટલે મર્ત્યતાની અવસ્થા, જે જન્મ અને મરણની સતત ચાલી રહેલી પ્રક્રિયાને વશ વર્તે છે અને અહંભાવથી સીમિત બની હર્ષ અને શોક, પુણ્ય અને પાપ, સત્ય અને અસત્ય, રાગ અને દ્વેષ, સુખ અને દુ:ખ જેવાં દ્વન્દ્વોનાં બન્ધનોમાં પડેલી હોય છે.

આ અવસ્થા આવે છે મર્યાદિતતામાંથી અને જે સર્વમય છે, સર્વમાં છે અને સર્વની પર છે, તે એકસ્વરૂપ પરમાત્માથી પોતાની જાતને વિયુક્ત કરી દેવાથી અને દિક્-કાળમાં દેહ, પ્રાણ અને મનનું જે બન્યું છે તે જ એક આપણું સ્વરૂપ છે એવું માની તેની ઉપર આસક્ત બની રહેવાથી. આને લીધે આત્મા પોતે સત્યત: જે સર્વ છે તેને પોતાથી પૃથક્ રાખે છે, મન, પ્રાણ અને દેહના અમુક ખોળિયાની અંદર પ્રકટ થયેલી શક્તિઓથી પોતાને પરિસીમિત બનાવી દે છે અને અમુક કેન્દ્રમાંથી બહાર વહી જતા અને અંદર પ્રવેશતા અનુભવોના સમૂહને જ પોતાનો માની બેસે છે. આ અનુભવોના સમૂહને પોતાના મનમાં આવેલા અહંતાના કેન્દ્રની આસપાસ એ વ્યવસ્થિત બનાવે છે, અને નિષ્ક્રિય સ્થિતિમાં રહેલી તથા પ્રવૃત્તિમાં સક્રિય બનેલી બેવડી સ્મૃતિ વડે તેમને કાળમાં સંકલિત કરે છે અને સતત કહ્યા કરે છે કે 'હું એટલે આ.'

પરિણામે જીવાત્મા પ્રકૃતિની યા ચિત્ શક્તિની લીલાના અમુક ભાગને જ પોતાનો માનતો થાય છે અને એને લીધે જેને એ પોતાની જાત સમજતો નથી પણ વિજાતીય બળોનું આક્રમણ ગણે છે તેના સારા સંઘટ્ટનને સહેવા માટે અમુક મર્યાદિત પ્રમાણમાં જ પોતાની પાસે ચેતનાનું બળ છે એવું અનુભવે છે; એમની સામે

પોતાનું પૃથક્ વ્યકિતત્વ વિલય ન પામી જાય કે પ્રકૃતિની સત્તાને વશ ન બની જાય એવી રીતે એની સંરક્ષા કરવાને એ તત્પર થાય છે. પોતાના વ્યકિતસ્વરૂપનું સમર્થન કરવાનો એ પ્રયત્ન કરે છે અને એના દ્વારા પોતે સહજ સ્વભાવે ઈશ છે.

પરંતુ એની પોતાની વ્યાખ્યા અનુસાર અહંતાની શકિત પરિમિત છે. વસ્તુ-ઓની સામાન્ય અવરજવરમાં સ્થાયી ન રહી શકે એવું પ્રકૃતિની પ્રવૃત્ત ગતિનું બનેલું રૂપ એ પોતે છે એવું એ સ્વીકારી લે છે. જગતની પ્રવૃત્ત ગતિની પ્રક્રિયા દ્વારા એને એ પ્રાપ્ત કરવાનું છે અને 'જન્મ' નામે ઓળખાય છે, એ જ પ્રક્રિયા દ્વારા એનો વિલય થાય છે ને એ 'મૃત્યુ' કહેવાય છે.

એનું પોતાનું દૃષ્ટિબિન્દુ જેટલું જેરવી શકે છે તેટલું જ એના અનુભવોમાંનું બુદ્ધિ દ્વારા એ પોતાની સત્તા નીચે આણી શકે છે અને સર્વમથી ને સર્વમયની દૃષ્ટિ એની હોતી નથી તે કારણે હમેશાં અપૂર્ણ અને મોહમાયાને વશ અવસ્થામાં જ તે તેમ કરી શકે છે. એનું જ્ઞાન અમુક અંશે ભ્રમ ભરેલું હોય છે અને એને જે જણાયું હોય છે તે સિવાયના બીજા બંધાની એ ઉપેક્ષા કરે છે.

પોતાના અનુભવોની અમુક સંખ્યા જ એ સ્વીકારી શકે છે ને એમની સાથે પોતાનો મેળ સાધી શકે છે, અને એનું ચોક્કસ કારણ એ કે એ પોતે એટલાને જ સમજી શકે છે અને પૂરતા પ્રમાણમાં આત્મસાત્ કરી શકે છે. આ એનો હર્ષ છે; બાકીનું છે શોક કે ઉદાસીનતા.

એના શરીરમાં, નાડીયંત્રમાં અને મનમાં રહેલા સામર્થ્ય સાથે એ વિજાતીય બળોના આઘાતોની અમુક સંખ્યાને જ તાલમેળમાં આણવાની શકિત ધરાવે છે. આમનામાં એ સુખ અનુભવે છે. બાકીનું એ મૂઢ ભાવે કે દુ:ખરૂપે ગ્રહણ કરે છે.

તેટલા માટે વ્યકિતના મન, પ્રાણ અને શરીરના ઢાળામાં અહંભાવ પોતાને ખોટી રીતે મર્યાદિત બનાવી દે છે તેનો સર્વમય હમેશાં જે ઇનકાર કરે છે તેનું નામ મૃત્યુ.

અહંભાવ પોતાના મર્યાદિત જ્ઞાનને ખોટી રીતે પૂરતું માની બેસે છે અને સર્વમય એનો જે ઇનકાર કરે છે તેનું નામ છે મિથ્યાભ્રમ.

વિશ્વવ્યાપી આનંદને જૂઠા ને સ્વાર્થપરાયણ મર્યાદિત પ્રકારના અને પોતાની જાત સિવાય બીજાં બધાંને બાતલ રાખતા સુખભોગોમાં પરિબદ્ધ બનાવી દેવાના અહંતાના પ્રયત્નનો સર્વમય જે અખંડ ઇનકાર કરે છે તે છે માનસિક તથા દૈહિક દુ:ખ.

એકમાત્ર સર્વમયની એકતાનો સ્વીકાર કરવા વડે જ વ્યકિત આ અવિરત અને આવશ્યક ઇનકારમાંથી છટકી શકે છે અને જે પાર આવેલું છે તેને પ્રાપ્ત કરી શકે છે. આવું થયા પછી જ સર્વાત્મા, સર્વશકિત, સર્વચેતના, સર્વસત્ય અને સર્વાનંદ વ્યકિત-સ્વરૂપ જીવને પોતાનો બનાવી દે છે. મર્ત્યતાને એ અમૃતતામાં પલટાવી દે છે.

**મર્ત્યતા અને અવિદ્યા**

પરંતુ વ્યક્તિસ્વરૂપને પ્રકૃતિના પ્રવાહમાં વિલીન કરી દેવું અથવા તો પ્રકૃતિ જેને પ્રકટ કરે છે તે સર્વાત્મસ્વરૂપમાં અકાળે એને ઓગાળી નાખવું એ અમૃતત્વ પ્રાપ્ત કરવાનો માર્ગ નથી. માણસ એવી કોઈ વસ્તુની તરફ ગતિ કરી રહ્યો છે કે જે વિશ્વથી પર પાર જઈ વિશ્વને એની પરિપૂર્ણતાએ પહોંચાડે છે. એણે પોતાના વ્યક્તિત્વ પામેલા જીવને આ પરાત્પરતા માટે અને પરમકૃતાર્થતા માટે તૈયાર કરવાનો છે.

અવિદ્યા જોકે મર્ત્યતાનું કારણ છે તો પણ તે મર્ત્યતામાંથી બહાર લઈ જનારો માર્ગ છે. વ્યક્ત જીવ પ્રકૃતિના સંકુલ પ્રવાહ સામે પૃથક્ રૂપે દૃઢતાપૂર્વક પોતાનું સમર્થન કરી શકે અને અંતે પ્રકૃતિની પાર જઈ એનો સ્વામી બને અને એને રૂપાન્તર પમાડે એવા ચોક્કસ હેતુથી મર્યાદિતતાનું સર્જન કરવામાં આવેલું છે.

આને માટે જે પ્રથમ જરૂરિયાત છે તે એ કે માણસે પોતાના અહંભાવની સીમાઓની અંદર પોતાની સચેત સત્તાને, જ્ઞાનને, આનન્દને, અને શક્તિને સતત વિશાળતા પમાડવી. આવું કરવાથી આ સંજ્ઞાઓ રૂપે એનામાં જે ક્રમશ: વધારે ને વધારે પ્રકટ થતું જાય છે તેની ભાવના કરતો બની જાય, પ્રકૃતિમાં જે વિરોધ કરતાં તત્ત્વો છે તેમની સાથે વ્યવહાર કરવાનું વધારે ને વધારે બળ મેળવે, અને વ્યક્તિભાવે અજ્ઞાનની, દુ:ખની, અને દુર્બળતાની અવસ્થાને જ્ઞાનમાં, આનંદમાં, બલવત્તામાં પલટાવી નાખે અને તે એટલે સુધી કે મૃત્યુને પણ એ વિશાલતર જીવનનું સાધન બનાવી શકે.

પોતાના પ્રાકૃત સ્વરૂપને વિશાળ બનાવીને માણસે જે પોતાનેય પાર કરી જાય છે, જે વ્યક્તિગત આવિર્ભાવનીય પાર પહોંચે છે તેના જ્ઞાનને જાગ્રત કરવાનું છે. માણસે પોતાના સ્વરૂપના ખ્યાલને એવો તો વિસ્તારવાનો છે કે જેથી પોતે સર્વને પોતાની અંદર અને સર્વની અંદર પોતાના સ્વરૂપને જોતો બની જાય (શ્લોક-૬). એણે જોવાનું છે કે જેમાં સર્વ સમાયેલું છે અને જે સર્વમાં સમાયેલું છે એવું આ 'અહં' એકસ્વરૂપ ઈશ છે, વિશ્વવ્યાપક છે, પોતાનો વ્યક્તિગત અહંભાવ નથી. એણે પોતાનો અહંભાવ તત્સ્વરૂપને આધીન કરી દેવાનો છે, પોતાના સ્વભાવમાં એ એ તત્સ્વરૂપને પ્રત્યુત્પન્ન કરવાનો છે ને પોતાને તત્સ્વરૂપ બનવાનું છે અને એ તત્સ્વરૂપને એનાં સઘળાં રૂપોમાં અને સઘળી પ્રવૃત્તિઓમાં આત્માની સમતા રાખી પોતાનો બનાવવાનો છે અને એનો આનંદ અનુભવવાનો છે.

માણસે જોવાનું છે કે આ વિશ્વવ્યાપી એક કોઈ એક પૂરેપૂરું પરાત્પર તત્ત્વ છે, એકમાત્ર પરમાત્મા છે અને વિશ્વ તેમ જ એનાં સઘળાં રૂપો, કાર્યો તથા એના સઘળા અહંભાવો એ પરામાત્મસત્તાનાં ભૂતસ્વરૂપો છે (શ્લોક-૭). જગત એક એવી

સંભૂતિ છે કે જે દિક્-કાળની ગતિમાં મન, પ્રાણ અને શરીરની અંદરની પ્રગતિ દ્વારા જે સર્વ સંભૂતિની પારનું છે, દિક્-કાળની પારનું છે, મન, પ્રાણ અને શરીરની પારનું છે તેને હમેશાં પ્રકટ કરવા માગે છે.

આવી રીતે અવિદ્યા વિદ્યા સાથે એકાકાર બની જાય છે. જે મરણ, દુ:ખ, અજ્ઞાન અને દુર્બળતા રૂપ અવસ્થાઓ સાથે માણસને પ્રથમ વ્યવહાર કરવો પડયો હોય છે, અને બહુમયતાની મર્યાદાઓની ને ભેદોની વચ્ચે એકસ્વરૂપે સંભૂતિમાં પોતાનું પ્રથમ પ્રતિપાદન કર્યું હતું, તેની સાથે કામ લેવું પડયું હોય છે, તે સર્વની પાર અવિદ્યાની સહાયથી માણસ જાય છે. વિદ્યા દ્વારા સંભૂતિમાંય તે અમૃતત્વનો અનુભવ કરે છે.

**અમૃતત્વ**

અમૃતત્વનો એવો અર્થ થતો નથી કે શરીર પંચત્વ પામી જાય ત્યાર પછી જાત અથવા તો 'અહં' જીવતાં રહે. આત્મા દેહના વિલય પછી પણ હમેશાં અસ્તિત્વમાં રહેલો હોય છે, કેમ કે દેહના જન્મ પહેલાં પણ એ અસ્તિત્વમાં હતો. આત્મા છે અજન્મા અને અમર, જેના વડે વ્યકિતભાવી જીવનું સાતત્ય રહે અને અવિદ્યામાંના એના અનુભવોનું સંકલન થાય છે, વધતી જતી સ્વરૂપ પ્રાપ્તિ તથા પ્રભુત્વ પ્રતિ એનો પ્રયત્ન ચાલતો રહે ને વિદ્યામાં પરિણતિ પામતી નિજાત્મ વિસ્તારની પ્રક્રિયા પ્રવૃત્ત રહે, તે અહંતાનું અસ્તિત્વ ચાલુ રહે એ કેવળ એક પ્રાથમિક આવશ્યકતા બની જાય છે.

અમૃતત્વ એટલે તે ચેતના જે જન્મમરણથી પર છે, કાર્યકારણની શૃંખલાથી પર છે, બદ્ધતા અને મર્યાદિતતાથી જે પર છે, મુકત છે, આનંદમય છે, સચેતાત્મ-સ્વરૂપે સ્વયંભૂ છે, જે ઈશ્વરની ચેતના છે, પરમ પુરુષની ચેતના છે, જે સચ્ચિદાનંદની ચેતના છે.

**અમૃતત્વ અને જન્મ યાને સંભૂતિ**

આ સાક્ષાત્કારને માણસ વિશ્વમાં પોતાની મુકત પ્રવૃત્તિનો આધાર બનાવી શકે છે.

પરંતુ આટલે સુધીની પ્રાપ્તિ થઈ હોય તો જીવાત્માને પાછી જન્મની કે કર્મની શી જરૂર છે? એના પોતાના માટે કશી જ નહિ, પછી તો બધું જ પ્રભુ માટે અને વિશ્વ માટે હોય છે.

વિશ્વ પારનું અમૃતત્વ વિશ્વમાં થયેલા આવિર્ભાવનો હેતુ નથી, કેમ કે તે તો હરહંમેશ આત્માનું હોય છે જ. આત્મા સંભૂતિમાં તેમ જ અસંભૂતિમાં અમૃતત્વનો આનંદ લેતો થાય તે માટે મનુષ્યનું અસ્તિત્વ છે.

# વિદ્યા અનેઅ વિદ્યા

વળી વ્યક્તિગત મોક્ષ પણ લક્ષ્ય નથી: કેમ કે તે તો અહંભાવની જ ઉત્કૃષ્ટ અવસ્થા હોવાની, સર્વની અંદર રહેલા ઈશ્વર દ્વારા એના આત્મ સાક્ષાત્કારની નહિ.

પોતાના અમૃતત્વનો સાક્ષાત્કાર કર્યા પછી પણ વ્યક્તિએ વિશ્વમાં પ્રભુના કાર્યને પાર પાડવાનું છે. સર્વભૂતોમાં પ્રાણ, મન અને શરીર મર્ત્યતા નહિ પણ ક્રમશ: વધારે ને વધારે અમૃતત્વ પ્રકટ કરતાં થાય તે માટેના કાર્યમાં એણે સહાય કરવાની છે. જેને આપણે સામાન્ય રીતે જન્મ કહીએ છીએ તે સ્થૂલ શરીરમાં પ્રકટ થઈને કે અન્ય કોઈ લોકમાં અવસ્થિત રહીને કે લોક પાર રહીને તે આ કાર્ય કરે એ પણ શક્ય છે. પણ જેઓ હજુ અજ્ઞાનના નીચામાં નીચા જગતમાં છે અને પોતે હજુ જન્મપરંપરાની પ્રગતિ પરાયણ પ્રથા સાથે બંધાઈને રહેલા છે, તેમને નિકટતમતા દ્વારા દિવ્ય અને અસરકારક રૂપમાં સહાય આપવા માટે મુક્તાત્માઓ જન્મ લઈ શરીરધારી બને છે.

૬

# ત્રીજું આન્દોલન

[૩]

## સંભૂતિ અને અસંભૂતિ

શ્લોક ૧૨—૧૪*

### સંભૂતિ અને અસંભૂતિ

પ્રકૃતિની બહાર રહેલો આત્મા જન્મતો નથી; એ છે અક્ષર તેમ જ સનાતન. પ્રકૃતિમાં છે તે આત્મા જન્મે છે, દેહી બને છે; એ પોતાની અવસ્થાઓ અને રૂપો બદલે છે. કાળની પરંપરામાં એ જે વિધવિધ અવસ્થાઓને અને રૂપોને પ્રાપ્ત થાય છે તેને પ્રકૃતિમાં સંભૂતિ કહેવાય છે. આત્માનાં આ બે અવસ્થાનો છે,—એક છે પ્રકૃતિમાં, બીજું છે પ્રકૃતિની બહાર, એક છે જગતના આન્દોલનમાં ચાલતું ને બીજું છે આન્દોલનની ઉપર ઊર્ધ્વમાં આસીન, એક વિકસનમાં સક્રિય અને જીવનના વૃક્ષનાં ફ્લોનો આસ્વાદ લેતું, બીજું નિષ્ક્રિય અને સાક્ષી રૂપે અવલોકતું.

---

* ૧૨ જેઓ અસંભૂતિની એટલે કે જન્મરહિત અવસ્થાની ઉપાસના કરે છે તેઓ અંધ બનાવી દેતા અંધકારમાં પ્રવેશે છે અને જેઓ એકલી સંભૂતિની એટલે કે જન્મમાં પરિણામ પામતી ઉત્પત્તિની અંદર જ રસ લેતા હોય છે તેઓ તો જાણે એથીયે વધારે અંધકારમાં પ્રવેશ કરે છે.

૧૩ સંભવ એટલે કે જન્મરૂપ ઉત્પત્તિ દ્વારા જે પરિણામ આવે છે તે ખરેખર જુદા જ પ્રકારનું, અને અસંભૂતિ દ્વારા જે પરિણામ આવે છે તે પણ જુદા જ પ્રકારનું છે. જેમણે અમારી આગળ तत् (બ્રહ્મ) ની વ્યાખ્યા કરી છે તે ધીર જ્ઞાનીઓ પાસેથી અમે આવું સાંભળ્યું છે.

૧૪ જન્મમાં આવવું અને જન્મ પામેલાનું લયલીન થઈ જવું, એમ એ બન્નેને જે એક तत्-સ્વરૂપ જ જાણે છે તે વિનાશ દ્વારા મૃત્યુને પાર કરી જાય છે અને જન્મોત્પત્તિ દ્વારા અમૃતનો આનંદ ભોગવે છે.

આમ સચેત અસ્તિત્વની બે અવસ્થાઓ સંભવિત છે અને એ બન્ને એકબીજાથી તદ્દન ઊલટી છે. માનવ જીવને માટે આ બન્ને શક્ય છે, એક સંભૂતિની અને બીજી અસંભૂતિની અવસ્થા.

માણસ સંભૂતિની વિક્ષિપ્ત અવસ્થામાંથી આરંભ કરે છે ને જન્મરહિત અસંભૂતિ રૂપ, જગતના આન્દોલનમાંથી મુકત ચિન્મય અસ્તિત્વની શાન્ત ને સમતોલ અવસ્થાને પ્રાપ્ત થાય છે. અહંભાવ જન્મનો બંધનગ્રન્થિ છે; અહંભાવનો વિલય આપણને અસંભૂતિએ લઈ જાય છે; તેટલા માટે અસંભૂતિને વિનાશનું નામ પણ અપાયેલું છે.

સંભૂતિ અને અસંભૂતિ મૂળે જોતાં સ્થૂલ અવસ્થાઓ નથી, પણ એ છે જીવની અવસ્થાઓ. માણસ અહંકારની ગ્રન્થિ ભેદી નાખે છતાં તે સ્થૂલ શરીરમાં હોય; પરંતુ જો તે અહંકારના વિલય ઉપર જ એકાગ્રતા રાખે તો ફરીથી તે શરીરમાં જન્મતો નથી. મન અને શરીરના કાર્યને ચલાવતો અત્યારનો પ્રારબ્ધવેગ શ્રાન્ત થઈ જતાં તરત જ તે જન્મમાંથી મુકત બની જાય છે. બીજી બાજુએ જો તે સંભૂતિની સાથે પોતાને આસકત રાખે છે તો એની અંદરનું અહંતાનું તત્ત્વ નવાં માનસિક અને શારીરિક રૂપોને ધારણ કરવાનું ચાલુ રાખવા માગે છે.

**આત્યંતિકતાઓનો દોષ**

અસંભૂતિ પર આસકિત કે સંભૂત પર આસકિત, બેમાંથી એકે પૂર્ણ માર્ગ નથી. કેમ કે સર્વ પ્રકારની આસકિત અજ્ઞાનનું કાર્ય છે ને સત્ય ઉપર આચરેલો અત્યાચાર છે. એના અંતમાં પણ અજ્ઞાન છે, અંધ અંધકારની અવસ્થા છે.

'અન્ય સર્વનો' બહિષ્કાર કરી અસંભૂતિ ઉપર રાખેલી આસકિત અવ્યવસ્થિત પ્રકૃતિમાં યા તો શૂન્યમાં, રિકતતામાં વિલીનીકરણ પ્રત્યે લઈ જાય છે, અને એ બન્ને અંધ તમસની અવસ્થાઓ છે. કેમકે શૂન્ય સંભૂતિમાં જીવનની અવસ્થાને પાર કરવાનો નહીં, પણ એને નાબૂદ કરવાનો પ્રયાસ છે, પરિમિત અવસ્થામાંથી અપરિમિત અસ્તિત્વની અવસ્થાએ પહોંચવાનો નહિ, પણ અસ્તિત્વની અવસ્થાથી જે ઊલટું છે ત્યાં પહોંચવાનો પ્રયાસ છે. અસ્તિત્વથી ઊલટું તો એક જ હોઈ શકે—ચૈતન્યના અભાવની રાત્રિ, મોક્ષની નહીં પણ અજ્ઞાનની અવસ્થા.

બીજી બાજુએ, શરીરધારી સંભૂતિ ઉપરની આસકિત એટલે સ્વરૂપની સતત મર્યાદિતતા અને જેમાંથી બહાર ન નીકળાય કે મુકત ન થવાય એવું અહંતાનાં હીન સ્વરૂપોમાં અહંભાવી જન્મોનું અંત વગરનું ચક્કર. અમુક દૃષ્ટિબિન્દુથી જોતાં આ બીજો અંધકાર કરતાં વધારે ગાઢ અંધકાર છે; કેમ કે છુટકારા માટેના આવેગનું પણ એમાં અજ્ઞાન છે. સત્યને પકડમાં લેવા જવું એ કંઈ ભૂલ નથી, પરંતુ અંધતાની અવસ્થામાં સદાનો સંતોષ રાખી રહેવું, એ તો ભૂલ છે જ. એ કોઈ ઉચ્ચતર સ્થિતિનું

સ્વપ્ન સેવતું નથી; તેથી તે આખરે પણ કોઈ મહત્તર શ્રેયે દોરીને લઈ જઈ શકે એમ નથી.

**આત્યંતિકતાઓમાં રહેલું શુભ**

બીજી બાજુએ, પરસ્પર અમુક સાપેક્ષતા સાથે અનુસરાય તો આ બન્ને વૃત્તિઓમાંની પ્રત્યેકમાં એનું પોતાનું પરિણામ અને એનું પોતાનું શુભ રહેલું છે. સંભૂતિનું અને ઉચ્ચતર, પૂર્ણતર તથા સત્યતર અસ્તિત્વનું લક્ષ્ય બનાવી અસંભૂતિનું અનુસરણ કરવામાં આવે તો તે નીરવ બ્રહ્મમાં નિવૃત્તિની પ્રતિ અથવા તો અસત્‌ની વિશુદ્ધ મુક્તિની પ્રતિ દોરી જાય છે. અને સંભૂતિને જો પ્રગતિના અને આત્મ-વિસ્તારના સાધન તરીકે અનુસરવામાં આવે તો તે મહત્તર અને પૂર્ણતર જીવન પ્રત્યે દોરી જાય છે, અને એનો વારો આવતાં એ અંતિમ પ્રાપ્તિની પરસાળ બની જાય છે.

**પૂર્ણ માર્ગ**

પરંતુ છે તે સ્વરૂપમાં આ બન્નેમાંનું એકેય પરિણામ નથી પૂર્ણ કે નથી માનવ-જાતિનું સાચું લક્ષ્ય. બીજા વડે પૂર્તિ પામે ત્યારે જ એમાંનું દરેક માનવ જીવના સંપૂર્ણ શ્રેયમાં પોતાનો અભિપ્રેત હિસ્સો આણે છે.

બ્રહ્મ ઉભય છે,—વિદ્યા તેમ જ અવિદ્યા, સંભૂતિ તેમ જ અસંભૂતિ. આત્મા અજન્મા છે એવો અનુભવ અને અનંત તથા પારપારના અસ્તિત્વમાં જન્મ અને મરણનાં દ્વન્દ્વોની પારની જીવની સમતોલ અવસ્થા ભૂતાત્મક જગતમાં મુક્ત અને દિવ્ય જીવન માટેની શરતો છે. એ બન્ને પરસ્પર આવશ્યક છે. અક્ષર બ્રહ્મની શુદ્ધ એકતાના ભાગીદાર બનવા વડે જીવ જગતની પ્રવૃત્તિના પ્રવાહમાં થતી નિમગ્નતામાંથી મુક્તિ મેળવે છે. આ પ્રમાણે મુક્ત થયેલો જીવ, સંભૂતિ અને અસંભૂતિ જેના અસ્તિત્વના બે પ્રકાર છે એવા ઈશની સાથે તદાકારતા સાધે છે, અને પ્રકૃતિના મોહમાયાના ચક્કરમાં સપડાયા વગર વિશ્વરૂપ આવિર્ભાવમાં અમૃતત્વનો આનંદ માણે છે. એનો અંગત ઉદ્દેશ પાર પડતાં જન્મની આવશ્યકતા રહેતી નથી; ભૂતભાવની મુક્તિ કાયમ રહે છે. કેમ કે ભગવાન પોતાની શાશ્વતતાની તેમ જ ભૂતાત્મકતાની મુક્તિનો એકસરખી રીતે ને એકસાથે જ ઉપભોગ કરે છે.

એવું પણ કહી શકાય કે પરમ અસત્‌માં આત્મસત્તાનો ખ્યાલ સુદ્ધાં પ્રલય પામી ગયો હોય એવો ચિન્મય અનુભવ હોવો, તેય પૂર્ણમાં પૂર્ણ અને મુક્તમાં મુક્ત આત્માની પ્રાપ્તિ માટે જરૂરી છે. સમન્વયકારક દૃષ્ટિબિન્દુથી જોતાં સકલ ભાવાત્મક સત્તાના ખ્યાલને એના વિશાળતમ અને વિશુદ્ધતમ મૂળ સ્વરૂપમાં પણ પાર કરી જવાનો બુદ્ધ ધર્મનો જે મહાન પ્રયત્ન હતો તે પણ વાજબી ઠરે છે.

આ પ્રમાણે અહંભાવનો વિલય સંભૂતિ પરની આસક્તિનો વિનાશ કરી જીવ મૃત્યુ પાર તરી જાય છે, દ્વન્દ્વોમાં રહેલી બધી મર્યાદામાંથી મુક્ત થઈ જાય છે. આ મુક્તિ પ્રાપ્ત કર્યા પછી એ આત્માને આધીન પ્રકૃતિની પ્રક્રિયા રૂપે સંભૂતિનો સ્વીકાર કરે છે ને એને એ બંધન રૂપ બનતી નથી; આમ એ આ મુક્ત અને દૈવી સંભૂતિ દ્વારા અમૃતત્વનો આનંદ માણે છે.

**જીવનની દોષરહિતતાનું પ્રતિપાદન**

આ પ્રમાણે ઈશોપનિષદનું ત્રીજું આન્દોલન જીવન અને કર્મના સમર્થનરૂપ છે; આ જ ઉપનિષદના બીજા શ્લોકમાં સત્યના સાધકને આદેશ રૂપે અપાયું છે. કર્મો છે જીવનનો સાર. જીવન બ્રહ્મનો એક આવિર્ભાવ છે; પ્રાણતત્ત્વ બ્રહ્મમાં ચિદાત્માનાં સાત મૂળ દ્રવ્યોની સંવાદિતાની રચના કરે છે અને એના વડે આવિર્ભાવ પોતાના અંતર્લીનતાના પ્રકટતા રૂપ ઉત્ક્રાંતિના કાર્યને સાધે છે. બ્રહ્મમાં માતરિશ્વા સર્જક જળોનું સંવિધાન કરે છે, દિવ્ય અસ્તિત્વની સપ્તવિધ પ્રવૃત્તિની રચના કરે છે.

એ દિવ્ય અસ્તિત્વ છે ઈશ, જેણે સ્વરૂપનું જગતમાં પ્રસરણ કર્યું છે, વસ્તુઓનો સત્યના સર્વદ્રષ્ટા તરીકે, એમની સંભાવનાઓના મનીષી તરીકે, એમની વાસ્તવિકતાના સાક્ષાત્કારક તરીકે, એમ પોતાના ત્રિવિધ પ્રકારે વિશ્વમાં પોતાનું અપાવરણ કર્યું છે. સર્વ વસ્તુઓનો એમના સ્વભાવના સત્ય અનુસાર સર્વોપરી પ્રકારે નિશ્ચય કર્યો છે, એમના વિકાસનો ને એમના લક્ષ્યનો સનાતન કાળથી નિશ્ચય અમલમાં મૂક્યો છે.

આ નિશ્ચયાત્મક નિયતિ વિદ્યા અને અવિદ્યારૂપ એની દ્વિગુણ શક્તિ દ્વારા સધાય છે, જેમાં વિદ્યા છે મૂલભૂત એકતાની ચેતના અને અવિદ્યા છે ગોચર જગતમાં પ્રવર્તતી બહુમયતાની ચેતના.

બહુમયતાને એની પરાકાષ્ઠા સુધી લઈ જવામાં આવે તો એ સચેત વ્યક્તિમાં પાછી પોતાની તરફ વળે છે; આ સચેત વ્યક્તિ છે જગતનાં રૂપોમાં નિવાસ કરનાર અને પ્રથમ અજ્ઞાનની લીલાનો ઉપભોગ કરનાર ઈશ. ત્યાર પછી જીવ અજ્ઞાનમાં વિકાસ પામ્યા પછી જ્ઞાનની શક્તિ પ્રત્યે પાછો વળે છે અને જ્ઞાન દ્વારા અમૃતત્વનો અનુભવ કરે છે. અજન્માની અને અમરની, શાશ્વતની, ઈશની, નિત્યમુક્તની ચેતનામાં પરિમિત અહંભાવ અને જન્મોની શૃંખલા જ્યારે વિલીન થઈ જાય છે ત્યારે આ અમૃતત્વની પ્રાપ્તિ થાય છે. પરંતુ તે અમૃતત્વ વિશ્વની અંદર મુક્ત અને દિવ્યતાને પ્રાપ્ત થયેલા ભૌતિક જીવનમાં ભોગવાય છે, વિશ્વની બહાર નહીં; કેમ કે ત્યાં તો તે હરહંમેશનું નિજનું જ હોય છે, પણ અહીંયાં એને પાર્થિવ શરીરમાં

સિદ્ધ કરવાનું છે અને અંતર્નિવાસી દેવે વ્યક્તિના જીવનમાં અને વિશ્વના બહુગુણ જીવનમાં દેખીતી રીતે વિપરીત પરિસ્થિતિઓમાં અને સૌથી વધારે વિપરીત વ્યવહારોમાં એનો ઉપભોગ કરવાનો છે.

જીવનનો છૂટથી સ્વીકાર કરાય તે માટે એની પાર પહોંચવાનું છે; વિશ્વનાં કર્મો દિવ્યતાની પરિપૂર્ણતા પામે તે માટે ઓળંગીને પાર જવાનું છે.

બદ્ધતાનો આભાસ ઉત્પન્ન કરતો હોવા છતાં જીવાત્મા સાચી રીતે મુક્ત જ છે; પોતે બંધાયેલો છે એવી એ ખાલી રમત રમી રહેલો હોય છે; પણ એણે મુક્તાવસ્થાની ચેતનામાં પુનઃ પ્રવેશ કરવાનો છે અને આને કે તેને નહીં પણ પ્રભુને અને સર્વમયને પોતાનો બનાવી દઈ વિશ્વમયતામાં એનો આનંદ લેવાનો છે.

૭

# ચોથું આન્દોલન

[૧]

## લોકો—સૂર્ય

શ્લોક ૧૫—૧૬*

**મૃત્યુ પછીના લોકો**

ત્રીજા શ્લોકમાં ઈશોપનિષદે અંધ તમસથી ઘેરાયેલા સૂર્યરહિત લોકોની વાત કરી છે. એના ત્રીજા આન્દોલનમાં પણ માનવ જીવ અંધ તમસમાં પ્રવેશે છે તેનો બે વાર ઉલ્લેખ કર્યો છે, પણ અહીં લોક નહિ કિન્તુ ચેતનાની એક અવસ્થા સૂચવાયેલી જણાય છે. તેમ છતાં એ બન્ને કથનોના આશયમાં નહિ જેવો જ ભેદ છે; કેમ કે વેદાન્ત વિચારણા અનુસાર ભુવન સચેત આત્માની એક અવસ્થા છે ને આવિર્ભાવ પામેલા અસ્તિત્વમાં સાત ઘટક તત્ત્વોનું વ્યવસ્થાબદ્ધ બનેલું સ્વરૂપ છે. મનોમય પુરુષ જ્યારે દેહમાંથી બહાર નીકળી જાય છે ત્યારે આપણે અહીં દેહમાં ચેતનાની જે અવસ્થા પ્રાપ્ત કરી હોય છે તેને અનુસરતી આપણી ચેતનાની અવસ્થા અને એણે ઊભી કરેલી પરિસ્થિતિઓ હોવાની, શરીરમાંથી નીકળી ગયેલો વ્યકિત-ભાવી જીવ, એનું અસ્તિત્વ જે તત્ત્વોનું બનેલું છે તેમાં કાં તો અદૃશ્ય થઈ જવાનો, કાં તો બ્રહ્મમાં લય પામી જવાનો, કાં તો પાર્થિવ નહીં એવી કોઈ ચેતનાની નિર્મિત સૃષ્ટિમાં ચાહીને જારી રાખવાનો અને શરીરમાંના જીવનને અનુરૂપ હોય છે તેનાથી

---

* ૧૫ ઝગમગ કરતા સોનેરી ઢાંકણ વડે સત્યનું મુખ ઢંકાયેલું છે; હે પુષ્ટિદાતા પૂષન્! તું તેને આઘું ખસેડી દે, જેથી સત્યના ધર્મનું અમને દર્શન થાય, સત્ય જોનારી દૃષ્ટિ અમને પ્રાપ્ત થાય.

૧૬ હે પુષ્ટિદાતા દેવ! હે વિશ્વનિયંતા! હે પ્રકાશક સૂર્ય! હે પ્રજાઓના સમર્થ પિતા! તારાં કિરણોની વ્યૂહરચના કર, એમને એકત્ર કરીને સંયોજ; તારું જે સર્વોત્તમ કલ્યાણતમ સ્વરૂપ છે તે તેજનાં મને દર્શન થાય છે. ત્યાં જે પુરુષ, પરમ પુરુષ છે તે હું છું—**सोऽहम्**.

જુદા વિશ્વ સાથેના સંબંધોમાં રહેવાનો. ચેતનાની આ અવસ્થા અને એના હોય છે તેવા સંબંધો, એ મૃત્યુ પછીના અન્ય લોકો છે.

**ત્રણ અવસ્થાઓ**

આવિર્ભાવ પામેલા વિશ્વ સાથેના સંબંધમાં ઉપનિષદ જીવાત્માની ત્રણ અવસ્થાઓનો સ્વીકાર કરે છે,—શરીરમાં જન્મ લેવાથી પ્રાપ્ત થતું પાર્થિવ જીવન, મૃત્યુ પછીની અન્ય અવસ્થાઓમાં માનવ જીવનનું ચાલુ અસ્તિત્વ, અને જન્મ-મરણની ને આવિર્ભૂત જગતની પારનું અમર અસ્તિત્વ, જે અંતર્નિવાસી ધારે તો રૂપોમાં પ્રવેશીને અને પ્રકૃતિનો સ્વીકાર કરીને ઈશ સ્વરૂપે ભોગવે. પ્રથમની બે અવસ્થાઓ સંભૂતિ સાથે સંબંધ ધરાવે છે; આત્મામાં અમૃતત્વ આવેલું છે, અસંભૂતિમાં આવેલું એ સંભૂતિનો ઉપભોગ કરે છે.

પાર્થિવ શરીરમાં પુનર્જન્મની વાત, ઉપનિષદ સ્પષ્ટ શબ્દોમાં જોકે કરતી નથી છતાંય એના વિચારમાં અને ભાષામાં તો આ માન્યતા ગર્ભિત રીતે આવે છે; અને ખાસ કરીને એના સત્તરમા શ્લોકમાં. આ માન્યતાના આધાર પર માણસ મૃત્યુ-પારની ત્રણ વસ્તુઓને પોતાનું લક્ષ્ય બનાવે,—પૃથ્વી ઉપર વધારે સારું ને વધારે ભાગ્યશાળી જીવન કે જીવનો, પૃથ્વી ઉપર નહિ, પણ જ્યોતિર્મય અને સુખમય પરલોકમાં પરમાનંદનો ચિરકાળ ઉપભોગ, અથવા તો વિશ્વનું અસ્તિત્વ જેમાંથી બહિષ્કૃત થયેલું છે તેવી પાર પારની અવસ્થામાં સ્થિત થઈ પોતાના સત્યસ્વરૂપ પરમાત્મામાં લયલીન થઈ જવું, પરંતુ એની અનંત ચેતનામાં જે વાસ્તવિક કે સંભવિત તત્ત્વોનો સમાવેશ થયેલો છે તેમની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ ન રાખવો તે.

**પુનર્જન્મ**

ઈશોપનિષદના વિચારે પૃથ્વી ઉપર વધારે સારા જીવનની કે જીવનોની પ્રાપ્તિ અંતિમ ફલ રૂપે જીવને અર્પી નથી. પરંતુ જીવ જ્યાં સુધી વિકાસ પામ્યે જતી આત્માના વિસ્તારની અવસ્થામાં છે ને એણે મોક્ષ મેળવ્યો નથી ત્યાં સુધી એ વચગાળાનું એક મહત્ત્વનું લક્ષ્ય છે. મનોમય પુરુષ એના સાચા વિજ્ઞાનમય સ્વરૂપ અને આત્મા સાથે હજુ સુધી એકાકારતા પામ્યો નથી, પણ અવિદ્યામાં* અને એની અંદર પુરાયેલો રહેલો છે તેની નિશાની એ છે કે એને જન્મ-મરણની આવશ્યકતા રહે છે. એ એકતાની અવસ્થા પ્રાપ્ત કરવા માટે મનુષ્યનું પૃથ્વી ઉપરનું જીવન નિયત થયેલું સાધન છે. મોક્ષ મેળવ્યા પછીથી જીવ મુક્ત છે, પરંતુ ત્યારેયે એ જગતનાં આખા આન્દોલનમાં પોતાનો ભાગ લે ને જન્મ ધારણ કરે, પણ તે એના

---

* **अविद्यायाम् अन्तरे वर्तमानाः—कठोपनिषद् : १.२.५. मुण्डक : १.२.८.**

પોતાના માટે નહીં પણ બીજાઓને માટે અને પોતાના દિવ્ય આત્માની એની અંદર જે ઈચ્છા રહેલી હોય, જગન્નાથનો જે સંકલ્પ હોય તેને અનુસરીને તેમ કરે.

**સ્વર્ગ અને નરક**

પારના કોઈ સ્વર્ગમાં મહાસુખ માણવું, એ પણ પરમ ગતિ નથી. પણ વેદાન્તના વિચારે, મૃત્યુ પછી જીવ તરત જ નવા શરીરમાં પ્રવેશે છે એવી આલોચના કરી નથી; મનુષ્યમાં જે મનોમય પુરુષ છે તે એટલી બધી દૃઢતાથી પ્રાણ અને શરીરની સાથે સંબદ્ધ થયેલો નથી; ઊલટાનું મૃત્યુ પછી પ્રાણ અને શરીર સામાન્ય રીતે એક સાથે જ વિલય પામી જાય છે, અને તેથી જીવ પાર્થિવ જીવન પ્રત્યે ફરીથી આકર્ષાય તે પહેલાં એક અવકાશ આવે છે અને તે દરમ્યાન જીવ પોતાના પૃથ્વી પરના અનુભવોને આત્મસાત્ કરે છે ને તેને પરિણામે એ પાર્થિવ ભૂમિકા ઉપરના પોતાના નવા જન્મ માટે નવા પ્રાણ અને દેહની રચનાનું કાર્ય કરવાને શકિતમાન બને છે. આ ગાળા દરમ્યાન એને પારની અવસ્થાઓમાં કે લોકોમાં રહેવું પડે છે અને તે એના ભવિષ્યના વિકાસ માટે અનુકૂલ કે પ્રતિકૂલ પણ હોય. સૂર્ય જેનું પ્રતીક છે તે પરમ સત્યની જ્યોતિ જેટલા પ્રમાણમાં એમની અંદર પ્રવેશે તેટલા પ્રમાણમાં એ અનુકૂલ છે, પરંતુ વચગાળાની અજ્ઞાનની અને અંધકારની અવસ્થાઓ જીવને માટે એના વિકાસમાં હાનિ કારક હોય છે. ત્રીજા શ્લોકમાં આલેખાયું છે તે પ્રમાણે જેઓ પોતાની જાતને પ્રકાશ પ્રત્યે બંધ રાખે છે કે જેઓ આત્મવિકાસના સહજ માર્ગને વિરૂપિત બનાવી દે છે ને એ રીતે આત્મહત્યા કરે છે, તેઓ તે અસૂર્ય લોકોમાં પ્રવેશે છે. વેદાન્તમાં કહેલાં સ્વર્ગો પ્રકાશની આત્માના વિસ્તારની અવસ્થાઓ છે; અંધકાર, સ્વરૂપની તમોગ્રસ્તતા અને વિરૂપતા માણસે જેમને તજવાં જોઈએ તે નરકોનો સ્વભાવ છે.

જીવના વ્યકિતગત વિકાસના સંબંધમાં પૃથ્વી ઉપરના જીવનની માફક પર-લોકોનું જીવન સાધનમાત્ર છે ને પોતે જ લક્ષ્ય નથી. મોક્ષ મેળવ્યા પછી જીવ જેમ પૃથ્વીલોકને પોતાનો બનાવે છે તેમ પરલોકોનેય પોતાના બનાવે, દિવ્ય આવિર્ભાવના સાધન તરીકે એમનો સ્વીકાર કરે; એમાંનો પ્રત્યેક લોક જીવાત્માની પૂર્ણતાની એક અવસ્થા રચે છે, પ્રત્યેક ચિદાત્માની સંગઠન પામેલી સ્થિતિઓની શ્રેણીનો એક ભાગ હોય છે અને એ બાકીની બધી સાથે સંકળાઈ જાય છે ને એમને આધાર આપી ટકાવી રાખે છે.

**પરમપારતા**

પરાત્પર પુરુષોત્તમતા છે આત્મવિકાસનું લક્ષ્ય, પરંતુ જેનાથી પાર જવાયું હોય છે તેની ઉપરના સ્વામિત્વને એમાંથી બાતલ રખાયેલું હોતું નથી. જીવાત્માએ

પરાત્પરતાને એટલે દૂર સુધી ધકેલવાની જરૂર નથી ને ધકેલવી પણ ન જોઈએ કે જેથી કરીને એનો પોતાનો નિર્વાણમાં લોપ થઈ જાય. નિર્વાણ અહંતાની સીમાઓનો લોપ છે, પણ આવિર્ભાવની સર્વ શક્યતાનો લોપ તો નથી જ, કેમ કે શરીરમાં રહીને પણ એની પ્રાપ્તિ થઈ શકે છે.

અન્ય સૌને બહિષ્કૃત રાખીને કેવળ પોતાના જ મોક્ષની ઇચ્છા, આત્માએ પોતાના વિસ્તાર પામતા જતા જ્ઞાનમાં તજવાની છેલ્લામાં છેલ્લી ઇચ્છા છે; પોતે જન્મથી બંધાયેલો છે એ ભ્રમ પણ જેને નાશ પમાડવાનો છે એવો છેલ્લામાં છેલ્લો ભ્રમ છે.

**સૂર્ય અને અગ્નિ**

ભુવનોના આ ખ્યાલના અને જીવાત્માની આ જુદી જુદી અવસ્થાઓનો પરસ્પર જે સંબંધ છે તેના પાયા ઉપર ઉપનિષદ જ્ઞાનની અને કર્મની બે પદ્ધતિઓનો નિર્દેશ કરવાને પ્રવૃત્ત થાય છે, જે પદ્ધતિઓ પરમ દર્શન અને દિવ્ય સુખની પ્રતિ દોરી જાય છે. વેદમાં સૂર્ય અને અગ્નિ એમ જે બે દેવતાઓ છે તેમના આવાહનના રૂપમાં આ કરવામાં આવ્યું છે; આમાંનો સૂર્ય પરમ સત્યનો અને એ સત્યના પ્રકાશનો પ્રતિનિધિ છે ને બીજો એટલે કે અગ્નિ માનવ કર્મને ઊંચે ચડાવનારી, વિશુદ્ધ કરનારી અને પૂર્ણતાએ પહોંચાડનારી દૈવી સંકલ્પશકિતનું પ્રતિનિધિત્વ ધરાવે છે.

**ભુવનોનો ક્રમ**

સૂર્યનું સ્થાન અને કાર્ય પૂરેપૂરું સમજવાને માટે વેદમાં જે સપ્ત લોકની કલ્પના છે અને ચેતનાનાં જે સપ્ત તત્ત્વોનું પ્રતિનિધિત્વ ધરાવે છે તે બાબતમાં લગાર વધારે ઊંડા ઊતરવાની આવશ્યકતા છે. આખી સચૈતન્ય આત્મસત્-તા છે એક અને અવિભાજ્ય, પરંતુ જ્યારે એ આવિર્ભાવ પામે છે ત્યારે એક સંકુલ પ્રકારનો છંદોલય, સંવાદિતાઓની શ્રેણી તથા અવસ્થાઓની અને આન્દોલનોની ચડતી-ઊતરતી પરંપરા બની જાય છે. કારણ કે આપણે જેને કોઈ અવસ્થા કહીએ છીએ તે સંકીર્ણ પ્રકારના આન્દોલનનું કેવળ વ્યવસ્થિત સ્વરૂપમાત્ર હોય છે. ઉપરથી નીચે ઊતરતી અને અંતર્ગત અવસ્થામાં આવી જતી તથા ઊંચે આરોહતી અને પ્રકટરૂપતા પામતી આન્દોલિત ગતિ આ ચડતી-ઊતરતી પરંપરા રચે છે; બ્રહ્મ જડદ્રવ્ય આમાં ઉચ્ચતમ અને નિમ્નતમ અવધિઓ રૂપે આવે છે.

પરમાત્મા છે શુદ્ધ અસ્તિત્વ એટલે સત્, શુદ્ધ સ્વયંસંજ્ઞાન ચિત્, શુદ્ધ નિજાનંદ. એટલા માટે પરમાત્માને ચિન્મય આત્માના ત્રિગુણ આધાર ગણી શકાય. ત્રણ સ્થિતિઓ તો છે પણ તે ખરું જોતાં એક જ છે. કેમ કે સઘળું શુદ્ધ અસ્તિત્વ એના

મૂળ તત્ત્વમાં આત્મચૈતન્ય છે, અને સઘળું આત્મચૈતન્ય એના મૂળ તત્ત્વમાં શુદ્ધ આનંદ છે. સાથે સાથે વિજ્ઞાન અને શબ્દ વડે આપણું ચૈતન્ય આ ત્રણેને ભિન્ન કલ્પવા સમર્થ છે અને એટલું જ નહીં પણ પોતાના વિભકત કે પરિસીમિત આન્દોલનોમાં પોતાને માટે આભાસી વિરોધોનો ભાવ પણ ઉત્પન્ન કરવાને શકિતમાન છે.

સમગ્રભાવી અંતઃસ્ફુરિત જ્ઞાન સચેત સત્-તાના સ્વભાવને જુએ છે ત્યારે તે સત્-તા ખરેખર મૂળમાં એક છે એવું બતાવે છે, છતાં તે સ્વાનુભવમાં પારવગરની સંભવનીય સંકીર્ણતા અને બહુમયતા ધારણ કરવા શકિતમાન છે એવું પણ બતાવે છે. એક સ્વરૂપમાં આ સંભવનીય સંકીર્ણતા તથા બહુમયતામાં થતા કાર્યને આપણા દૃષ્ટિબિન્દુથી આપણે આવિર્ભાવ, સૃષ્ટિ કે ભુવન કે ભાવ કહીએ છીએ. એના વિના કોઈ પણ પ્રકારના જગતનું અસ્તિત્વ શકય નથી.

આ ભુવનના કર્તા રૂપે હમેશાં સદાત્માનું સ્વયંસંજ્ઞાન જ રહેલું છે. જે શકિત વડે આ સ્વયંસંજ્ઞાન પોતાની સંભવનીય સંકીર્ણતાઓને બહાર પ્રકટ કરે છે તે 'તપસ્' નામથી ઓળખાય છે, એને શકિત કે ઊર્જા પણ કહે છે અને એ સ્વયં-સંજ્ઞાની હોવાથી દેખીતી રીતે જ સંકલ્પશકિતનો સ્વભાવ ધરાવે છે. પણ આ સંકલ્પશકિત એ નામે જે ઓળખાય છે તે નથી; એ પોતાના વિષયથી બાહ્ય આવેલી નથી, પોતાના કાર્યોથી પૃથક્ નથી, પોતાથી બાહ્યના દ્રવ્ય ઉપર એ પરિશ્રમપૂર્વક પ્રયોજાતી નથી; પરંતુ એ આત્માની પોતાની અંદર જ સહજ રૂપે રહેલી છે, ભુવનમાં સહજ રૂપે રહેલી છે, જગતના આન્દોલનની સાથે એકરૂપ બનેલી છે; એ છે સ્વયંસંજ્ઞાન સંકલ્પશકિત; પોતે જે જુએ છે ને જાણે છે તેનું રૂપ પોતે લે છે; આ સંકલ્પશકિત પોતાના કાર્યમાં રહેલી ઊર્જા રૂપે પોતાને અભિવ્યકત કરે છે અને પોતાના કાર્યના પરિણામમાં પોતાને રૂપબદ્ધ બનાવે છે. આ સંકલ્પશકિતએ, તપસ્ યાને ચિત્-શકિતએ ભુવનોનું સર્જન કર્યું છે.

**ઊર્ધ્વના લોકો**

શુદ્ધ સત્‌ની એકતાના પાયા ઉપર સ્વયંપ્રજ્ઞ આત્માની જે સર્વ રચના થયેલી હોય છે તે ઉચ્ચતમ સૃષ્ટિનું ભુવન બને છે. બ્રહ્મના આવા લોકોને માટે 'પરાર્ધ' શબ્દ પ્રયોજાય છે.

આપણે ત્રણ પ્રમુખ રચનાઓની કલ્પના કરી શકીએ છીએ.

જ્યારે સ્વયંપ્રજ્ઞાનની શકિત એટલે કે તપસ્ સત્‌ના એટલે કે શુદ્ધ અસ્તિત્વનો આધાર લઈ પ્રવર્તે છે ત્યારે સાચા અસ્તિત્વનું જગત એવો 'સત્યલોક' એનું પરિણામ હોય છે. સત્યલોકમાં પ્રવર્તમાન આત્મા એકતાના મૂળતત્ત્વથી પોતાના

સઘળા આવિર્ભાવોની સાથે એક બનેલો હોય છે અને તે કારણે આત્મ સંજ્ઞાનમાં, અને આત્મસંજ્ઞાનની શકિતમાં અને આનંદમાં પણ એકરૂપતાનો અનુભવ કરતો હોય છે.

'તપસ્' જ્યારે સક્રિય ચિત્-શકિતનો આધાર લઈ પ્રવર્તે છે ત્યારે આત્મ-સંજ્ઞાનની શકિતનું ભુવન એવો 'તપોલોક' પરિણમે છે. તપોલોકમાં અવસ્થિત આત્મા આ શકિતના સઘળા આવિર્ભાવો સાથે એકતામાં રહેલો હોય છે અને તે કારણે તે આવિર્ભાવોના સમગ્રભાવી આનંદની એકતાનો અનુભવ કરે છે અને તેમની તાત્ત્વિક એકતાને સમાન ભાવે પોતાની બનાવે છે.

'તપસ્' જ્યારે આત્માના સક્રિય આનંદને આધાર બનાવી ત્યાં પ્રવર્તમાન થાય છે ત્યારે સર્જક આનંદનો 'જનલોક' એનું પરિણામ બને છે. 'જનલોક'માં રહેલો આત્મા સકલ આવિર્ભાવની સાથે સદાનંદમાં એકતા અનુભવતો હોય છે, અને એ આનંદ દ્વારા 'ચિત્શકિત'માં અને સત્ના મૂળતત્ત્વમાં પણ એકતા અનુભવતો હોય છે.

જેમાં હજી સુધી એકતા અને બહુમયતા એકબીજાથી અળગી પડી નથી એવી આ બધી ચૈતન્યની અવસ્થાઓ છે. બધું જ બધાંમાં હોય છે, પ્રત્યેક સર્વમાં અને સર્વ પ્રત્યેકમાં હોય છે ને તે ચિદાત્માના સહજ અંતર્ગત સ્વભાવથી ને એને માટે વિભાવનાના પ્રયત્નની કે બોધશકિતના કે બોધશકિતના કાર્યની જરૂર રહેતી નથી. ત્યાં નથી રાત્રિ કે નથી અંધકારગ્રસ્તતા. યથાર્થતાપૂર્વક કહીએ તો પ્રકાશક સૂર્યનું ત્યાં કોઈ પ્રધાન કાર્ય પણ નથી. કેમ કે ત્યાંની સમસ્ત ચેતના સ્વયંપ્રકાશ છે અને એને પોતાના સિવાયના અન્ય કોઈ પ્રકાશની આવશ્યકતા નથી. ઈશની કે પુરુષની એકાત્મકતામાં સૂર્યનું પૃથક્ અસ્તિત્વ વિલોપાઈ ગયેલું હોય છે; એ પ્રકાશમયી એકરૂપતા જ સૂર્યનું સર્વાધિક કલ્યાણતમ સ્વરૂપ છે.

**નિમ્નતર સૃષ્ટિ**

નિમ્નતર સૃષ્ટિમાં પણ ત્રણ તત્ત્વો છે,—જડ દ્રવ્ય, પ્રાણ અને મન. સત્ એટલે કે શુદ્ધ અસ્તિત્વ વિસ્તાર પામેલા જડદ્રવ્ય રૂપે ત્યાં આવેલું જોવામાં આવે છે; સંકલ્પશકિત કે ઓજસ્ પ્રાણરૂપે પ્રકટ થાય છે ને એનો સ્વભાવ છે સર્જક તથા આવિર્ભાવક બલ; આ બલ સ્વભાવે છે સ્વયંસંજ્ઞાનશાળી સંકલ્પ જે પોતે સર્જેલાં રૂપોમાં અંતર્લીન અને તમોગ્રસ્ત દશામાં હોય છે. કામના અને સંવેદનામાં પોતાની સભાનતા પ્રાપ્ત કરવા મથતા સદાનંદ દ્વારા એ અંતર્લીનતા તથા તમોગ્રસ્તતામાંથી મુકિત મેળવે છે અને એને લીધે મન પ્રકટરૂપતા પામે છે આરોહણ પરાયણ કે ઉત્ક્રાન્તિશીલ જે આન્દોલન છે તેમાં કંઈક આવું જોવામાં આવે છે.

જ્યાં જ્યાં જડદ્રવ્ય છે ત્યાં ત્યાં અંતર્લીન અવસ્થામાં યા તો ઉત્ક્રાન્તિ પરાયણ સ્થિતિમાં પ્રાણ અને મન હાજર હોય છે. તેવી જ રીતે પ્રાણ અને મનને પણ પોતાની પ્રવૃત્તિ માટે કોઈ એક પ્રકારના દ્રવ્યમય રૂપની પરિસ્થિતિની જરૂર હોય છે. આ ત્રણે અવિદ્યાના વિભાજક તત્ત્વના પ્રાધાન્યને કારણે ત્રિમૂર્ત્તિ નહીં પણ ત્રિવિધ દેખાય છે.

આપણે ચેતનાની જે સૃષ્ટિના છીએ તેમાં તપસ્ જડ દ્રવ્યના આધાર ઉપર અવસ્થિત છે વિસ્તરણ પામેલા પદાર્થનાં આભાસી રૂપોમાં જે વિભક્ત થવાની વૃત્તિ છે તેના વડે આપણી ચેતનાનું નિર્માણ થાય છે. આ છે **ભૂર્લોક**, જડદ્રવ્યનું જગત્, રૂપો ધારણ કરતું ભુવન.

પરંતુ આપણે ક્રિયાશીલ પ્રાણ-શક્તિના ભુવનની કલ્પના કરીએ, જેમાં પ્રકટ થતી સંવેદના પાયારૂપે રહેલી હોય અને જડ દ્રવ્યના અંતરાય વગર પ્રાણને જે રૂપ ધારણ કરવાનાં છે તેનો તે નિર્ણય કરે, ચેતનાની આ વ્યવસ્થિત સૃષ્ટિ માટેનું એનું ક્ષેત્ર છે **ભુવર્લોક**, જેમાં ભુવન મુક્ત ભાવે પ્રાણમય રૂપો ધારણ કરે છે.

ભુવનરૂપ બનેલી ચેતનાની આપણે એક એવી પણ કલ્પના કરીએ કે જેમાં સ્થૂલ સંવેદનાની અધીનતામાંથી પોતાને મુક્ત કરે અને પ્રધાન પદ મેળવીને પ્રાણમય ઉત્ક્રાન્તિને પરિણામે પોતાને જે રૂપોમાં જુએ છે તેમના વડે નિર્ધારિત થવાને બદલે પોતે જ પોતાનાં રૂપોને નિર્ધારિત કરે છે. આ ભુવનરચના તે સ્વર્લોક છે એટલે કે મુક્તભાવી, શુદ્ધ અને પ્રકાશમાન મનોમયતા.

આ નીચેનાં ભુવનોમાં ચેતના સામાન્ય નિયમાનુસાર ખંડિત અને વિભાજિત થયેલી હોય છે. અવચેતનની રાત્રિમાં સૂર્યનો પ્રકાશ, પરમ સત્ય બંદીવાનની સ્થિતિમાં હોય છે અથવા તો મર્યાદિત કેન્દ્રોમાં કેવલ પ્રતિબિંબિત બનેલાં હોય છે, અથવા તો એ કેન્દ્રો પ્રકાશનાં કિરણોને ઝીલીને પોતપોતાની વ્યક્તિગત પ્રકૃતિ અનુસાર એમનો ઉપયોગ કરતાં હોય છે.

**વચગાળાનું ભુવન** (અન્તરિક્ષ)

આ બન્ને સૃષ્ટિઓની વચ્ચે ને એમને સાંકળી રાખતું જે ભુવન છે, એટલે કે ચેતનાનું વ્યવસ્થિત સ્વરૂપ છે તેમાં વસ્તુઓનું અનંત સત્ય આધાર રૂપ બની રહેલું છે. ત્યાં સત્તા ભોગવતી વ્યક્તિસ્વરૂપતા સર્વવ્યાપક આત્મા ઉપર બલાત્કારથી અધિકાર જમાવતી નથી અને ચેતનાના પાયામાં એની પોતાની સુવિશાલ સમગ્રતા જ હોય છે ને એ જ એની અંદર વ્યક્તિભાવ પામેલી પ્રવૃત્તિઓની રચના કરે છે; ને આ પ્રવૃત્તિઓ પોતાની સમગ્રતાની અને અન્ય સર્વ સાથેની પૂર્ણ એકતાનું ભાન કદી પણ ગુમાવતી નથી, બહુમયતા ત્યાં બિલકુલ ફાવતી નથી ને ભેદ ઉત્પન્ન કરી

શકતી નથી, પરંતુ એની ગતિઓમાં ગમે તેટલી સંકુલતા હોય તોપણ મૂલભૂત એકતાની ને એની પોતાની સમગ્રતાયુકત સકલતાની પ્રતિ પોતાની દૃષ્ટિ પાછી વાળેલી રાખે છે. તેટલા માટે આ લોકને **મહર્લોક** અથવા તો બૃહત્ ચેતનાનો લોક કહેલો છે.

મહર્લોકનું મૂલતત્ત્વ છે વિજ્ઞાન, સંકલાત્મક સત્ય. પણ આ વિજ્ઞાન છે અંત-ર્બોધમય, કહો કે જ્ઞાનમય સ્વયંજ્યોતિ,[1] બૌદ્ધિક અવબોધ નથી. જે તફાવત છે તે આ કે બૌદ્ધિક અવબોધનો કેવળ રૂપ પ્રતિ ઝુકાવ રાખે છે એટલું જ નહીં પણ તે કલ્પનાના રૂપમાં પોતાને નિશ્ચિત બનાવે છે ને એકવાર નિશ્ચિત બન્યા પછી તીવ્ર ભાવે બીજા અવબોધોથી પોતાને વિશિષ્ટ બનાવી દે છે. પરંતુ શુદ્ધ સહજજ્ઞાન કે વિજ્ઞાનમય અવબોધ જેમ બ્રહ્મમાં પોતાને જુએ છે તેમ ભૂતભુવનમાંય પોતાને જ જુએ છે. જે અસ્તિત્વ પોતાના પ્રતીકરૂપ રૂપને બહાર પ્રક્ષિપ્ત કરે છે અને તે કારણે રૂપની પાછળ રહેલા સત્યનું જ્ઞાન પોતાની સાથે જ લઈને રહેલું છે તે અસ્તિત્વની સાથે પોતે તદાકાર હોય છે પોતાના સ્વભાવમાં એ આત્માની સ્વયંપ્રજ્ઞા હોય છે, એકસ્વરૂપની શકિત હોય છે; પોતાની સમગ્રતાનું ભાન એને સદૈવ હોય છે, તેટલા માટે એ અખિલ અસ્તિત્વની સમગ્રતાથી આરંભ કરે છે અને એની અંદર જે રહેલું હોય છે તેને સીધેસીધું જુએ છે. એનું લક્ષણ છે દૃષ્ટિ, વિભાવના નહીં, પણ દર્શન, મૂળતત્ત્વની સાથોસાથ એની મૂર્તિનું દર્શન એ એકી સમયે કરે છે. વેદમાં જેને સત્યં કહેલું છે, આત્મદર્શન અને સૂર્યનું સર્વ-દર્શન કહેલું છે તે છે આ અંતર્જ્ઞાન.

**સત્યનો ધર્મ**

આપણી માનવ ચેતના જોઈ ન શકે એવે પ્રકારે, જાણે કે કોઈ ઝગમગતી ઢાલથી, સોનેરી ઢાંકણથી સત્યનું મુખ ઢંકાયેલું છે. કેમ કે આપણે મનોમય જીવો છીએ અને આપણી ઉચ્ચમાં ઉચ્ચ સાધારણ દૃષ્ટિ મનના ખ્યાલોની અને ઇન્દ્રિય-ગમ્ય સંવેદનોની બનેલી છે અને એમના દ્વારા ખરું પુછાવો તો આપણું જ્ઞાન મેળવાય છે ને એ માત્ર સત્યનાં કિરણો છે; તેઓ સ્વાભાવિક રીતે અસ્તિત્વનું સત્ય

---

[1] **Idea**—મનની પરિસ્થિતિઓમાં અને રૂપોમાં વિજ્ઞાનનું જે કાર્ય થાય છે તે અંતર્જ્ઞાન કહેવાય છે, ને એમાં દૃષ્ટિ, પ્રેરણા, સહજાવબોધ, સહજવિવેક આવી જાય છે. વિજ્ઞાન એટલે કે સાચું અતિમનસ મનની ઉપર આવેલી એક શકિત છે ને એ પોતાના ધર્મ અનુસાર કાર્ય કરે છે; પરમાત્મા સાથે એ અપરોક્ષ તાદાત્મ્ય ધરાવે છે; એ પોતાના ધર્મ અનુસાર કાર્ય કરે છે : પરમાત્માનું એ સ્વયંપ્રજ્ઞ કેવલ સત્ય છે, શોધીને પામવાની, જ્યોતિર્મયમાં જ્યોતિર્મય પ્રકારેય શોધવાની એને કશી જરૂર હોતી નથી. એ પોતાના સર્વોત્તમ પ્રકાશથી પોતે પોતાને જાણે છે.

નથી, કેવળ રૂપનું સત્ય છે. એમની સહાયથી આપણે વસ્તુઓના આભાસોના જ્ઞાનની રચના કરીએ છીએ અને એ આભાસો પાછળ જે સત્ય છે તેનું અનુમાન કરવાનો પ્રયત્ન કરીએ છીએ. અસ્તિત્વના સત્યનું જ્ઞાન એ સાચું જ્ઞાન છે, **सत्यम्**, કેવળ રૂપનું કે આભાસોનું જ્ઞાન જ્ઞાન નથી.

સૂર્ય જો આપણામાં કાર્ય કરે અને ઝગમગાટ કરતી ખ્યાલોની અને ઇન્દ્રિય-સંવેદનોની રચનાને દૂર કરે અને એની જગાએ આત્મદૃષ્ટિ તથા સર્વદૃષ્ટિ સ્થાપે તો જ આપણને સત્યનું સાચું જ્ઞાન થાય.

આને માટે આપણામાં સત્યનો ધર્મ અને કાર્ય પ્રકટ થવાં જોઈએ. વસ્તુઓને એમના સાચા સ્વરૂપમાં, આપણી પોતાની જાતને પણ એના સાચા સ્વરૂપમાં જોતાં આપણે શીખવાનું છે. અત્યારે આપણે જે કાર્ય કરીએ છીએ તેમાં આત્મ-જ્ઞાન અને સંકલ્પશકિત વિભિન્ન બનેલાં હોય છે. આપણે મૂળભૂત અસત્યથી આરંભ કરીએ છીએ, માનીએ છીએ કે આપણે બીજાઓથી અલગ અસ્તિત્વ ધરાવીએ છીએ, ભિન્નતામાં રહેલા ભિન્ન ભિન્ન જીવોના સંબંધો જાણવાનો આપણે યત્ન કરીએ છીએ અને એ પ્રકારે રચાયેલા જ્ઞાનને આધારે વ્યકિતગત છે ઉપયોગિતાની દૃષ્ટિ રાખી પ્રવૃત્ત થઈએ છીએ. આપણા અસ્તિત્વની સમગ્રતામાં અન્ય સૌનો સમાવેશ થયેલો છે એવી જો આપણી દૃષ્ટિ હોય, સમગ્રતાના કાર્ય વડે એનાં રૂપો રચાયાં છે, સમગ્રતામાં અને સમગ્રતાના કાર્ય વડે એની શકિતઓ કર્મ કરી રહી છે, એવું જો આપણે જોતા થઈએ તો સત્યનો ધર્મ આપણામાં કાર્ય કરે. આવું થાય ત્યારે આંતરિક તેમ જ બાહ્ય કાર્ય સ્વાભાવિક અને સીધેસીધી રીતે જ આપણી આત્મ-સત્-તામાંથી, વસ્તુઓના સાચા સત્યમાંથી પ્રકટતા પામવાનું અને જેનો સ્વભાવ જ બધું અસત્ય પ્રતિબિંબ બનાવી દેવાનો છે તેવા વચગાળાના તત્ત્વની આજ્ઞાધીનતામાં રહીને નહીં.

**માનવમાં સૂર્યની પરિપૂર્ણતા**

તેમ છતાં આપણા સામાન્ય કાર્યમાં પણ જેણે આપણને મુકત બનાવવાના છે તે સત્યનો આરંભ ને કંઈ નહિ તો તેનું બીજ તો રહેલું છે. આપણા પ્રત્યેક કાર્યની અને બોધની પાછળ એક અંતઃસ્ફુરિત જ્ઞાન, એક તથ્ય રહેલું છે અને તે એના રૂપમાં સતત વિતથ બની જાય છે તો પણ એના મૂળ તત્ત્વમાં પોતાને સાચવી રાખે છે અને વધતા જતા પ્રકાશ દ્વારા, વધતી જતી વિશાળતા દ્વારા આવિર્ભૂત જગતના સત્ય પ્રત્યે આપણને દોરી જાય છે. આ બધા જુદાઈ અને ભેદ જન્માવતા પરિશ્રમની પાછળ એકતા આણનારી એક આગ્રહી વૃત્તિ આવેલી છે અને એ પૃથક્ પરિણામમાં જૂઠી પડી જાય છે ખરી, પણ તે છતાં જ્ઞાનમાં, સત્ત્વમાં અને સંકલ્પમાં અંતે તો

સમગ્ર ભાવ પ્રત્યે સાગ્રહ દોરી જાય છે.

સૂર્ય છે **પૂષન્**, પોષણ આપનાર અને વૃદ્ધિ કરનાર. પોતાને સમજતી દૃષ્ટિમાં અને ક્રિયા પાછળના સંકલ્પમાં જે ભેદાત્મકતા હોય છે તેને વિશાળતાએ પહોંચાડી સંકલ્પશકિતમાં અને જ્ઞાનમાં સમગ્રતા આણવી એ એનું કાર્ય છે. એ એકમાત્ર દ્રષ્ટા છે અને જ્ઞાનનાં બીજાં સ્વરૂપોને સ્થાને એ પોતાની એકતા સમર્પતી દૃષ્ટિ આણી આપણને અંતે એકતાએ પહોંચવાને સમર્થ બનાવે છે. સર્વમાં એક અને એકમાં સર્વ, એવી સકલતાને જોતી અંતર્જ્ઞાનની દૃષ્ટિ આપણામાં કર્મના સાચા નિયમનું સત્યના ધર્મનું સ્થાપન કરે છે. કેમ કે સૂર્ય છે યમ, નિર્ધારક અને નિયામક, ધર્મનિયમને પાકે પાયે સ્થાપનાર. આ પ્રકારે આપણે આપણી અંદરના પ્રકાશકના કાર્યની પૂર્ણતાએ પહોંચીએ છીએ, સત્ય ચૈતન્યની સકલતાને સિદ્ધ કરીએ છીએ. ત્યાર પછી આપણે જોઈ શકીએ છીએ કે સૂર્યના સ્વરૂપમાં, વિશ્વોના વિરચનાર વિજ્ઞાનમાં જે ધારણ કરી રખાયેલું છે તે એકમાત્ર અસ્તિત્વમાં છે તે અસ્તિત્વનું ભુવન, સકલ ભુવનનો ઈશ્વર, પુરુષ, સચ્ચિદાનંદ. સકલ ભૂતાત્મક ભુવન આત્મામાં જન્મ લે છે, અને આ આત્મા પોતે બધાં જ ભુવનોથી પર છે, તેમનો ઈશ છે, પ્રજાપતિ છે.

સૂર્યના દર્શનનો આવિષ્કાર થતાં સાચા જ્ઞાનનું રૂપ રચાય છે. આ રચના કાર્યમાં ઉપનિષદ એક પછી બીજી એવી બે ક્રિયાઓનો નિર્દેશ કરે છે. પ્રથમ, સૂર્યનાં કિરણોની વ્યૂહરચના કરવામાં આવે છે, અર્થાત્, આપણી ભાવનાઓ અને વિભાવનાઓની પાછળ છુપાયેલાં સત્યોને રૂપોના ને રૂપોના તત્ત્વના પૃથક્ અંતર્જ્ઞાન દ્વારા બહાર લાવવામાં આવે છે ને એમને એમના એકબીજા સાથેના સાચા સંબંધોમાં વ્યવસ્થિત કરવામાં આવે છે. આમ આપણે અંતઃસ્ફુરિત જ્ઞાનની સકલમયતા પ્રાપ્ત કરીએ છીએ અને અંતે તેમની પારની એકતાએ પહોંચી શકીએ છીએ. સૂર્યનાં કિરણોને સમૂહિત કરવું તે આ. આ દ્વિગુણ ગતિ આપણા મનના બંધારણને કારણે આવશ્યક બને છે, કેમ કે આપણું મન મૂળ સત્ય-ચૈતન્યની માફક એકદમ સમગ્રમયતાથી આરંભ કરી શકતું નથી અને એ સમગ્રમયમાં જે સમાયેલું છે તેને અંદરથી તત્કાલ જોઈ શકતું નથી. મન એકતાની કલ્પના ભાગ્યે જ કરી શકે છે, અને કરે છે ત્યારેય તેને એ એક હવાઈ ભાવના રૂપે કે અનેકના સરવાળા રૂપે કે શૂન્યતા રૂપે કલ્પે છે. તેટલા માટે મનને એની પોતાની પ્રથામાંથી એ પ્રથાથી જે પર છે તેની પ્રત્યે દોરી જવાનું છે. એણે વસ્તુઓની વ્યવસ્થાનું પોતાનું લાક્ષણિક કાર્ય તો કરવાનું જ છે, પરંતુ તેને માટે ઉચ્ચતર શકિતની સહાય લેવાની છે અને એને કાર્ય કરતી બનાવવાની છે, પરંતુ તેમાંય સ્વેચ્છાચારતાને બદલે તેણે અસ્તિત્વના પોતાના સત્યનું જ અનુસરણ કરવાનું છે. આમ પોતાની સ્વાભાવિક કાર્યપદ્ધતિને સુધાર્યા

પછી એ કાર્યને પોતાને પણ ઉલટાવવામાં એ સફળતા મેળવી શકે છે અને સમગ્રતા-માંથી તેમાં સમાવેશ પામેલા ભાગો[1] પ્રત્યે એ આગળ ગતિ કરે છે, અને અત્યાર સુધી જે ભાગોને પોતે પૂર્ણસ્વરૂપ માની લેવાની ભૂલ કરતું હતું તે કરતું નથી, અને એમ દેખીતી પણ હજુયે જે અંશમાત્ર છે એવી ખોટી સમગ્રતાને સાચી સમગ્રતા માની લેતું નથી.

**એકમાત્ર સત્સ્વરૂપ**

આમ સૂર્યના કાર્ય દ્વારા આપણે પરમ પરચૈતન્યમયના પ્રકાશે પહોંચીએ છીએ. એની અંદર સમગ્ર દર્શન ઉપર રચાયેલું વસ્તુઓના સત્યનું અંતઃસ્ફુરિત જ્ઞાન પણ એકમાત્ર અસ્તિસ્વરૂપના સ્વયંપ્રકાશ સ્વયંદર્શનમાં પસાર થઈ જાય છે. આ અસ્તિસ્વરૂપ સ્વાનુભવની અનંત સંકુલતાઓમાં એકસ્વરૂપ જ રહે છે અને તે પોતાની એકાત્મકતાને કે આત્મપ્રકાશની અવસ્થાને કદી પણ ગુમાવતો નથી. આ છે સૂર્યનાં સ્વરૂપોનું દિવ્યમાં દિવ્ય સ્વરૂપ. કેમ કે એ છે પરમ પ્રકાશ પરમ સંકલ્પ-શકિત, અસ્તિત્વનો પરમ આનંદ.

આ છે ઈશ, પુરુષ, સ્વયંચૈતન્યમય આત્મા. જ્યારે આપણને આ દર્શન પ્રાપ્ત થયું હોય છે ત્યારે સર્વગ્રાહી આત્મજ્ઞાન ને પરિપૂર્ણ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે અને ઉપનિષદમાં ઉચ્ચારાયેલો મહાશબ્દ **सोऽहम्** અનુભવરૂપ બની જાય છે. **योऽसावसौ पुरुषः सोऽहमस्मि**—એ જે પુરુષ છે તે હું છું. ઈશ્વર જગતોમાં પોતાનો આવિર્ભાવ કરે છે, અનેક રૂપોમાં નિવાસ કરે છે છતાં સર્વમાં જે વસતો હોય છે તે એ એક જ હોય છે. આ સ્વયંચૈતન્યમય આત્મા સાચું "હું" છે. રૂપમાં વ્યકિતસ્વરૂપતા પામેલો મનોમય પુરુષ પોતાના સત્ય સ્વરૂપના ભાનવાળો છે. એ છે **सः**, એ છે સર્વમય; અને સર્વમયથી જે પારનો છે તે પણ તે જ છે.

---

[1] ખરું જોતાં ભાગો હોતા નથી, કેમ કે અસ્તિત્વ અવિભાજ્ય છે.

૮

# ચોથું આન્દોલન

[૨]

## ક્રિયા અને દિવ્ય સંકલ્પશકિત

શ્લોક ૧૭–૧૮*

**કર્મનો પક્ષ**

તો સૂર્ય દ્વારા અંતે મનને જે મનની પાર જવાને સમર્થ બનાવે છે તે પ્રકાશની વૃદ્ધિ દ્વારા મર્ત્યતામાંથી અમૃતત્વે લઈ જાય છે તે પ્રગતિનો પ્રથમ સિદ્ધાન્ત આપણને પ્રાપ્ત થાય છે. વ્યકિતસ્વરૂપ સીમિત ચેતના પૂર્ણ ચૈતન્યને અને એકરૂપ પરમોચ્ચ અને સર્વતોગ્રાહી પુરુષને સૂર્ય દ્વાર દ્વારા[1] પ્રાપ્ત કરે છે.

અમૃતત્વના વિધિસૂત્રમાં ચેતના તેમ જ જીવન, ઉભયનો સમાવેશ થયેલો છે; કર્મ વિના જ્ઞાન અધૂરું રહી જાય છે. ચિત્ તપસ્ દ્વારા પરિપૂર્ણતા પામે છે, ચૈતન્ય શકિત દ્વારા સંપૂર્ણ બને છે. પુરાતન ઋષિઓની દૃષ્ટિ સમક્ષ જેમ સૂર્ય દિવ્ય જ્યોતિનું તેમ અગ્નિ દૈવી ઓજનું, શકિતનું કે ચિત્-સંકલ્પનું પ્રતિરૂપ છે. અગ્નિને કરેલી પ્રાર્થના સૂર્યને કરેલી પ્રાર્થનાને પરિપૂર્ણ બનાવે છે.

---

*૧૭ સર્વ વસ્તુઓમાં જે શ્વાસોચ્છ્વાસ રૂપે રહેલો છે તે પ્રાણ અમર છે: પણ શરીરનો અંત તો ભસ્મમાં આવે છે. ૐ હે ક્રતુ! દ્રષ્ટા સંકલ્પ! જે કર્યું હતું તેનું સ્મરણ કર! જે કર્યું હતું તેનું સ્મરણ કર!

૧૮ પ્રકટ થયેલી એકેએક વસ્તુના જાણનારા હે અગ્નિદેવ! શ્રેયસ્કર માર્ગ પર દોરતો રહી અમને તું પરમસુખે લઈ જા. કુટિલતાના માર્ગો પર ભરમાવીને અમને લઈ જતા પાપને તું લડીને અમારામાંથી હાંકી કાઢ; અધીન ભાવે અને પૂરેપૂરા નમસ્કાર પૂર્વક અમે તને અમારી પ્રાર્થનાનું નિવેદન કરીએ છીએ.

[1] **સૂર્યદ્વારેણ**—મુણ્ડક ઉપનિષદ ૧. ૨. ૧૧૦

# ક્રિયા અને દિવ્ય સંકલ્પશક્તિ

## વ્યક્તિગત સંકલ્પ

જેમ જ્ઞાનમાં તેમ કર્મમાં એકતા જ સાચો પાયો છે. ભેદભાવને પોતાના ધર્મ રૂપે સ્વીકારનાર અને પોતાની અહંભાવી મર્યાદાઓમાં પોતાની જાતને પૃથક્ બનાવનાર વ્યક્તિ જીવ પોતાનાં કર્મોમાં અવશ્ય મર્ત્ય, તમોગ્રસ્ત અને અજ્ઞાન હોય છે. પોતાના હેતુઓમાં અને રીતોમાં એ વ્યક્તિગત કહેવાય એવા જ્ઞાનનું, ઈચ્છાના શાસનનું, વિચારના અભ્યાસોનું, તમોગ્રસ્ત અવચેતન આવેગોનું કે જ્યારે બધું ઉત્તમ પ્રકારનું હોય ત્યારેય ખંડિત, આંશિક, અને સ્થાનાન્તર કરતા પ્રકાશનું અનુસરણ કરે છે. એ સૂર્યના ઝળહળ પૂર્ણ પ્રકાશમાં નહીં પણ સૂર્યનાં રશ્મિઓમાં રહેતો હોય છે. એનું જ્ઞાન વસ્તુલક્ષી દૃષ્ટિએ તેમ જ ભાવલક્ષી દૃષ્ટિએ સંકુચિત હોય છે અને એ બેમાંની એકે સ્થિતિમાં પૂર્ણ જ્ઞાન સાથે અને વિશ્વમાં પ્રવર્તમાન સમગ્ર ક્રિયાની ને સંકલ્પશક્તિની સાથે એકાકાર બનેલું હોતું નથી. આને લીધે એનું કાર્ય એના પ્રેરકબળમાં ને દિશામાં કુટિલ, બહુ શાખાઓમાં વિભક્ત, ખમચાતું, અને દોલાયમાન બની ગયેલું હોય છે; સત્યને શોધી કાઢવા માટે એ જૂઠાણાંઓની અંદર ફાંફાં મારતું હોય છે, ટુકડાઓને ને નકામા ભંગારોને ઉછાળી ઉછાળીને એમાંથી એક સમગ્ર બનાવવા મથે છે, સાચી વસ્તુને શોધી કાઢવા માટે સ્ખલનોમાં ને પાપોમાં ઠોકરાય છે. વ્યક્તિગત સંકલ્પ એકદૃષ્ટિવાળો કે સમગ્ર-દૃષ્ટિવાળો ન હોવાથી, વૈશ્વ સંકલ્પની સકલતા કે પરાત્પરની એકાગ્ર એકતા એની અંદર ન હોવાથી સત્યના ને અમૃતત્વના સાચા ને શુભ માર્ગે એ સીધો ચાલી શકતો નથી. ઈચ્છાનો એની ઉપર અમલ ચાલે છે, આસપાસનાં બળોના આઘાત પ્રત્યે એ ઉઘાડો થઈ ગયેલો છે, અને એનો અહંભાવ અને અજ્ઞાન એ બળો સાથે સુમેળ સ્થાપવાની એને મનાઈ કરે છે, તેથી એ દુ:ખ અને અસત્ય રૂપ અજ્ઞાનનાં જોડિયાં બાળકોને આધીન બની જાય છે. એની પાસે દૈવી સત્ય અને ઋત ન હોવાથી એ પરમસુખમાં રહી શકતો નથી.

## અગ્નિ, દૈવી સંકલ્પ

પરન્તુ જેમ આપણા પાર્થિવ મનનાં અને બુદ્ધિનાં બધાં જૂઠાણાંની પાછળ એક પ્રકાશ રહેલો છે ને તે આ સંધ્યાની ધૂંધ દ્વારા માનવની અંદર સત્યના પૂર્ણ પ્રભાતને તૈયાર કરી રહેલો છે, તેમ આપણા બધા વ્યામોહોની, પાપોની અને સ્ખલનોની અંદર અને પાછળ એક છૂપી સંકલ્પશક્તિ રહેલી છે ને તે પ્રેમ અને સુમેળની પ્રત્યે વળેલી છે; પોતે ક્યાં જઈ રહી છે તેનું એને જ્ઞાન છે ને આપણી વંકાયેલી શાખાઓને એકત્ર કરીને સીધે માર્ગે લઈ જાય છે અને એમના બધા પરિશ્રમો અને અન્વેષણાઓ અંતે ઋજુ માર્ગમાં પરિણત થાય છે. આ સંકલ્પ-

શકિતનું અને પ્રકાશનું પ્રકટ થવું એ અમૃતત્વની અવસ્થા છે.

આ સંકલ્પશકિત એટલે અગ્નિ. અગ્નિ ઋગ્વેદમાં આવે છે. એમાંથી ઉપનિષદનો છેલ્લો શ્લોક લેવામાં આવેલો છે. અગ્નિ છે દૈવી સંકલ્પશકિતની અથવા તો ભુવનોમાં કાર્ય કરી રહેલી ચિત્-શકિતની જ્વાલા. મર્ત્યોમાં અમર તરીકે એનું વર્ણન કરવામાં આવ્યું છે. એ છે યાત્રાનો નેતા, માર્ગ ઉપર આપણને પીઠ પર લઈ જનારો દિવ્ય અશ્વ, એ છે "વક્તાનો પુત્ર", પણ એ પોતે ઋજુતા અને સત્ય છે. આ જગતની પ્રવૃત્તિઓમાં એ છુપાઈને રહેલો છે ને એનું ગ્રહણ કરવું મુશ્કેલ છે, કેમ કે જગતનાં કાર્યો કામના અને અહંતાને કારણે બધાં જ જૂઠાં બની ગયેલાં છે, પણ એ એમનાથી પાર જવા માટે એમનો ઉપયોગ કરે છે અને માનવમાં વૈશ્વ સ્વરૂપે, વૈશ્વાનર અગ્નિ સ્વરૂપે પ્રકટ થાય છે; બધા દેવોને અને બધાં ભુવનોને એ પોતાની અંદર ધારણ કરેલાં રાખે છે, વિશ્વવ્યાપી કાર્યોને ટકાવી રાખે છે અને અંતે ઈશ્વરસ્વરૂપને, અમૃતત્વને સિદ્ધ કરે છે. દૈવી કર્મનો એ કર્મકાર છે. ઉપનિષદના છેલ્લા બે શ્લોકોના ભાવ ઉપર આ પ્રતીકોનો પ્રભાવ પ્રવર્તે છે.

**અમર પ્રાણતત્ત્વ**

પ્રાણની સ્થિતિમાંથી સંકલ્પશકિત અને પ્રકાશ પ્રકટ થાય છે. વેદમાં કહેવાયું છે કે પ્રાણ-તત્ત્વસ્વરૂપ વાયુ યાને માતરિશ્વા ઊર્ધ્વના અને દૂરના પરમ લોકમાંના સૂર્યમાંથી અગ્નિને નીચે લઈ આવે છે. આવાહન કરી પ્રાણ સત્યચેતનામાંથી મનના ને શરીરના પ્રદેશમાં દૈવી સંકલ્પશકિતને નીચે લાવે છે, અને અહીં પ્રાણમાં પોતાના આવિર્ભાવને તૈયાર કરે છે. પ્રાણની વસ્તુઓનો ઉપભોગ અને આહાર કરતો અગ્નિ મરુતોને એટલે કે પ્રાણનાં ધમનીગત ઓજોને ઉત્પન્ન કરે છે ને એ વિચારનાં બળો બની જાય છે; અગ્નિથી સમર્થિત થયેલાં એ જ્યોતિર્મય મનના એટલે કે ઈન્દ્રના કાર્યને તૈયાર કરે છે. આ ઈન્દ્ર આપણા પ્રાણનાં ઓજો માટે એમનો દ્રષ્ટા ઋષિ છે, સત્યનો અને ધર્મનો શોધક છે, અંધકારનું નિરાકરણ કરે છે, આપણા આત્મા ઉપર સૂર્યને ઉગાડે છે ને એનાં સત્યનાં કિરણો એના આખા ક્ષેત્ર પર ફરી વળે છે. સૂર્ય વિધતા છે, આવિર્ભાવક છે, સવિતૃદેવ છે. આ મર્ત્ય લોકમાં અમૃતત્વના ભુવનને યા અવસ્થાને પ્રકટરૂપ બનાવે છે, અહંતાનું, પાપનું, અને દુઃખનું દુરિત સ્વપ્ન દૂર કરે છે અને પ્રાણમય જીવનને અમૃતમાં, શિવમાં અને પરમસુખમાં પરિવર્તન પમાડે છે. પ્રકટ થતા, આરોહતા, પ્રભુસ્વરૂપની પ્રત્યે પોતાનો ઉદ્ધાર કરીને આગળ વધતા માનવ જીવનના દૃષ્ટાન્તરૂપ વેદના દેવતાઓ છે.

પ્રાણ, દેહ, ક્રિયા અને સંકલ્પ, એ આપણી પ્રાથમિક સામગ્રી છે. પાર્થિવ દ્રવ્ય આપણને શરીર પૂરું પાડે છે; પરંતુ એ તો તત્કાલ પૂરતી આન્દોલનની ગ્રંથિ

છે, પુરુષને રહેવા માટેનું સ્થાન છે અને એમાં અવસ્થિત થઈને એ પ્રાણતત્ત્વમાંથી ઉત્પન્ન થયેલી પ્રવૃત્તિઓ ઉપર અધ્યક્ષપદે વિરાજે છે. પ્રાણતત્ત્વ એકવાર એને બાજુએ ફગાવી દે છે ત્યાર પછી તે તરત જ વિનાશ પામે છે; ભસ્મમાં એનો અંત આવી જાય છે. આ કારણે શરીર આપણું સ્વરૂપ નથી, એ છે માત્ર બહારનું ઓજાર, કરણમાત્ર. કેમ કે પાર્થિવ દ્રવ્યનો ધર્મ છે તમોગ્રસ્તતા, ભેદાત્મકતા, જન્મ અને મરણ, રૂપબદ્ધતા ને રૂપનો વિલય. એ છે મૃત્યુનું સમર્થ પ્રતિપાદન. અમર પુરુષે દેહની સાથે તદાકારતા રાખી રહેવાનું નથી.

આપણી અંદરનું પ્રાણતત્ત્વ દેહના પડયા પછીય જીવે છે. એ છે **अनिलम् अमृतम्**—અમર પ્રાણોચ્છ્વાસ, અથવા તો એ શબ્દના સાચા અર્થ અનુસાર અસ્તિત્વની સૂક્ષ્મ ઓજઃશકિત, જે જે જન્મના અને મરણના તત્ત્વથી ગરિષ્ઠ ને વરિષ્ઠ છે. પહેલી દૃષ્ટિએ જન્મ અને મરણ પ્રાણના ધર્મ છે એવું લાગે, પણ ખરેખાત એવું નથી: જન્મ અને મરણ દેહના દ્રવ્યની પ્રક્રિયાઓ છે. શરીર રૂપબદ્ધ થાય છે ત્યારે ને શરીર પ્રલય પામે છે ત્યારે પ્રાણ-તત્ત્વ નથી બંધાતું કે નથી પ્રલય પામતું. જો એવું હોત તો વ્યકિતસ્વરૂપનું અસ્તિત્વમાં સાતત્ય હોત નહીં અને મૃત્યુ થતાં બધું અરૂપ અવસ્થામાં બધું પાછું ચાલ્યું જાત. પ્રાણ દેહને રૂપ આપે છે, એ પોતે દેહ દ્વારા રૂપ પામતો નથી. આપણાં એક પછી બીજાં શારીરિક જીવનોનું સાતત્ય પ્રાણના સૂત્ર ઉપર રચાય છે અને એનું ચોક્કસ કારણ છે એની અમરતા. નાશવંત શરીરની સાથે એ પોતાને સંબંધમાં મૂકે છે અને મનોમય પુરુષને એની યાત્રામાં આગળ લઈ જાય છે.

**સંકલ્પશકિત અને સ્મૃતિ**

આ જગતમાં એક જીવનમાંથી બીજા જીવનમાં ચાલુ રહેલી પ્રવૃત્તિઓની પરંપરા અને વચગાળે વચગાળે બીજી અવસ્થાઓમાં થતી જીવનની પ્રવૃત્તિઓની ચાલુ પરંપરા મળીને આ યાત્રા બને છે. પ્રાણનું તત્ત્વ એમને પોષતું રહે છે; એમનામાં આકાર લેનારી જે રૂપ દેનારી શકિત છે તેને તેમને માટે જરૂરી જે સામગ્રી છે તે એ પૂરી પાડે છે. પણ તેમનો અધિષ્ઠાતા દેવતા પ્રાણતત્ત્વ નથી; એ છે સંકલ્પશકિત. એને ક્રતુ કહેવાય છે ને એ છે કર્મ પાછળ રહેલી કાર્યસાધક શકિત. એ ચૈતન્યના સ્વભાવની છે; એ છે ચિત્-શકિત, ને સચેતન, અચેતન કે પરચેતન, પ્રાણનાં, શરીરનાં કે મનનાં સઘળાં રૂપોમાં વિદ્યમાન રહેલી હોવા છતાં એ જ્યારે મનમાં ઉદય પામે છે ત્યારે જ એ એના સ્વ-રાજ્યમાં આવે છે. સ્મૃતિરૂપ માનસિક શકિતનો ઉપયોગ કરીને એ પ્રવૃત્તિઓને સાંકળી લે છે ને સચેત ભાવે તેમને વ્યકિતના લક્ષ્ય પ્રત્યે સંચાલિત કરે છે.

માણસમાં સ્મૃતિ મર્યાદિત છે તેથી મનોમય સંકલ્પશક્તિ ચેતનાનો જે ઉપયોગ કરે છે તે અપૂર્ણ છે. આપણું કાર્ય કીર્ણવિકીર્ણ ને સાથે સાથે પરિમિત હોય છે, કારણ કે માનસિક રીતે આપણે કાળના પ્રવાહમાં એક ઘડીથી બીજી ઘડીમાં જીવીએ છીએ અને આપણા અહંભાવી મનને જે આકર્ષે છે અથવા તો તાત્કાલિક ઉપયોગનું જણાય છે તેને જ પકડી રાખીએ છીએ. આપણે જે કરતા હોઈએ છીએ તેમાં આપણે જીવીએ છીએ, જે કરાઈ ગયેલું હોય છે તેની ઉપર આપણો કાબૂ હોતો નથી, પણ તેને બદલે જેને આપણે ભૂલી ગયા હોઈએ છીએ તેવાં આપણાં ભૂત-કાળનાં કર્મોને વશ વર્તીએ છીએ. આનું કારણ આ છે કે આપણે આપણા આત્મામાં રહેવાને બદલે અને કર્મની પાછળ ઊભા રહી તેનું નિરીક્ષણ કરવાને બદલે કર્મમાં અને એનાં ફ્લોમાં નિવાસ કરીએ છીએ. ઈશ, સત્ય સંકલ્પ કર્મોની પાછળ અલગ પડીને ઊભો રહેલો હોય છે ને તેથી તે એમનો પ્રભુ હોઈને તેમનાથી બંધાતો નથી.

ઉપનિષદ ગંભીર ધીરભાવે સંકલ્પરૂપ ક્રતુનું આવાહન કરી એને કહે છે કે જે કરાઈ ગયું છે તેને યાદ કર, જેથી કરીને તું ભૂત ભુવનને તારામાં ધારણ કરે ને એને વિષે સચેત બને, જેથી કરીને તું જ્ઞાનની શક્તિ બને, આત્મસ્વામિત્વને પ્રાપ્ત કરે અને કેવળ આવેગની ને સ્વરૂપરચનાની શક્તિ ન રહે. આ પ્રકારે તે સત્ય સંકલ્પની સાથે વધારે ને વધારે સામ્ય ધરાવતો બને છે ને સચેતભાવી કાબૂ સાથે શ્રેણીબદ્ધ આવતાં જીવનોને સંવાદિતા સમર્પવાના કાર્ય ઉપર અધ્યક્ષપદે રહે છે. જાણે પવનના સપાટાઓથી ન હોય તેમ એકથી બીજા જીવનમાં દુરિતના કુટિલ માર્ગે હંકારાઈ જવાને બદલે એ વ્યવસ્થિત પ્રકારે વધારે ને વધારે સીધા માર્ગે પ્રગતિ કરવાને સમર્થ બને છે. વધતા જતા જ્ઞાનના અને દિશાના સામર્થ્ય સાથે એક જીવનને બીજા જીવનની સાથે સાંકળી લે છે, ને એમ કરતાં કરતાં અંતે એ પૂર્ણ સભાન સંકલ્પ બની અમર આનંદની પ્રતિ પ્રકાશમાન સ્વરૂપે ઋજુ માર્ગ પર ચાલે છે. મનોમય સંકલ્પ—ક્રતુ—અત્યારે જેનો પ્રતિનિધિ માત્ર છે તે દિવ્ય સંકલ્પ, અગ્નિ બની જાય છે.

### સંકલ્પ અને જ્ઞાન

દૈવી સંકલ્પની મૂલભૂત વિશેષતા આ છે કે એનામાં ચિત્ અને શક્તિ, જ્ઞાન અને બલ એક બનીને રહેલાં છે. સઘળા આવિર્ભાવોને, ભુવનોમાં જે વસ્તુઓનો જન્મ થાય છે તે સર્વને એ જાણે છે. એ છે જાતવેદા, જેને સઘળા જન્મોનું સાચું જ્ઞાન છે. એમની આત્મસત્-તાનો ધર્મ, એમનો અન્ય જન્મો સાથેનો સંબંધ, એમનો ઉદ્દેશ, એમની પદ્ધતિ, એમની પ્રક્રિયા અને લક્ષ્ય, અન્ય સર્વ સાથેની

એમની એકતા અને એમની ને બીજાઓની વચ્ચે રહેલો ભેદ,—એમ સર્વને એ જાણે છે. આ વિશ્વનું જે સંચાલન કરે છે તે છે આ દૈવી સંકલ્પ; જે સર્વ વસ્તુઓને એ સંયોગમાં આણે છે તેમની સાથે એ એકતામાં હોય છે, એનું સત્, એનું જ્ઞાન અને એનું કાર્ય એકબીજાથી અળગાં પાડી શકાય એવાં નથી; પોતે શું છે તેનું એને પોતાને જ્ઞાન છે; પોતે જે જાણે છે તે એ કરે છે અને તદ્રૂપ બની જાય છે.

પરંતુ અહંભાવી ચેતના પ્રકટ થાય છે ને ડખલગીરી કરવા માંડે છે તેની સાથે જ ક્ષુબ્ધતા, ભેદ ને અસત્ય કાર્યનો ઉદ્‌ભવ થાય છે. પોતાના ગુપ્ત હેતુનું ને જ્ઞાનનું જેને ભાન નથી એવા આવેગનું રૂપ સંકલ્પ લે છે. જ્ઞાન સંદિગ્ધ અને આંશિક રશ્મિરૂપ બની જાય છે અને સંકલ્પશકિત ઉપર, ક્રિયા ઉપર અને પરિણામ ઉપર એનું સ્વામિત્વ રહેતું નથી, તે માત્ર એમનો કબજો લેવા અને એમનામાં પ્રાણ પૂરવાનો પ્રયાસમાત્ર કરે છે. આનું કારણ એ છે કે આપણે આત્મવાન નથી, આપણા સાચા આત્મસ્વરૂપમાં નથી, પણ કેવળ અહંભાવને જ આપણો બનાવી બેઠલા હોઈએ છીએ. આપણે કોણ છીએ તે આપણે જાણતા નથી; આપણે જે જાણીએ છીએ તેને પરિણામવાહી બનાવી શકતા નથી. કારણ કે જ્ઞાન સાચું બને ને કર્મ સાચા જ્ઞાનની સાથે સુમેળ સાધે એવું તો ત્યારે જ બને છે જ્યારે તેઓ સ્વાભાવિક રીતે ચિન્મય, પ્રકાશમાન અને સત્ત્વના સ્વામી આપણા આત્મામાંથી પ્રકટ થાય છે અને આત્મા, જ્ઞાન અને કર્મ એકતાયુકત એક આન્દોલન બની જાય છે.

**દૈવી સંકલ્પને આત્મસમર્પણ**

જ્યારે આપણો માનસ સંકલ્પ દિવ્ય અગ્નિની સાથે વધારે ને વધારે સાધર્મ્ય સાધતો બની ભભૂકી ઊઠે છે ત્યારે જે પલટો આવે છે તે આ છે. એ વધતું જતું જ્ઞાન અને બલ આપણને દુરિત કુટિલ માર્ગમાંથી સીધે ને શુભ માર્ગે લઈ જાય છે. આપણને જે પરમ સુખે અને અમૃતત્વની અવસ્થાએ દોરીને લઈ જાય છે તે છે દિવ્ય જ્ઞાનની સાથે એક બનેલો સંકલ્પ. જે બધું અહંતાની ભ્રષ્ટતાના પ્રદેશનું છે, જે બધું આપણને તમોગ્રસ્ત બનાવે છે, એનાં ખોટાં પ્રલોભન અને સ્ખલનોવાળા આ કે તે જૂઠે માર્ગે હાંકી જાય છે કે આકર્ષી જાય છે તે બધું એ દિવ્ય સંકલ્પરૂપ અગ્નિ આપણાથી દૂર કરી દે છે. આ વસ્તુઓ દિવ્ય અગ્નિ આગળથી દૂર સરકી જાય છે ને આપણી ચેતનામાં નિવાસ સ્થાન મેળવવું એમને માટે બંધ પડી જાય છે.

સૂર્યના પ્રકાશથી માણસમાં જે પ્રાદુર્ભાવ પામે છે તે દિવ્ય સંકલ્પને વધતું જતું ને અંતે પૂરેપૂરું કરેલું વ્યકિતનું આત્મસમર્પણ, એ સાચા કાર્યની નિશાની છે, માણસની ચેતનામાં પ્રકટતા પામ્યા છતાં આ સંકલ્પશકિત વ્યકિતની પોતાની નથી. એ છે સર્વ વસ્તુઓમાં રહેલા ને તેમ છતાં તેમનાથી પર રહેલા પુરુષની,

એ છે ઈશની સંકલ્પશકિત.

સ્વરૂપના પૂરેપૂરા ચૈતન્યયુકત આત્મામાં એક એ જ એકસ્વરૂપ ઈશનું જ્ઞાન, પૂરેપૂરા આત્મભાનવાળા કર્મમાં જે વિશ્વરૂપ અને પરાત્પર પ્રભુ છે તેને અર્પેલી અધીનતા, એમ એ દિવ્ય દ્વારોની, અમૃતત્વનાં દ્વારોની બે ચાવીઓ છે.

અને આ બન્ને જ્યારે સંયુકત બને છે ત્યારે તેમનો ધર્મ હોય છે જ્યોતિર્મયી ભકિત—જે ભકિત માનવ જીવનમાં પ્રભુને સ્વીકારે છે, પ્રભુ માટે અભીપ્સા રાખે છે ને પ્રભુને જીવનમાં સિદ્ધ કરે છે તે ભકિત.

**ઉપસંહાર**

આમ માનસશાસ્ત્રની દૃષ્ટિએ ચોથું આન્દોલન ત્રીજા આન્દોલનનો જે વિષય છે તે અમૃતત્વની પ્રાપ્તિની દ્વિવિધ પ્રક્રિયાનો નિર્દેશ કરે છે, જેમાં પરમ સુખની અવસ્થા, અંતરમાં રહેલું સત્ય, મૃત્યુ પછીના પ્રકાશના લોકો ને અંતે સ્વયં-પ્રકાશ એકસ્વરૂપ પરમાત્મા સાથેની એકાત્મકતાનો સમાવેશ થયેલો હોય છે. સાથે સાથે વેદનાં પ્રતીકોના છળવેશ પાછળ આત્મજ્ઞાનની અને પરમાત્મા સાથેની તેમ જ ભૂતમાત્ર સાથેની એકતાનું વિશેષરૂપે વિવરણ બીજા આન્દોલનમાં કરવામાં આવ્યું છે પહેલા આન્દોલનના અંત ભાગમાં મુકતભાવથી કરવામાં આવેલાં કર્મનું પ્રતિપાદન કરવામાં આવેલું છે. આ પ્રમાણે આ ઉપનિષદનો ઉચિત પ્રકારનો અંત તેમ જ પરિસમાપ્તિ સાધવામાં આવેલાં છે.

૬

# ઉપસંહાર અને સાર

ઈશોપનિષદ શૈલી, સત્ત્વ અને પદ્યરચનાની દૃષ્ટિથી વેદાન્તવિષયક લખાણોમાં વધારે પુરાણી ઉપનિષદોમાંની એક છે. છાન્દોગ્ય, બૃહદારણ્યક અને કદાચ તૈત્તિરીય તથા ઐતરેય ઉપનિષદોથી સમયની બાબતમાં એ જરૂર પાછળની હોવા છતાં વિદ્યમાન છંદોબદ્ધ ઉપનિષદોમાં એ અવશ્ય સૌથી પુરાણી છે. ઉપનિષદોમાં પ્રકટ થયેલો વિચાર સ્વાભાવિક રીતે કાળના બે મોટા ગાળાઓમાં આવી જાય છે; જે વધારે પ્રાચીન છે તે ગાળામાં એ વિચાર ત્યારેય વેદના મૂળની વધારે નજીક રહેલો છે, વેદના ઋષિઓની માનસ પદ્ધતિનું એ પ્રતિબિંબ પાડે છે અને જેને આધ્યાત્મિક વાસ્તવિકતા કહેવાય તેને સાચવી રાખે છે; બીજા એટલે કે પાછળના ગાળામાં રૂપરચના અને વિચાર વધારે આધુનિક અને પુરાતન પ્રતીકો તથા પ્રભવોથી વધારે સ્વતંત્ર બને છે, વેદના વિચારનાં ને અધ્યાત્મવિદ્યાનાં કેટલાંક પ્રધાન તત્ત્વોને છોડી દેવામાં આવે છે અથવા તો એમના પૂર્વના અર્થો ગુમાવાઈ ગયેલા હોય છે, અને પાછળના સંન્યાસપ્રધાન અને વાસ્તવિકતાના વિરોધી વેદાન્તના પાયા પ્રકટ થવા માંડયા હોય છે. ઈશોપનિષદ વધારે પ્રાચીન સમુદાયમાં આવેલી છે. અદ્વૈતવાદના દૃષ્ટિબિન્દુ સાથે માનવ જીવન અને કર્મનું સમાધાન સાધવાનું કામ એની સામે ઊભેલું જ છે અને એ મુશ્કેલી સામે એણે રજૂ કરેલો વિશાળ ઉકેલ વેદાન્તિક સાહિત્યમાં સૌથી વધારે રસપ્રદ પરિચ્છેદોનું રૂપ લે છે. શંકરાચાર્યના આત્યંતિક માયાવાદના અને વાસ્તવિકતાના વિરોધ સામે લગભગ દુરત્યય મુશ્કેલીઓ ઊભી કરનાર કોઈ હોય તો તે આ ઉપનિષદ છે; અને આ કારણને લીધે શંકરાચાર્યના એક મોટામાં મોટા શિષ્યે પ્રમાણભૂત ઉપનિષદોની નામાવલિમાંથી આ ઉપનિષદને બાતલ પણ રાખી છે.

# ઈશોપનિષદ્

## ઉપનિષદનો સિદ્ધાન્ત

પરસ્પર સમાધાન ન સાધતા બે આત્યંતિક સિદ્ધાંતોનું ન સધાય એવું સમાધાન સાધવાનો સિદ્ધાન્ત આ ઉપનિષદ આદિથી અંત સુધી અનુસરે છે. પાછળના વિચારે 'જગત્, ભોગ, કર્મ, બહુમય, જન્મ, અજ્ઞાન',—એવી શબ્દશ્રેણી લીધી અને એને વધારે ને વધારે ગૌણ સ્થાન આપ્યું. ને એને સ્થાને એનાથી વિરુદ્ધ શ્રેણીમાં આવતાં 'ઈશ્વર, સંન્યાસ, શમ, એકસ્વરૂપ, જન્મનો અંત, જ્ઞાન', એમ એ સૌને ઊંચે સ્થાને ચડાવ્યાં, ને તે એટલે સુધી કે આ વળણ અંતે માયાવાદમાં પરિણામ પામ્યું. આને લીધે જગતમાંનું જીવન બંધનકારી જાળ છે ને જીવે પોતાની ઉપર ન સમજાય એવી રીતે લાદેલો અર્થરહિત બોજો છે ને એને તો વહેલામાં વહેલો ફગાવી દેવો જોઈએ એ વિચાર પ્રધાન બન્યો. આનું પરિણામ એ આવ્યું કે જે મહાન ગૂઢ પ્રશ્ન હતો તેની ગ્રંથિ બલાત્કારથી કાપી નાખવામાં આવી. એને બદલે આ ઉપનિષદ ગ્રંથિના આત્યંતિક બન્ને છેડાઓને પકડમાં લેવાનો, એમને છોડીને છૂટા પાડવાનો ને એમને એકબીજાની સાથે યુક્તિથી મૂકી એમને એવી મુક્તિ આપવાનો પ્રયત્ન કરે છે કે એ બન્નેય પોતપોતાને સુયોગ્ય સ્થાને ને પરસ્પર સાચા સંબંધમાં આવી જાય. બેમાંની એકે આત્યંતિકતાને એ અયોગ્ય રીતે નહિ આપે ગુણ કે નહિ બનાવે ગૌણ, જોકે બન્ને એકબીજા ઉપર આધાર તો રાખે છે એવું એ સ્વીકારશે. ત્યાગ એની પરાકાષ્ઠાએ પહોંચવો તો જોઈએ, પણ તેમ છતાં આનંદોપભોગ પણ સાથે સાથે પરિપૂર્ણ બનવો જોઈએ. કર્મ પૂરેપૂરું અને નામરજી બતાવ્યા વગર થવું જોઈએ, પણ સાથે સાથે કર્મના બંધનમાંથી આત્માની મુક્તિ પણ સંપૂર્ણ હોવી જોઈએ. કેવલાત્મક પૂરેપૂરી એકતા લક્ષ્ય છે પરંતુ આ કેવળ પૂર્ણતાને એની પરાકાષ્ઠાએ પહોંચાડવાની છે ને આ પરાકાષ્ઠામાં આખી અને અપાર બહુમયતાનો પણ સમાવેશ કરવાનો છે.

ઈશોપનિષદમાં આ વિકલ્પ એટલો તો પ્રબળ છે કે 'અજ્ઞાનથી મૃત્યુની પાર જઈને જ્ઞાનથી અમૃતત્વનો આનંદ લે છે', એવું કહીને જગતનું જીવન પરલોકના જીવન માટેની પૂર્વ-તૈયારી રૂપ છે એવો એનો અર્થ ઘટાવવામાં આવ્યો છે, પરંતુ તે પછી તરત જ સૂત્રને ઊલટાવીને બીજું સમાન્તર સૂત્ર આપવામાં આવ્યું છે કે વિનાશથી (અસંભૂતિથી) મૃત્યુની પાર જઈને સંભૂતિથી યાને જન્મથી માણસ અમૃતત્વ ભોગવે છે, ને આ રીતે જીવનને પોતાને જ અમર અસ્તિત્વનું ક્ષેત્ર બનાવી દે છે ને એ જ સમસ્ત જીવનનું લક્ષ્ય ને અભીપ્સિત વસ્તુ છે. આ સિદ્ધાન્તમાં એ પુરાતન વૈદિક વિચાર સાથે સંમત છે, જે વિચારની માન્યતા અનુસાર બધા લોકો, સત્ અને અસત્, મૃત્યુ અને જીવન અને અમૃતત્વ અહીં દેહધારી માનવ

જીવમાં હોવાં જોઈએ, તહીં જ ઉત્ક્રાન્ત થતાં, તહીં જ પ્રાપ્ત થતાં અને પ્રાપ્ત કરી ભોગવાતાં મનાયાં છે અને તેમની પ્રાપ્તિને માટે જીવનના અને શારીરિક અસ્તિત્વના ત્યાગની આવશ્યકતા છે એવું મનાયું નથી. આ વિચાર ભારતીય તત્ત્વજ્ઞાનમાંથી પૂરેપૂરો બહિષ્કાર તો પામેલો નથી છતાં ગૌણ બનેલો તો છે અને એક બાજુથી પ્રવેશ પામેલો હોવા છતાં તે એટલો બળવાન નથી રહ્યો કે જેથી પાર્થિવ જીવનના નિર્વાણને મુક્તિની સ્થિતિરૂપે અને એકમાત્ર શાણપણભર્યા લક્ષ્યરૂપે માની લેવાના આગ્રહની ઉપર ગંભીર પ્રભાવ પાડી શકે.

### વિરુદ્ધ વસ્તુઓ

ઈશોપનિષદમાં વારાફરતી હાથમાં લેવાયેલાં વિરોધોનાં જે જોડકાં છે અને જેમનો ઉકેલ આપવામાં આવેલો છે, તે તેમના અનુક્રમ અનુસાર નીચે પ્રમાણે છે:

૧. ચૈતન્યમય ઈશ્વર અને આવિર્ભૂત પ્રકૃતિ.
૨. સંન્યાસ અને ઉપભોગ.
૩. પ્રકૃતિમાં રહી કર્મ અને આત્મામાં મુક્તિ.
૪. એકસ્વરૂપ સ્થાયી બ્રહ્મ અને બહુગુણ જગત્પ્રવૃત્તિ.
૫. આત્મા અને ભૂતભુવન.
૬. સક્રિય ઈશ અને ઉદાસીન અક્ષર બ્રહ્મ.
૭. વિદ્યા અને અવિદ્યા.
૮. સંભૂતિ (જન્મ) અને અસંભૂતિ (અજન્મ).
૯. કર્મો અને જ્ઞાન.

### ઈશ્વર અને પ્રકૃતિ

૧. જગત્-રૂપ બનેલી પ્રકૃતિ ચૈતન્યમય ઈશ્વરનું એક કાર્ય છે. આ પ્રકૃતિનું લક્ષ્ય છે ઈશ્વરની સક્રિય ચેતના માટે રૂપસર્જન કરવું તે, જેથી અનેક શરીરોમાં એક આત્મા બની રહેલો ઈશ્વર બહુસ્વરૂપતામાં પોતાનો નિવાસ રાખી બહુમયતાને તેમ જ પ્રકૃતિનાં કાર્યોને એમના સઘળા સંબંધો[1] સાથે ભોગવે.

### ભોગ અને સંન્યાસ

૨. આ આખા જગતનો અને બહુમયતાનો એના સત્ય અનુસાર અને એની અનંતતામાં સાચો અને સમગ્રપણે પૂર્ણ ઉપભોગ પૂરેપૂરા ત્યાગની ઉપર આધાર રાખે છે; પરંતુ જે ત્યાગ ઉદ્દિષ્ટ છે તે અહંતાના તત્ત્વ ઉપર ઊભા થયેલા કામનાના

[1] ગીતાની પણ આ દૃષ્ટિ છે અને તે સામાન્ય રીતે સ્વીકારાયેલી છે.

તત્ત્વનો સંપૂર્ણ ત્યાગ છે, નહિ કે જગતના જીવનનો[1] સંન્યાસ.

જેમાંથી જગતનો જન્મ થયો છે તે દિવ્ય આનંદ યાને બ્રહ્માનંદ અહંભાવી અને પ્રાણિક વિકૃતિ પામીને કામનાનું રૂપ લે છે, તે ભાવના ઉપર આ ઉકેલનો આધાર રહેલો છે; અહંતાના અને કામનાના નિકંદન દ્વારા આનંદ પુનઃ અસ્તિત્વનું ચિન્મય તત્ત્વ બની જાય છે. મૃત્યુમાંના જીવનમાંથી અમૃતમાં જીવના ધારવા રૂપ જે રૂપાન્તર છે, તેના તત્ત્વ રૂપે અહંભાવ ને કામનાને સ્થાને આનંદની સ્થાપના કરવી એ સત્ય રહેલું છે. અહંભાવમાંથી મુકત અને પ્રભુમાં સર્વની સાથેની એકતાના પાયા ઉપર રચાયેલા અનંત આનંદનો જે ઉપભોગ છે તે જ છે અમૃતત્વનો ઉપભોગ.

### કર્મ અને મુકિત

૩. આત્માની મુકિત સાથે કર્મો મેળ ન ખાય એવું નથી. માણસ કર્મોથી બંધાતો નથી, બંધાયો હોય એવો કેવળ આભાસ આપે છે. એણે પોતાની અવિચ્છેદ્ય મુકિતની ચેતનાને પુનઃ પ્રાપ્ત કરવાની છે ને એને માટે ઈશમાં એકતા, પોતાની અંદર એકતા, આખા જગત* સાથેની એકતા પુનઃ પ્રાપ્ત કરવાની છે.

આ કર્યા પછી જીવન અને કર્મો એમના પરિપૂર્ણ સ્વરૂપમાં સ્વીકારી શકાશે ને સ્વીકારવાં પડશે; કેમ કે જીવનમાં અને કર્મોમાં પ્રભુને પ્રકટ કરવા, તે આપણા આત્માનો ધર્મ અને જગતના જીવનનું લક્ષ્ય છે.

### નિશ્ચલ શાન્તિ અને જગતની પ્રવૃત્તિ

૪. તો પછી પરમાત્માની નિશ્ચલ શાન્તિનું શું? અને પરમાનંદ માટેની જેને આવશ્યક અવસ્થા માનવામાં આવેલી છે તે શાન્તિ સાથે પ્રવૃત્તિ માટેના આગ્રહની સંગતતા શી રીતે સાધી શકાય? નિવૃત્તિ અને પ્રવૃત્તિ બન્ને સમાનપણે એકસ્વરૂપ બ્રહ્મ છે, અને એ બન્ને વચ્ચે જે ભેદ દર્શાવતી રેખા આંકવામાં આવી છે તે કેવળ આપણી ચેતનાનો જ એક આલોક છે. દિશા અને કાળ, દૂર અને નજીક,

---

[1] આ પણ ગીતાના કેન્દ્રમાં રહેલું દૃષ્ટિબિન્દુ છે, જોકે એ પણ જગતના જીવનના ત્યાગનો સ્વીકાર કરે છે. વૈદાન્તિક વિચારનું સામાન્ય વળણ કામનાના અને અહંતાના ત્યાગને આવશ્યકરૂપે સ્વીકારે છે, છતાં જગતના જીવનનો ત્યાગ કામનાના અને અહંતાના ત્યાગમાં આવી જાય છે એવા સિદ્ધાન્તને એ પકડી રાખે છે, કેમ કે જગતનું જીવન આનંદમાંથી નહિ, પણ કામનામાંથી ઉદ્‌ભવ્યું છે એવી એની દૃષ્ટિ હોય છે.

*આ સત્યનો સામાન્ય રૂપમાં ફરી સ્વીકાર કરવામાં આવશે, પણ એમાંથી તારવવામાં આવેલો સિદ્ધાન્ત સ્વીકારાશે નહીં.

ભાવાત્મક અને વાસ્તવાત્મક, આંતર અને બાહ્ય, પોતે અને બીજાઓ, એક અને બહુસ્વરૂપ, આ સર્વના સંબંધમાં જે ખ્યાલ રાખવામાં આવે છે તેની બાબતમાં પણ આવું જ છે. સત્સ્વરૂપ બ્રહ્મ આપણી ચેતનાની દૃષ્ટિએ આ સર્વ વસ્તુઓ છે, પરંતુ એ પોતે તો આવા બધા વ્યાવહારિક ભેદોથી વર્ણવ્યું ન જાય એટલું પર પરમ છે. પ્રવૃત્તિ એ શાન્તિમયી નિવૃત્તિનું જ એક ગોચર કાર્ય છે, નિશ્ચલ શાન્તિ પોતે પણ એક એવી પ્રવૃત્તિરૂપે કલ્પી શકાય કે જેને દેવો પણ પકડી પાડવા અસમર્થ છે એવી એ ઝડપી છે, અર્થાત્ આપણી ચેતનાની વિવિધ ક્રિયાઓ જેના સાચા સ્વભાવનું અનુસરણ ન કરી શકે એવી છે. પરંતુ આ ગતિ—પ્રવૃત્તિ નથી વૈધિક પ્રકારની, નથી પાર્થિવ, નથી અવકાશીય, કે નથી કાળમાં થતી ગતિ; એ છે માત્ર ચેતનામાં ચાલતી ગતિ—પ્રવૃત્તિ. જ્ઞાન એ સર્વને એકરૂપ જુએ છે; અજ્ઞાન એનામાં ભેદો પાડે છે ને જ્યાં વિરોધો નથી ત્યાં વિરોધો ઊભા કરે છે; પરંતુ એમાં તો છે એક જ ચેતનાના એની પોતાની અંદર રહેલા સંબંધો. દેહમાં રહેલો અહંભાવ કહે છે, 'અંતરમાં હું છું, બીજું બધું બહારનું છે; અને જે બહારનું છે તેમાં સ્થળ-કાળમાં આ વસ્તુ મારી નજીકમાં છે, પેલી વસ્તુ દૂરની છે.' અત્યારના સંબંધમાં આ ખરું છે; પણ તાત્ત્વિક દૃષ્ટિથી જોતાં એ સર્વ બ્રહ્મમાં ચાલતી એની પોતાની એક અવિભાજ્ય પ્રવૃત્તિ છે ને તે પાર્થિવ પ્રકારની ગતિ નથી, કિન્તુ એકતાની ચેતનામાં વસ્તુઓને જોવાનો એક પ્રકાર છે.

### સદાત્મા અને ભૂતસૃષ્ટિ

૫. આપણે શું જોઈએ છીએ, આપણા જીવાત્માની વસ્તુઓ પ્રત્યેની દૃષ્ટિથી આપણે અસ્તિત્વને કેવી રીતે જોઈએ છીએ, એની ઉપર બધો આધાર રહેલો છે. આત્મા અને ભૂતજગત્, એકસ્વરૂપ અને બહુસ્વરૂપ બન્ને સાચાં છે ને બન્ને એક જ વસ્તુ છે: આત્મા એક છે, એનાં ભૂતસ્વરૂપો અનેક છે; પણ આનો અર્થ માત્ર આટલો જ કે બધાં ભૂતસ્વરૂપો છે એકસ્વરૂપ આત્મા, જે પોતાની ચેતનાને દૃગ્-ગોચર જગતમાં નાના પ્રકારે અવસ્થિત કરે છે. આપણે એકાત્માનાં દર્શન તો કરવાનાં છે એ ખરું, પણ એનાં બહુરૂપ ભૂતસ્વરૂપોને જોવાનું બંધ કરવાનું નથી, કેમ કે તેમનું ય અસ્તિત્વ છે અને બ્રહ્મની નિજાત્મદૃષ્ટિમાં એમનો સમાવેશ થયેલો જ છે. આપણે કેવલ જ્ઞાનદૃષ્ટિથી જોવાનું છે, અજ્ઞાન દૃષ્ટિથી નહીં. આપણે આપણા સત્ય સ્વરૂપને એક અવિકારી અવિભાજ્ય બ્રહ્મ સ્વરૂપે પ્રત્યક્ષ કરવાનું છે. સર્વ ભૂતસ્વરૂપોને આપણા સત્ય સ્વરૂપમાં ચાલતા આન્દોલનના વિકાસો રૂપે આપણે જોવાનાં છે, અને આ આત્મા એકલા આપણા શરીરમાં જ નહીં; પરંતુ સઘળાં શરીરોમાં નિવાસ કરી રહેલો છે એવી દૃષ્ટિ રાખવાની છે. આપણે સત્ય સ્વરૂપે જે છીએ તેનું

ભાન આ જગત સાથેના સંબંધોમાં આપણે સચેત ભાવે રાખવાનું છે, ને જે કંઈ આપણે અવલોકીએ છીએ તે બધું આ એક આત્મા જ બનેલો છે તે જ્ઞાનમાં રહેવાનું છે. બધી પ્રવૃત્તિ, બધી શકિતઓ, બધાં રૂપો, બધા બનાવો, અનેક ભુવનોમાં વર્તમાન આપણા એકરૂપ સત્ય સ્વરૂપનાં છે એવું આપણે જોવાનું છે, ઈશ્વરના સંકલ્પની, જ્ઞાનની અને આનંદની તેના વિશ્વમય અસ્તિત્વમાં થતી લીલારૂપે જોવાનાં છે.

ત્યાર પછી આપણે અહંતામાંથી, કામનામાંથી અને આપણે જુદું અસ્તિત્વ ધરાવીએ છીએ એવા ભાનમાંથી મુકત થઈ જઈશું અને તેટલા માટે શોક, ભ્રમણા અને જુગુપ્સામાંથી પણ મુકત થઈ જઈશું; કેમ કે સકલ શોક જગતના સંસ્પર્શોમાં અહંભાવ જે જુગુપ્સા અનુભવે છે તેમાંથી, ભયની લાગણીમાંથી, દુર્બળતાના, વિહીનતાના, તથા અણગમાના, ઈત્યાદિના ભાવમાંથી જન્મે છે; અને આ આપણા અલગ અસ્તિત્વનો જે ભ્રમ છે અને 'મારો પૃથક્ અહંભાવ હું પોતે જે નથી તે સઘળા સંસ્પર્શોનો ભોગ થઈ પડે છે, એ ભાવમાંથી ઉત્પન્ન થાય છે. આને દૂર કરો, સર્વત્ર એકતાને જુઓ, ભૂતમાત્રમાં જે એકસ્વરૂપ નિજાત્માનો આવિર્ભાવ કરી રહ્યો છે તેની સાથે તદ્રૂપ બનો; અહંભાવ અદૃશ્ય થઈ જશે; 'હું આ નથી, મારી પાસે તે નથી' એવું લાગવાથી જે કામના જન્મે છે તે અલોપ થઈ જશે; કામના અને કામનાના સંતોષોનું ને અસંતોષોનું સ્થાન પોતાના અસ્તિ-સ્વરૂપમાં રહેલા એકસ્વરૂપ બ્રહ્માત્માનો મુકત અને અવિચ્છેદ્ય[1] આનંદ લેશે. અમૃત તમારું બની જશે, ભેદભાવમાંથી જન્મતું મૃત્યુ પરાભવ પામશે.

**સક્રિય અને નિષ્ક્રિય બ્રહ્મ**

૬. જેને સક્રિય અને નિષ્ક્રિય બ્રહ્મ કહીએ છીએ તે છે કેવલ એક આત્માનાં, ઈશ એવા બ્રહ્મનાં બે સ્વરૂપો. જગતના આન્દોલનમાં જે પ્રકટ રૂપે પ્રસર્યો છે તે એ પોતે. પોતાના નિષ્ક્રિય સ્વરૂપે એ પોતાને સઘળાં પરિણામોમાંથી મુકત રાખે છે. નિષ્ક્રિયતા કર્મનો આધાર છે અને કર્મમાં એ વિદ્યમાન રહેલી છે. ઈશ્વર જે કંઈ કરે છે ને બને છે તેમાંથી અને એ જે કંઈ કરે છે ને બને છે તેની અંદર નિષ્ક્રિયા એની મુકિત છે. એક ને અવિભાજ્ય ચૈતન્યના આ બે ભાવાત્મક અને અભાવાત્મક ધ્રુવો છે. એક જ શમાવસ્થામાં ને એક જ આન્દોલિત પ્રવૃત્તિમાં એ બન્નેને એકબીજાથી જુદાં પાડી શકાય એવાં નથી ને બન્ને પરસ્પર આધાર રાખી રહેલાં છે એવું આપણે સ્વીકારીએ છીએ. પ્રવૃત્તિની સાથે જેમ શમ તેમ શમ સાથે પ્રવૃત્તિ પણ સાપેક્ષભાવે રહેલી છે. ઈશ એ બન્નેથી પર છે. સત્યત: જે એક જ છે એવાં પ્રવૃત્તિ

[1] સામાન્ય દૃષ્ટિએ આ બધું સ્વીકારી શકાય, પરંતુ ચેતના અને જગતમાં જન્મતી આ અવસ્થાને ભેગી ટકાવી રાખવાની વ્યવહારુ શકયતા વિષે શંકા થઈ શકે.

અને શમમય નિવૃત્તિને એકસ્વરૂપ જોનારા દૃષ્ટિબિન્દુથી આ જુદું દૃષ્ટિબિન્દુ છે; જો એમને એકવાર કબૂલ કરવામાં આવે તો આપણી ચેતનામાં એમનો જે સંબંધ છે તેને વધારે તો તે પ્રકટ કરે છે. સ્પષ્ટ છે કે ઈશ સાથે આપણે એકરૂપ બનીએ તો આપણે પણ દ્વયસ્વરૂપ ચિન્મય અસ્તિત્વમાં[1] ભાગીદાર બની જઈએ.

**વિદ્યા અને અવિદ્યા**

૭. એકસ્વરૂપનું જ્ઞાન તેમ જ બહુસ્વરૂપનું જ્ઞાન એક જ ચૈતન્યની પ્રવૃત્તિનું પરિણામ છે. આ ચેતના સઘળી વસ્તુઓને એમના સત્ય-વિજ્ઞાનમાં એકસ્વરૂપ જુએ છે, પણ એમની માનસિક અને ભૂતાત્મક સ્થિતિમાં એમને ભિન્ન ભિન્ન રૂપમાં જુએ છે. મન જો (**मनीषी**) ભૂતાત્મક બનેલા ઈશમાં લીન થઈ જાય (**परिभूः**) અને સત્ય વિજ્ઞાનમાં અવસ્થિત ઈશથી પોતાની જાતને અળગી પાડે (**कविः**), તો તે વિદ્યા, એકસ્વરૂપનું જ્ઞાન ખોઈ બેસે છે અને કેવળ બહુરૂપના જ્ઞાનમાં રહે છે, પણ અજ્ઞાન કેં જ્ઞાન નથી પણ અજ્ઞાન, અવિદ્યા છે. અહંતાની પૃથક્ ભાવનાનું કારણ આ છે.

ઈશે મનીષી મનમાં અવિદ્યાનો અંગીકાર કર્યો છે, કેમ કે તે દ્વારા ભેદની સઘળી શક્યતાઓમાં ને તેનાં પરિણામોમાં વ્યક્તિગત સંબંધોને એ પરાકાષ્ઠાએ પહોંચાડી શકે અને પછી આ વ્યક્તિગત સંબંધો દ્વારા સર્વમાં જે એકસ્વરૂપ આત્મા છે તેનું જ્ઞાન વ્યક્તિ વ્યક્તિમાં પાછું મેળવે. સાચા દ્રષ્ટા કવિની ચેતનામાં એ જ્ઞાન લોપાયા વિના રહેલું છે. આપણી અંદરનો આ દ્રષ્ટા મનોમય મનીષીથી અલગ પડીને પાછળ રહેલો છે; મનીષીએ આમ અલગ થઈને વ્યક્તિસ્વરૂપ નિવાસીરૂપે વધતા જતા સ્વાનુભવ દ્વારા મૃત્યુને ને ભેદભાવને જીતવાનાં છે, ને આમ કરતાં કરતાં અંતે એકસ્વરૂપના ને બહુસ્વરૂપના ફરીથી મિલન પામેલા જ્ઞાન વડે અમૃતત્વની અવસ્થાને પુનઃ પ્રાપ્ત કરવાની છે. આ જ આપણે માટે યોગ્ય માર્ગ છે, એકલા અવિદ્યાના જીવનને ભજવાનું નથી અથવા તો એનો પૂરેપૂરો પરિત્યાગ કરી એક-સ્વરૂપમાં નિશ્ચલભાવે વિલીન થવાનું નથી.

**સંભૂતિ અને અસંભૂતિ**

૮. મનીષીની આ બેવડી પ્રવૃત્તિનું કારણ આ છે કે સંભૂતિમાં (જન્મમાં) અમૃતનો અનુભવ કરવા માટે આપણે આવ્યા છીએ. આત્મા એકાકાર છે ને એ મરતો નથી

---

[1] સામાન્ય દૃષ્ટિએ જીવ બન્ને અવસ્થાઓમાં એકસાથે રહી શકતો નથી. શમની અવસ્થામાં એનો લય થઈ જાય છે, સક્રિયતામાં અને નિષ્ક્રિયતામાં એ ઈશની સાથે એકરૂપતા પામતો નથી.

ને પોતાની અંદર તો પોતે અમૃતત્વવાળો જ છે. અસંભૂતિમાં અનુભવાતા અમૃત માટે એને અવિદ્યામાં અને જન્મમાં અવતરવાની જરૂર નથી; કેમ કે નિત્ય એ અમૃતસંપન્ન જ છે. વિશ્વની લીલામાં વ્યક્તિ બનેલા બ્રહ્મરૂપે અમૃતનો અનુભવ કરવા માટે ને એને પોતાનું બનાવવા માટે એ અવતાર લે છે. એ જન્મ-મરણનો સ્વીકાર કરે છે, અહંભાવ ધારણ કરે છે અને ત્યાર પછી એકાત્મકતાને પુનઃ પ્રાપ્ત કરી, તેના વડે અહંભાવની વિલીનતા સાધી પોતે એકસ્વરૂપ ઈશ છે એવો અનુભવ કરે છે અને મનોમય તથા રૂપબદ્ધ સત્ત્વમાં ઈશના એક ભૂતાત્મક સ્વરૂપ રૂપે જન્મનો[1] સ્વીકાર કરે છે. આ સંભૂતિ ઉપર હવે દ્રષ્ટા કવિની સાચી દૃષ્ટિનું શાસન ચાલે છે ને એકવાર આવું થાય છે ત્યારે સંભૂતિ —આત્મા સાથે જરાજેટલીય અસંગત બનતી નથી; રૂપમાં રહેલો ઈશ અમૃતનો અનુભવ કરતો હોય છે તેમાં જન્મ વિઘ્ન બનવાને બદલે ઊલટાનું સાધન બની જાય છે.

આ આપણે માટે યોગ્ય માર્ગ છે. જન્મમરણની સાંકળમાં આપણે હમેશ માટે રહેવાનું નથી, ને તે જ પ્રમાણે શુદ્ધ અસંભૂતિમાંય જન્મથી ભાગીને પ્રવેશવાનું નથી. સ્થૂલમાં જન્મ લઈને આવવું એમાં કોઈ બંધન રહેલું નથી, બંધન તો છે પૃથક્ અહંભાવની અજ્ઞાન ભાવનાને જક્કી પણે પકડી રાખવામાં, શરીર નહીં પણ મન બાંધતી સાંકળને ઉત્પન્ન કરે છે.

**કર્મો અને જ્ઞાન**

૯. જ્યાં સુધી કર્મો અને જ્ઞાન અહંભાવી માનસિક પ્રકારનાં હોય છે ત્યાં સુધી કર્મોનો અને જ્ઞાનનો પરસ્પર વિરોધ રહે છે. માનસિક જ્ઞાન સાચું જ્ઞાન હોતું નથી; સાચી દૃષ્ટિ ઉપર, દ્રષ્ટાની, સૂર્યની, કવિની દૃષ્ટિ ઉપર રચાયેલું જ્ઞાન જ સાચું જ્ઞાન હોય છે. માનસિક વિચાર કંઈ જ્ઞાન નથી; એ છે સોનેરી ઢાંકણ કે જે સત્યના મુખ ઉપર, દૃષ્ટિ ઉપર, દિવ્ય વિજ્ઞાન ઉપર, સત્યચૈતન્ય ઉપર મુકાયેલું છે. જ્યારે આ ઢાંકણ ઉપાડી લેવામાં આવે છે ત્યારે દૃષ્ટિ માનસિક વિચારનું સ્થાન લે છે, સર્વતોગ્રાહી સત્ય વિજ્ઞાન—**મહસ્, વેદ, દૃષ્ટિ,** કકડે કકડે કામ કરનારી માનસિક ક્રિયાનું સ્થાન લે છે. વિજ્ઞાનમય સાચી બુદ્ધિ ઇન્દ્રિયાધિષ્ઠિત મનસ્‌ના આધાર પર ક્ષિપ્ત-વિક્ષિપ્ત બુદ્ધિનું જે કાર્ય થતું હોય છે ને એકમાત્ર જે શક્ય હોય છે તેમાંથી પ્રકટ

---

[1] જે સામાન્ય તત્ત્વદર્શનો 'જગત માયા છે' એવા ખ્યાલથી તરબોળ થયેલાં છે અને જેઓ માયાવાદને માર્ગે છેક સુધી જતાં નથી તેમને માટે પણ આ બાબત ઠોકર ખવરાવતો અંતરાય બની જાય છે. તેઓ કહે છે કે જન્મ અજ્ઞાનનો ખેલ છે, પૂર્ણ જ્ઞાન થતાં એનું અસ્તિત્વ ટકી શકતું નથી.

થાય છે. વિજ્ઞાન વિશુદ્ધ જ્ઞાને આપણને દોરી જાય છે, વિશુદ્ધ ચૈતન્યે આપણને લઈ જાય છે. ત્યાં આપણે છેક આપણા અસ્તિત્વના મૂળ સુધી સર્વમાં વિદ્યમાન ઈશની સાથે પૂરેપૂરી એકાત્મકતા અનુભવીએ છીએ.

પણ **ચિત્**માં સંકલ્પ અને દૃષ્ટિ એકરૂપે હોય છે. તે કારણથી વિજ્ઞાનમાં એટલે કે સત્ય-બોધમાં પણ સંકલ્પ અને દૃષ્ટિ સંયુક્ત સ્થિતિમાં હોય છે, મનમાં હોય છે તેમ એકબીજાથી વિયુક્ત અવસ્થામાં બિલકુલ હોતાં નથી, કેમ કે વિજ્ઞાન **ચિત્**માંથી જ્યોતિર્મય પ્રકારે પ્રકટ થાય છે. તેટલા માટે જ્યારે આપણને દૃષ્ટિ પ્રાપ્ત થયેલી હોય છે ને આપણે સત્યચૈતન્યમાં નિવાસ કરતા હોઈએ છીએ ત્યારે આપણો સંકલ્પ આપણી અંદરના સત્યનો સહજ ધર્મ બની જાય છે, એ આપણાં સઘળાં કર્મોને, એમના અર્થને અને ઉદ્દેશને જાણતો હોઈ માનવના ધ્યેય તરફ સીધેસીધો દોરી જાય છે. આ ધ્યેય હમેશાં હોય છે આનંદનો ઉપભોગ, ઈશના નિજાત્મામાં છે તે આનંદનો ઉપભોગ, અમૃતત્વની અવસ્થાનો ઉપભોગ. આપણાં કર્મોમાં પણ આપણે ભૂતમાત્ર સાથે એક બની જઈએ છીએ અને આપણું જીવન એકતાનું, સત્યનું ને દિવ્ય આનંદનું પ્રતીક બની જાય છે, ભેદભાવ, ભ્રમ અને સ્ખલનના બનેલા અહંતાના વક્ર માર્ગ ઉપર ગતિમાન થતું નથી. એક વાક્યમાં કહીએ તો આપણે આપણા જીવનનો જે ઉદ્દેશ છે તેને પાર પાડીએ છીએ અને એ ઉદ્દેશ છે આ કે-આપણે પૃથ્વી ઉપરના પાર્થિવ શરીરમાં જડ દ્રવ્યના પ્રતિરોધનો પરાભવ કરીને કે પારના લોકોમાં કે વિશ્વલોકની પારમાં પ્રવેશ કરીને દિવ્ય જીવનનો મહિમા અને પરમાત્મસત્તા આપણા અસ્તિત્વમાં પ્રકટ કરીએ.

---

Rs. 12.50